સળંગ અંક ૪૧ ★ સપ્ટેમ્બર-૨૦૧૦

શ્રી સ્વામિનારાયણ


માસિક

કિંમત રૂા. ૫-૦૦



દિવ્યતા અને અલૌકિકતાના
ઝરણા સમુ
શ્રી સ્વામિનારાયણ મ્યુઝિયમ

પ્રકાશક : શ્રી સ્વામિનારાયણ મંદિર, અમદાવાદ - ૩૮૦૦૦૧











૧. શ્રી સ્વામિનારાયણ મંદિર શિકાગોમાં ઠાકોરજીનો ષોડશોપચાર અભિષેક કરતાં મહંત સ્વામી જયપ્રકાશદાસજી, શા.સ્વા.શ્રીજીપ્રકાશદાસજી (નારણપુરા મહંત)અને સ્વા.હરિપ્રસાદદાસજી ૨. શિકાગો મંદિરમાં અન્નકૂટ દર્શન ૩. ચેરીહીલ શ્રી સ્વામિનારાયણ મંદિરમાં પ.પૂ.મોટા ગાદીવાળાશ્રીની શુભ નિશ્રામાં બહેનોની ભવ્ય સત્સંગ શિબિર અને બહેનો દ્વારા વિવિધ કાર્યક્રમોની ઝલક ૪. એડીલેટ (ઓસ્ટ્રેલીયા)મંદિરમાં હિંડોળા દર્શન. ૫. અમેરિકાના ફિનિકસ (એરિઝોના)માં મહેશભાઈના ઘેર દર્શન આપવા પધારેલ પ.પૂ. મોટા મહારાજશ્રી સાથે પૂ.બ્ર. રાજેશ્વરાનંદજી, પૂ.શા.સ્વા. નારાયણવલ્લભદાસજી તથા મહેશભાઈ,વિશાલભાઈ, બળદેવભાઈ,ઘનશ્યામભાઈ,સોમાભાઈ વગેરે હરિભક્તો.



શ્રી સ્વામિનારાયણ

શ્રી નરનારાયણદેવ પીઠસ્થાન મુખપત્ર

વર્ષ - ૪ | અંક: ૪૧ | સપ્ટેમ્બર-૨૦૧૦

અ નુ ક્ર મ ણિ કા

૧.	અસ્મદીયમ્	૨
૨.	પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીના કાર્યક્રમની તવારીખ	૩
૩.	શ્રી નરનારાયણદેવ માહાત્મય	૪
૪.	"કાર્ય સિદ્ધિ માટે તિલક ચાંદલો કરો"	૫
૫.	મધકું પીવત નહિ બડ ભાગ્ય	૮
૬.	શ્રાવણી પૂર્ણિમા	૧૦
૭.	મ્યુઝિયમ એ અમારા જીવનની આખરી શુભ વાસના છે - પૂજ્ય મોટા મહારાજશ્રી	૧૧
૮.	શ્રીહરિના અપરસ્વરૂપ તો અંતર્યામી જ હોય ને !	૧૩
૯.	ચેરીહીલ ન્યુજર્સી શ્રી સ્વામિનારાયણ મંદિરમાં બહેનોની સત્સંગ શિબિર	૧૪
૧૦.	આનંદની હેલી	૧૬
૧૧.	સત્સંગ સુરભિ	૧૭
૧૨.	સત્સંગ બાલવાટિકા	૧૮
૧૩.	ભક્તિ સુધા	૨૦
૧૪.	પ્રશ્નપેટી	૨૪
૧૫.	સત્સંગ સમાચાર	૨૫

संस्थापक
શ્રી નરનારાયણદેવ પીઠાધિપતિ
પ.પૂ.ધ.ધુ. આચાર્યશ્રી ૧૦૦૮
શ્રી તેજેન્દ્રપ્રસાદજી મહારાજશ્રી
શ્રી સ્વામિનારાયણ મ્યુઝિયમ
નારણપુરા, અમદાવાદ-૩૮૦ ૦૧૩.
ફોન : ૨૭૪૯૯૫૯૭ - ૯૮૨૫૩૦૯૫૯૭
ફેક્સ : ૨૭૪૧૯૫૯૭
www.swaminarayanmuseum.com

ફોન
૨૨૧૩૩૮૩૫ (મંદિર)
૨૭૪૭૮૦૭૦ (સ્વા. બાગ)
ફેક્સ : ૦૭૯ - ૨૭૪૫૨૧૪૫

શ્રી નરનારાયણદેવ પીઠાધિપતિ
પ.પૂ.ધ.ધુ. આચાર્યશ્રી ૧૦૦૮
શ્રી કોશલેન્દ્રપ્રસાદજી મહારાજશ્રીની આજ્ઞાથી
તંત્રીશ્રી
શાસ્ત્રી સ્વામી હરિકૃષ્ણદાસજી (મહંત સ્વામી)

પત્રવ્યવહાર
શ્રી સ્વામિનારાયણ માસિક કાર્યાલય
શ્રી સ્વામિનારાયણ મંદિર
કાલુપુર, અમદાવાદ-૩૮૦ ૦૦૧.
ફોન : ૨૨૧૩૨૧૭૦, ૨૨૧૩૬૮૧૮.
ફેક્સ : ૨૨૧૭૬૯૯૨.
www.swaminarayan.in
www.swaminarayan.info
એડ્રેસમાં ફેરફાર કરવા
E-mail : manishnvora@yahoo.co.in

લવાજમ
વાર્ષિક રૂા. ૫૦-૦૦
વંશપરંપરાગત
દેશમાં રૂ.. ૫૦૧-૦૦
વિદેશમાં : રૂા. ૧૦,૦૦૦-૦૦
છુટક નકલ : રૂા. ૫-૦૦

અસ્મદીયમ

૧૫ ઓગસ્ટ ૨૦૧૦ નો સુવર્ણ દિવસ એટલે અંગ્રેજોની ગુલામીમાંથી મહાન વિશાળ હિન્દુસ્તાન આઝાદ થયું. છ દાયકા ઉપરના સમયમાં દેશે અનેક પડકારો, ઝંઝાવાતો અને દુષ્કાળો, ભૂકંપો, અતિવૃષ્ટિ, વાવાઝોડા અને સૂનામી જેવી કુદરતી પ્રકોપનો સામનો કર્યો. આ બધી આપત્તિઓ સર્જનહારની દેન છે. એટલે તેમાં છેલ્લામાં છેલ્લી ટેકનિક કે આધુનિક વિજ્ઞાન વામણું પુરવાર થયું છે. પરંતુ ખૂબજ દુઃખની વાત છે કે આપણા અંદરના ક્ષત્રુ આંતકવાદી, નકસલવાદી, માઓવાદી આ દેશની પ્રગતિમાં અવરોધ કરે છે. અનેક નિર્દોષ લોકોને રોજેરોજ બરહેમીથી મારી નાખે છે. છતાં એના કાળજામાં કે કુમળા હૃદયમાં સહેજ પણ દયા કે માનવતા જેવી વાત નથી. તેમનો કોઈ કાયદો કે કોર્ટ નથી. તેને કોઈનો ડર નથી. જેને ઈશ્વરનો જ ડર ન હોય તે માણસ નહીં પણ રાક્ષસથી પણ બહેતર છે.

ભગવાન શ્રી સ્વામિનારાયણના સમયમાં અમદાવાદના હાલના ખોખરા વિસ્તારમાં લોલંગર બાવો અને તેના અનેક ચેલાઓ અડો જમાવીને રાત-દિવસ ચરસ, ગાંજો, અફીણ, દારૂનો નશો કરી અનેક નિર્દોષ લોકોને રંજાડતા છતાં તેની સામે કોઈ આંખ ઉંચી કરી શકતું નહીં. તેને ખબર પડી કે અમદાવાદમાં ભગવાન શ્રી સ્વામિનારાયણના આગમનથી લોકોમાં જાગૃતિ આવતી જાય છે પણ આપણે એ ચલાવવું નથી તેથી તેણે આપણા સંતોને હેરાન કરવાનુ શરૂ કર્યું. અરે ! જે સંતો ધારે તો અથવા સંકલ્પ કરે તો આખું બ્રહ્માંડ ચપટીમાં ચોળી નાખે તેવી સામર્થી ધરાવતા હતા. પણ મહારાજની આજ્ઞા હતી કે ગમે તેવું કષ્ટ આપે, ગાળો બોલે, મારે છતાં સહન કરવું પણ તેનું ભુંડુ થાય તેવો સંકલ્પ પણ ન કરવો. તેથી સંતો ને ખૂબજ હેરાન કરે છતાં સંતો ખૂબજ સહન કરતા. અરે હદ તો ત્યારે થઈ કે લોલંગર બાવો અનંત કોટી બ્રહ્માંડના અધિપતિને મારવા માટે આવ્યો ! આ જ તેનો કાળ તેને સામે ચાલીને બોલાવતો હતો. અને પછીનું જે પરિણામ આવ્યું તે તો આપણે સૌ જાણીએ છીએ. તેમ આપણા દેશના જેટલા આવા આંતકવાદી સંગઠનો છે તેનું છેલ્લે પરિણામતો અધોગતિ જ છે જે સમય બતાવશે. માટે આપણે તો સર્વોપરિ ભગવાન શ્રી સ્વામિનારાયણના આશ્રિત છીએ. એટલે આ ઘોર કળિયુગમાં આપણે શ્રી સ્વામિનારાયણ ભગવાનના ભજન સ્મરણમાં વધુને વધુ સમય વ્યતિત કરવો. જેથી જીવને થતા ખોટા ઘાટ સંકલ્પો ન થાય અને આપણું સર્વ પ્રકારે શ્રેય અને રૂડું થાય. એજ શ્રીહરિના ચરણોમાં પ્રાર્થના.

તંત્રીશ્રી (મહંત સ્વામી)
શાસ્ત્રી સ્વામી હરિકૃષ્ણદાસના
જયશ્રી સ્વામિનારાયણ

પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીના કાર્યક્રમની તવારીખ



(ઓગસ્ટ-૨૦૧૦)

૫. પ.પૂ. લાલજી મહારાજ ૧૦૮ શ્રી વ્રજેન્દ્રપ્રસાદજી મહારાજશ્રીનો ૧૩ મો પ્રાકટ્યોત્સવ પોતાના શુભ સાનિધ્યમાં ઉજવાયો.

૮. પ.ભ. કલ્પેશભાઈ જી. ચોકસીને ત્યાં પધરામણી, થલતેજ.
શ્રી સ્વામિનારાયણ મંદિર લાલોડા
શ્રી સ્વામિનારાયણ મ્યુઝિયમ પ્રસંગે પધરામણી.

૧૨. શ્રી સ્વામિનારાયણ મંદિર કાંકરિયા કથા પારાયણના પ્રારંભ પ્રસંગે.

૧૩. શ્રીજી ટાયર્સ સ્ફોર્ટમાં પધરામણી સોલારોડ.

૧૫. ગોઝારીયા ગામે પધરામણી.

૧૭. પ.ભ. ગોપાલભાઈ પટેલને ત્યાં કુજાડ ગામે પધરામણી.

૧૮. શ્રી સ્વામિનારાયણ મંદિર કાંકરિયા પારાયણની પૂર્ણાહુતિ પ્રસંગે પધરામણી.

૧૯. અ.નિ. પ.ભ. ઝવેરભાઈ પટેલ (મેડાવાળા)ના સ્મરણાર્થે આયોજીત શ્રી સ્વામિનારાયણ મહામંત્ર ધૂન્ય પ્રસંગે પધરામણી, શ્રી સ્વામિનારાયણ મંદિર નારણપુરા.
પ.ભ. કનુભાઈ પૂનાભાઈ પટેલને ત્યાં પધરામણી, જુના વાડજ.

૨૧. પ.ભ. ડૉ. જી.કે. પટેલને ત્યાં પધરામણી મહેસાણા.

૨૨. પ.ભ. રતીભાઈ જેરામભાઈ દેસાઈને ત્યાં પધરામણી, નરોડા.
પ.ભ. ભીખાભાઈ મુળજીભાઈ ક્યાડાને ત્યાં પધરામણી, નરોડા.
પ.ભ. બાબુભાઈ ટપુભાઈ આંસોદરીયાને ત્યાં મહાપૂજા પ્રસંગે પધરામણી, નિકોલ રોડ.

૨૩. ગામડી (જેતલપુર દેશ) ગામે પધરામણી.

૨૪. શ્રી સ્વામિનારાયણ મંદિર કાંકરિયા પધરામણી.

૨૫. પ.ભ. રસિકભાઈ બબલદાસ ગજજરના નવા ઓફસેટ મશીન યુનિટના ઉદ્‌ઘાટન પ્રસંગે પધરામણી, શાહીબાગ રોડ.

૨૬. પ.ભ. રસિકભાઈ દયાળજીભાઈ સોની ના ઘનશ્યામજ્વેલર્સ શોરૂમના ઉદ્‌ઘાટન પ્રસંગે પધરામણી, નવરંગપુરા.

શ્રી નરનારાયણદેવના ૨૪ કલાક દર્શન માટે જુઓ વેબસાઈટ

www.swaminarayan.in

ભારતીય સમય મુજબ આરતી દર્શન : મંગળા આરતી ૫-૩૦ ● શણગાર આરતી : ૮-૦૫ ● રાજભોગ આરતી ૧૦-૧૦ ● સંધ્યા આરતી ૧૯-૩૦ ● શયન આરતી ૨૦-૩૦

શ્રી નરનારાયણદેવ માહાત્મ્ય

- શા. સ્વામી દિવ્યપ્રકાશદાસજી
ગુરુ મહંત શા. સ્વામી હરિકૃષ્ણદાસજી



(ગતાંકથી ચાલું)

ભક્તો ! જ્યારે માણસને કોઈપણ વસ્તુ પદાર્થ મળે અથવા કોઈ વખાણ કરે ત્યારે એ જીવને અભિમાન આવે છે. દેવોને પણ પોતાનું રાજ્ય છે. સંપત્તિનું અભિમાન દરેકને આવે છે.

ભક્તો ! એકવાર સ્વર્ગના રાજા ઈન્દ્રને કુવિચાર સૂઝ્યો. શ્રી નરનારાયણ ભગવાનના કલ્યાણકારી તપમાં તેમને શંકા થઈ.

હે ભક્તો, જ્યારે પણ આપણા મનમાં સહેજ સંકલ્પ થાય કે આ દેવ કે દેવના સંતો અને એના ભક્તો ખોટા છે કે ડોળ કરે છે. ત્યારે તો આપણા જેવો અભાગી નર કોઈ નહી મળે. કારણ કે કોઈ કુસંગીના સંગથી પોતાના સંસ્કાર ઉપર કુસંગનો પડદો પડી જાય છે ત્યારે જ આ જીવ સંતનો કે ભક્તનો અવગુણ લે છે. અને જો ભૂલમાં પણ સંતનો અવગુણ લીધો કે તે સંતને વિશે કુવિચાર આવ્યો ત્યારે એમ સમજવું કે આપણે ભગવાનનો મોટો અપરાધ કર્યો છે. શ્રીજી મહારાજ કહે કે આ જે સંતો છે તે મારી મૂરતિ છે. તે ભેળા હું રહુ છું. મહારાજે સંતનો જો અવગુણ લેવાની ના પાડી હોય તો આજે ઈન્દ્ર છે તેને તો અક્ષરાધિપતિ શ્રી નરનારાયણદેવ ઉપર શંકા કરી છે ! ઈન્દ્રને એમ થયું કે આ ભગવાન તપ કરીને મારું ઈન્દ્રાસન તો નહી લઈ લેને ! તપમાં વિઘ્ન કરવા ઈન્દ્રે પરિવાર સાથે કામદેવને મોકલ્યા. કામદેવ ભગવાનનો મહિમા જાણતા ન હતા. તેથી અપ્સરાઓ વસંત તથા મંદ વાયુ વગેરે સુંદર સૈન્ય દ્વારા નરનારાયણદેવ ઉપર આક્રમણ કર્યું. અપ્સરાઓ કટાક્ષરૂપી બાણથી ભગવાનને વિંધવા માંડી. આદિ દેવ શ્રી નરનારાયણ ઈન્દ્રના અપરાધને જાણી ગયા. ગર્વ રહિત અને શ્રાપના ભયથી ધ્રૂજતા કામદેવ સામે જોઈને પ્રભુ બોલ્યા, હે કામદેવ ! હે વાયુ ! હે દેવાંગનાઓ ! તમે ડરશો નહી અમારો અતિથિ સત્કાર સ્વીકારો. તમારા વગર આ આશ્રમ સૂનો સૂનો છે.


હે ભક્તો ! વિચાર તો કરો ભગવાન કેટલા દયાળુ છે.

અતિ દયાળુ રે સ્વભાવ છે, સ્વામિનો. ભગવાનનો તો દયાળુતાનો જ સ્વભાવ છે. એમના તપમાં ભંગ કર્યો છતાં પણ કેટલી બધી સારી રીતે કામદેવનો સત્કાર કર્યો. અને જો સાધારણ જીવ હોય તો પોતાનું કોઈ ખરાબ બોલે કે તરત જ બોલવાવાળાને મારે છે. જે સહન ન કરી શકે તે જીવ છે અને જે સહન કરે તે ભગવાન છે. ભગવાને ઘણું સહન કર્યું છે. માટે તેમને ભગવાન કહેવાય છે. કામદેવ ભગવાનના દયાળુ અને નિર્માની વચનો સાંભળી ઘણો પસ્તાવો કરે છે.

દેવો ભગવાનને કહે છે હે પ્રભુ તમે બહુ તપસ્વી અને દયાળુ છો. આપની સેવા કરનારને દેવો અનેક વિઘ્નો કરે છે. હે પ્રભુ આપના ભક્તો દેવોના સ્થાન સ્વર્ગને ઓળંગીને આપના પરમપદ તરફ જવાય છે. (ત્યારે દેવો તરફથી વિઘ્ન આવે છે.) પરંતુ જે આપની સેવા કરતા નથી. યજ્ઞમાં ઈન્દ્રાદિ દેવોને તેઓનો ભાગ પુરોડાશ વગેરે આવ્યા કરે છે. તેવા લોકોને દેવો વિઘ્ન કરતા નથી. (એ રીતે ભગવાનનો સાચો ભક્ત હોય તો તેને દેવો જ વિઘ્ન કરે છે.) છતાં ભક્તો વિઘ્નોના મસ્કતે ઉપર પગ મૂકીને પરમપદને પામે છે. કારણ કે પ્રભુ તમે ભક્ત જનોના રક્ષક છો. કામદેવ આદિક દેવો ભગવાનને કહે છે. હે પ્રભુ અમે તો ભોગ ભોગવવામાં જ લાગ્યા રહીએ છે. આવા અમને પણ ઓળંગી કેટલાક પુરૂષો ખાબોચિયામાં ડૂબી જાય છે. કારણ કે તેઓ વ્યર્થ ક્રોધને વશ થઈને શાપ દઈને તપસ્યાને વ્યર્થ બનાવે છે.

દેવો સ્તુતિ કરતા હતા તેવામાં નરનારાયણ ભગવાને પોતાના યોગબળથી અદ્‌ભુત રૂપલાવણ્યવાળી રમણીઓને (દેવ-દેવીઓનો ગર્વ ઉતારવા) ઉત્પન્ન કરી. અને પોતાની સેવા કરતી તેઓને બતાવી. દેવોના અનુચરો સાક્ષાત્ લક્ષ્મી જેવી સ્ત્રીઓ જોઈને કાળા પડી ગયા અને મોહ પામ્યા. કામદેવ પણ તે સ્ત્રીને જોઈને મોહિત થયો ત્યારે શ્રી નરનારાયણ ભગવાને હસતા હસતા કહ્યું, આમાંથી જે સ્ત્રી સ્વર્ગના ભૂષણ સમાન હોય તે તમે માંગી લો. પછી પ્રભુ બોલ્યા. હે દેવો ! આ મારા ઉરૂમાંથી ઉત્પન્ન થયેલી બાળાને તમે સૂરલોકમાં (સ્વર્ગમાં) લઈ જાઓ અને ઈન્દ્રને આપજો. ભગવાનના ઉરૂમાંથી પ્રગટ થવાથી એ સ્ત્રીનું નામ ઉર્વશી પાડ્યું. ઉર્વશી નામે ઓળખાતી અપ્સરાને લેવા માટે દેવો ધ્રૂજતા ધ્રૂજતા આગળ આવ્યા. ઉર્વશીને લઈને ભગવાનને પ્રણામ કરીને દેવો સ્વર્ગમાં ગયા. ત્યાં સભામાં ઈન્દ્રને નમીને તેઓએ નારાયણ ભગવાનની સામર્થી કહી સંભળાવી. ત્યારે ઈન્દ્ર ત્રાસ પામ્યો અને વિસ્મિત થયો. એ રીતે નરનારાયણદેવનુ ચરિત્ર ત્રણે લોકમાં ગવાવા લાગ્યું. (ક્રમશઃ)

"કાર્ય સિદ્ધિ માટે તિલક ચાંદલો કરો"



- સાધુ પુરૂષોત્તમપ્રકાશદાસ (જેતલપુરધામ)

આપણા ઋષિમુનિયોએ સર્વ કાર્યની સિધ્ધિ માટે ભાલમાં તિલક ધારણ કરવાની પરંપરા આપી છે. જેને સફળતાનું પૂર્વ અને પૂર્ણ પ્રતિક માનવામાં આવે છે. કોઈપણ કાર્યની સિધ્ધિની અગમ વાણી તિલકથી જ માની લેવામાં આવે છે.

स्नानंदानं तथो होमो, देवता पितृकर्मच ।

तत्सर्व निष्फलंयाति ललाटे तिलकविना ॥

બ્રહ્મવૈવર્ત પુરાણમાં લખ્યું છે કે, સ્નાનમાં, તથા દાન આપવાના સમયમાં, તપશ્ચર્યા કરવામાં, જપ કરવામાં, પૂજા કરવામાં, પ્રાર્થના કરવામાં, યજ્ઞ યાગાદિ હોમકર્મમાં, કોઈ પ્રકારના દેવ કર્મ સત્કર્મ ના સમયમાં કોઈપણ પ્રકારના પિતૃ કર્મમાં, માળાજપ, દેવ દર્શન, નમસ્કાર, પ્રણામના સમયમાં લલાટમાં તિલક ચાંદલા સિવાય તે સર્વ કર્મનું ફળ જરા પણ મળતું નથી.

પૂજા કર્મના આરંભની ભૂદેવ શરૂઆત ત્યારે જ કરે - "यजमान भाले तिलकं कुर्यात" અર્થાત્ યજમાન તમે ભાલમાં તિલક ધારણ કરો.

ભગવાનની દશોપચાર પૂજા હોય કે ષોડશોપચારની પૂજા હોય પણ લલાટે અર્ચન તો અવશ્ય કરવું જ પડે.

શરીરનું સામ્રાજ્ય મસ્તકથી ચાલે છે. તેથી કોઈને પણ સમ્રાટ રાજા પદે બેસાડવાનો હોય ત્યારે તેને રાજ તિલક કરવામાં આવે છે. જેને તિલક કર્યું તેને અધિપતિ તરીકે સ્વીકારવામાં આવે છે. માનવ શરીરમાં દેવ, દાનવ, રાક્ષસ, પંડિત અને મૂર્ખને તેના લલાટ પરથી ઓળખી શકાય. અહીંથી સ્મરણ શક્તિ, દૃષ્ટિ, શ્રવણ, સંવેદના, અન્ય અદૃષ્ટ ક્રિયાઓનું સંચાલન થાય છે. અહીં ષટ્‌ચક્ર પૈકીનું "આજ્ઞા" ચક્ર છે. જે જ્ઞાન ચક્રથી ચેતનાનું સમગ્ર સંચાલન થઈ રહ્યું છે. આજ્ઞા ચક્ર તેજ ત્રીજું નેત્ર છે. દિવ્ય નેત્ર છે. યોગાભ્યાસથી તે નેત્રથી નિરાવરણ દૃષ્ટિ મળે છે. આજ્ઞા ચક્ર પર તિલક કરવાથી તેજ બળ ઓજસ્વિતા કાર્યન્વીત થાય છે. અને આત્મનિષ્ઠા, આત્મજ્ઞાન અને બ્રહ્મજ્ઞાન થવાના લક્ષણો ઉત્પન્ન થાય છે.

મસ્તક પર ચંદન, કંકુમથી તિલક ચાંદલો કરવાથી શિતળતા આવવાથી મન પ્રસન્ન રહે છે. અને મસ્તકમાં ઉદાસીનતા આવવાના કારણો જે "સેરાટોનિન" અને "બીટાએન્ડોરફીન" નામના રસાયણની કમીથી આવે છે. તે તિલક ચાંદલાથી બન્ને રસાયણોનો સ્રાવ થતા ઉદાસીનતા ઉદ્વેગ અને નકારાત્મક વિચારો દૂર થાય છે.

સામાજીક કાર્યોમાં, લગ્ન વિધિમાં વરકન્યા પરસ્પર તિલક કરે છે. અને મા-બાપને પણ કરવુ પડે છે. તેમજ કન્યાના મા-બાપ વરને ચાંદલો કરીને વધાવે છે. વળી, વહુની માં પુત્ર વધુને ઘરના ઉંબરે ચાંદલો કરીને વધાવે છે. વિદાયની વેળાએ તિલક કરી સન્માન કરવામાં આવે છે. વળી કોઈ પણ કાર્યમાં સફળ થઈ જાય વિજયી થાય તેને તિલક કરવામાં આવે છે. હારેલા ઉમેદવારને તિલક ચાંદલો ન હોય. તેથી જેણે ચાંદલો કર્યો તેનો સદાય વિજય વિજય વિજય જ છે. પરીક્ષા આપવા જતો વિદ્યાર્થી તથા યાત્રા પ્રસ્થાન કરવામાં તિલક કરવામાં આવે છે. યુદ્ધ કરવા લડવા માટે જતા સૈનિકને તિલક કરવામાં આવે છે. જીતીને આવનારને તિલક જે વિજયનું પૂર્વપ્રતિક ગણાય છે. અર્થાત્ સર્વ પ્રકારની શુભકામના તિલકના માધ્યમથી જ વ્યક્ત કરવામાં આવી રહી છે. વળી શુકન અપશુકનની દિશામાં જોઈએ તો તિલકવાળો વિપ્ર સામો મળે તો શુકન અને તિલક

વગરનો મળે તો અપશુકન ગણાય છે.

ઘણાની નજર પણ ક્રૂર અને ભારે હોય છે. તેની નજર આપણા પર આવે ત્યારે કંકુનો ચાંદલો તેની નજરને પરાવર્તિત કરી નાખે છે. વળી મલીન શક્તિનો ખરાબ પ્રભાવ પણ પડી શકતો નથી.

શુદ્ધ કંકુમાં હળદર હોય છે જે આરોગ્ય અને સૌંદર્યતાનું પ્રતિક છે. જે લગ્ન સમયે હળદરથી પીઠી ચોળવામાં આવે છે જે એક સુંદર રિવાજ છે.

પત્નીનું સૌભાગ્ય ચાંદલો છે. પતિ હયાત છે તેનો પુરાવો તેનો ચાંદલો છે.

ભવિષ્યપુરાણમાં લખ્યું છે કે,

सत्य शौचं जयो होमस्तार्थ देवादिपोपूजनम्।

तस्यव्यर्थमिदं सर्व चरित्र पुण्ड्रं न धारयेत् ॥

પ્રયાગ પારીજાતમાં લખ્યું છે કે,

उर्ध्वपुण्ड्रं म्रद्राकुर्यात् भस्मनातु त्रिपुण्ड्रकम्।

उभयं चन्द्रननैव अभ्यङ्गोत्सव रात्रिपु ॥

ललाटे तिलकंकृत्वा सन्धयाकर्म समाचरेत।

अक्त्वा भाल तिलकं तस्यकर्म निरर्थकम् ॥

એટલે કે સંધ્યા-સત્કર્મ સત્ય, જપ, તપ, દાન, હોમ દેવાદિપૂજન વંદન નમસ્કાર તિલક વગર પુણ્ય ફળ મળતું નથી.

સર્વાવતારી શ્રી સ્વામિનારાયણ ભગવાને શિક્ષાપત્રી સામાન્ય ધર્મમાં પૂજા પ્રકરણ શ્લોક નં. ૪૨-૪૩ માં ગોપીચંદન વડે તિલક ઉર્ધ્વપુણ્ડ્ર અને રાધા-લક્ષ્મીની પ્રસાદી કંકુ વડે મધ્યમાં ગોળ ચાંદલો કરવો. એવી આજ્ઞા કરી છે. વૈષ્ણવ ધર્મની પરંપરામાં ઉર્ધ્વપુણ્ડ્ર તિલક કરવામાં આવે છે. શ્રીજી મહારાજે વૈષ્ણવી પરંપરા સ્વીકારીને તિલક રાખીને મધ્યમાં ગોળ ચાંદલો કરવાની આજ્ઞા કરી છે. તેથી ઉદ્ધવ સંપ્રદાયની ઓળખ ઉર્ધ્વપુણ્ડ્ર તિલક અને ચાંદલો નક્કી કરવામાં આવી. તિલકને ભગવાનના બે યુગલ ચરણોના પ્રતિક તરીકે અને ચાંદલાને લક્ષ્મીના પ્રતિક તરીકે માનવામાં આવે છે. અંકની દૃષ્ટથી જોઈએ તો એકસોને એક તરીકે નક્કી થાય છે. એટલે કે ઉર્ધ્વપુણ્ડ્ર તિલક સહિત ચાંદલો કરવા વાળો એકસોને એક ટકા સ્વામિનારાયણ ભગવાનનો આશ્રિત થયો છે. જે એકસોને એક ટકા સમર્પિત થયો છે. તેના યોગક્ષેમઅને ચારેય પુરૂષાર્થ એકસોને એક ટકા સિધ્ધ થયા.

સર્વાવતારી પૂર્ણ પુરુષોત્તમશ્રી સ્વામિનારાયણ ભગવાનના વચનનું ખૂબજ મહત્વ છે. દેવ-ઈશ્વર પુરુષ-અક્ષર સુધીના મુક્તો શ્રીહરિના વચનથી તેને કોટી સુધી પહોંચ્યા છે. તે શ્રીહરિએ આપણને ઉર્ધ્વપુણ્ડ્ર તિલક ચાંદલો કરવાની આજ્ઞા કરી છે. આવા સાવ સરળ-સહજ-સામાન્ય વચન જો માની ન શકાય તો કઠણ વચન તો માનવાની વાત તો બહુ દૂર છે. એક પણ વચન બિન ઉપયોગી ફાલતું નથી. સહેલાં સહેલાં થી પાળવાનું ચાલુ કરીએ તો કઠણ વચન કઠણ હોવા છતાંય સરળ સહજ લાગશે. પણ વચન પાળવાની શરૂઆત કરવાનો જ સવાલ છે!

પ્રત્યેક સંપ્રદાયમાં તેના ઈષ્ટદેવ પૂજનીય દેવ મત (સિદ્ધાંતની) તિલક, શાસ્ત્રો, આચાર્ય, દીક્ષા મંત્ર, સાધુ અને આશ્રિતની પરિભાષા ઓળખ નક્કી કરવામાં આવેલી હોય છે. તેથી તેને ઓળખનો જેવો પ્રચાર-પ્રસાર મહત્વ, સમર્પણ - સ્વીકાર કરવામાં આવે તે સંપ્રદાયની તેવી સિધ્ધિ મળે છે. અને અનુયાયી ને તેનો તેવો લાભ થાય છે. જગતમાં આપણા સંપ્રદાયની સિધ્ધિ અને પ્રસિદ્ધિ અને અનુયાયીને તેનો લાભ થવામાં સંપ્રદાયનું પૂર્ણ પ્રતિક ઉર્ધ્વપુણ્ડ્ર તિલક ચાંદલો સત્સંગી માટે ખૂબજ મહત્વનું અંગ છે. જેમ પૂજાની શરૂઆત તિલકથી થાય છે તેમ સત્સંગની શરૂઆત તિલક ચાંદલાથી છે. તિલક વગરનો સત્સંગ ગળપણ વિનાના ભોજન જેવો છે. તે ભલેને પવિત્ર વારસામાં મળેલ હોય, પણ અંતે તો અમાવાસ્યાના ચંદ્રની જેમ તેની કળાઓ અંતે ઘટતી જ રહેશે. જેમ કોઈ બ્રાન્ટ કંપનીની ઓળખ તેના સિમ્બેલ લોગાથી હોય છે. ખરીદનાર તે લોગો જોઈને તેમાં સમ્પૂર્ણ વિશ્વાસ રાખે છે. એમ આપણા સંપ્રદાય-ઈષ્ટદેવની ઓળખ પ્રતિક આપણા દેહ-શરીર-કાયાના મહત્વના સ્થાન મસ્તક કપાળમાં રાખવામાં આવતા તિલકથી છે.

આપણા ઋષિ મુનિઓએ બનાવેલા પુરાણોમાં કહ્યું કે જે સંપ્રદાયનું પ્રતિક તેનો અનુયાયી રાખતો નથી તે

સંપ્રદાયની અને અનુયાયીની પ્રગતિ થતી નથી. સંપ્રદાયના પ્રચારમાં એક એક સત્સંગીનો હિસ્સો હોય છે. જે તિલક ચાંદલાથી શરૂ થાય છે. સંપ્રદાયની શોભા, શણગાર સર્વ પ્રથમ તિલક ચાંદલો છે. ખૂબજ ભાવથી કરવામાં આવે તો શ્રીજી મહારાજની બીજી આજ્ઞાઓ સરળતાથી પાળવાનું ભગવાન બળ આપે છે. કોઈ વિદ્યાર્થી પરીક્ષા આપવા જાય અથવા નોકરી માટે ઈન્ટરવ્યુ આપવા જાય ત્યારે ચાંદલો કરેલો હોય તો તેનો સાનુકુળ પ્રતિસાદ જરુરથી મળે છે. તેવા અનંત દાખલાઓ નજર સામે છે. તિલક ચાંદલો અસ્તવ્યસ્ત નહિ પણ સુંદર સુવ્યવસ્થિત સ્થિતિમાં હોવો જોઈએ. કેટલાક લોકો બહુંજ મોટો ભડકી જવાય એવો ચાંદલો કરે છે. તો કેટલાક બહુંજ ઝીણી સાઈઝનો કરતા હોય છે. પરંતુ આપણા સંતોએ ચાંદલાનું માપ જણાવ્યું છે કે અનામિકા અંગુલી જે તર્જની છેલ્લીની બાજુની છે તેના અગ્રભાગ જેવો ચાંદલો કરવો. હૃદયમાં ભગવાનની મૂર્તિને ધારણ કરવી અને સ્થૂળદેહના મસ્તક પર ઉર્ધ્વપુણ્ડ્ર તિલક ચાંદલો રૂપે ભગવાનને ધારવાથી વ્યવહારિક તથા આધ્યાત્મિક કાર્યોમાં સફળતા મળે છે. અને તેવા સત્સંગીનું જીવન જ ભક્તિના સ્વરૂપમાં પરિણમે છે. સર્વોપરિ ભગવાન સર્વોપરિ સંપ્રદાય અને સર્વોપરિ તિલક ચાંદલો.

કેટલાક લોકો મનસ્વી બચાવમાં સવાલ કરતા હોય છે કે, શું ચાંદલો કરવામાં બધું આવી જાય છે ? બીજી આજ્ઞાઓ પાળવી પડતી નથી ? તો તેનો જવાબ છે કે, ભલે ચાંદલો કરવાથી બધું આવી જતુ નથી, પણ મહારાજની આજ્ઞા પાળવાની શરૂઆત તો તિલક ચાંદલાથી જ થાય છે. સનાતન સત્ય સિદ્ધાન્ત છે. તિલક ચાંદલા વગરનો સત્સંગી હોય તે સાધનો સત્સંગ કરતો હોય છતાં તેમાં ભગવાનનું બળ જરાય હોતું નથી. તેની આધ્યાત્મિક યાત્રા ક્યારે અટકી જાય તેનું નક્કી નહિ. અને તેની વાત પણ બળ વગરની હોય જ હોય છે. તેની વાતો ગોળગોળ હોય છે. અસરકારક હોતી નથી. તિલકવાળો ભગવાનથી વિભૂષિત બને છે. માટે ઉર્ધ્વપુણ્ડ્ર તિલક ચાંદલો કરીને શીર સાટે સ્વામિનારાયણ ભગવાનને મસ્તક પર ધારણ કરીએ અને સંપ્રદાયની શોભા વધારીએ. વાત કરી એ "તન, મન, ધન જાય વારી" પણ શરીર પર તિલક ચાંદલા જેટલી જગ્યા ભગવાનને આપવાની શક્તિ નથી. ગ્રીષ્મઋતુના દિવસોમાં પણ તિલક ચાંદલાને બચાવી રાખવો.

શ્રી સ્વામિનારાયણ માસિકના જે નવા આજીવન સભ્યો બનશે તેમને સુંદર ભેટ મળશે

પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીના આશીર્વાદથી અને પૂ. મહંત સ.ગુ.શા.સ્વામી હરિકૃષ્ણદાસજીની પ્રેરણાથી આપણા પ.ભ. હાર્દિકકુમાર દશરથભાઈ પટેલ (વડુવાળા-હાલ ઓસ્ટ્રેલીયા) તરફથી શ્રી સ્વામિનારાયણ માસિકના હવે જે નવા સભ્યો થાય તેમને શિક્ષાપત્રી નિત્ય નિયમ સાથેની પાકી દળદાર પુસ્તિકા ભેટ આપવામાં આવશે. નોંધ : જે નવા આજીવન સભ્યો થાય તેમને જ આ ભેટ આપવામાં આવશે.

ગત જાન્યુઆરી ૨૦૧૦ ના અંકમાં પ્રકાશિત લેખ "પેશ્વાઈ ગઈ ને સહજાનંદ સ્વામી અમદાવાદમાં પુનઃ પધાર્યા" તે ખરેખર તિથિ અને તારીખ ફાગણ સુદ-૩ રવિવાર તા. ૨૪-૨-૧૮૨૨ છે.

(ભૂપેન્દ્ર ધોળકિયા, વિરમગામવાળા)

શ્રી નરનારાયણદેવ ધાર્મિક પરીક્ષા અંગે

શ્રી નરનારાયણદેવ ધાર્મિક શિક્ષણ વિભાગના સંચાલકોને ખાસ જણાવવાનું કે પ.પૂ. લાલજી મહારાજશ્રીની આજ્ઞાથી આ વરસે પરીક્ષા ફક્ત ૨ ભાગમાં લેવામાં આવશે. (૧) બાળ સત્સંગ અને (૨) કિશોર સત્સંગ જે પુસ્તિકા પ્રકાશિત થઈ ગઈ છે. આપણા કાલુપુર શ્રી સ્વામિનારાયણ મંદિરથી શ્રી નરનારાયણદેવ ધાર્મિક શિક્ષણ વિભાગ કાર્યાલયમાંથી મળશે. વહેલાસર મેળવી લેવી. આગામી પરીક્ષા તા. ૨૬-૧૨-૨૦૧૦ ને રવિવારે લેવામાં આવશે. અન્ય માહિતી માટે ધાર્મિક શિક્ષણ વિભાગ કાર્યાલય, શ્રી સ્વામિનારાયણ મંદિર, કાલુપુર, અમદાવાદ સંચાલકશ્રી રણછોડભાઈ દેવાણીનો સંપર્ક કરવો.

મદ્યકું પીવત નહિ બડ ભાગ્ય

- શાસ્ત્રી અભયપ્રકાશદાસજી
ગુરુ સ્વામી દેવપ્રકાશદાસજી (નારાયણઘાટ)

સ.ગુ. પ્રેમાનંદ સ્વામી હવે મદિરા પાન નો નિષેધ ફરમાવી રહ્યા છે. લગભગ દરેક ધર્મના શાસ્ત્રોમાં જેમ માંસ ભક્ષણનો નિષેધ કરે છે. તેમ મદિરા પાનનો પણ ખૂબજ દૃઢતા પૂર્વક નિષેધ કરેલો છે.

શિક્ષાપત્રીમાં '૧૫' માં શ્લોકમાં ભગવાન સ્વામિનારાયણ કહે છે કે ..... "અને ત્રણ પ્રકારની સુરા અને અગિયાર પ્રકારનું મદ્ય તે દેવતાનું નૈવેદ્ય હોય તો પણ ન પીવું." "૩૧" માં શ્લોકમાં કહ્યું "અને જે ઔષધ દારૂ તથા માંસ યુક્ત હોય તે ઔષધ ક્યારેય ખાવું નહી અને પીવું પણ નહીં."

સત્સંગિ જીવનમાં પાંચમાં પ્રકરણમાં "૪૩" માં અધ્યાયમાં સ્વયં શ્રીહરિ શિવરામ વિપ્રને મહાપાપોની સમાન પાપોની ગણતરીમાં દારૂપાનને પણ એ મહાપાપ ગણાવે છે.

મુસ્લિમધર્મના ગ્રંથ "કુરાન" માં "૯૦" મી આયાતમાં એમ કહ્યું છે. ..... "હે ઈમામવાલો, તમે દારૂ ન પીશો. દારૂ એ શેતાનની કારીગરી છે. દારૂ પીવાથી તમારામાં શેતાન પ્રવેશે છે. અને દુશ્મનાવટ ઉભી કરાવવા માગે છે. દારૂ અને જુગાર તે નાપાક ચીજ છે. દારૂ પીવાથી મનુષ્યમાં શેતાનનો વાસ થાય છે. અને તેનામાં રાગ દ્વેષ હિંસા વગેરે દુર્ગુણો ઘર કરીને રહે છે. છતાં તું જો દારૂ પીશે તો ખુદાની બંદગી અને જીકથી શેતાન તને દૂર કરી દેશે. માટે તું દારૂ જેવી નાપાક ચીજનું સેવન ન કરીશ."

બાઈબલમાં ઈસુએ કહ્યું છે ..... "જે દારૂ પીવે છે તે મારુ લોહી પીવે છે. જો તું દારૂ નહીં પીવે તો તું પરમાત્માના ગુણ તારામાં ઉતારી શકીશ."

ગુરુ ગ્રંથ સાહેબમાં નાનકે કહ્યું છે ..... "ભાંગ મછલી, સુરાપાન જો પ્રાણી ખાહી. તીરથ, વ્રત, નેમકીયે, સબે રસાતલ જાહી." મદ્ય તજી દિજીએ યહી સદ્‌ગુરુ આન હૈ"

માધવનિદાન નામના આર્યુવેદના ગ્રંથમાં લખ્યું છે.

"ये विषस्य गुणाः प्रोक्तास्ते मद्ये प्रतिष्ठिताः ।"

ઝેરના જે ગુણ છે તે જ દારૂના ગુણ છે.

આમ સર્વ ધર્મ શાસ્ત્રમાં તો દારૂનો નિષેધ છે. અને આજના વૈજ્ઞાનિકો અને મેડીકલ દૃષ્ટિએ પણ દારૂ પીવાની ના કહે છે. મેલબોર્ન યુનિવર્સિટીએ એવું વિધાન કર્યું છે કે. "દારૂના સેવનથી શરીરના પ્રત્યેક અવયવને નુકશાન પહોંચે છે. શરીરમાં એક પણ અવયવ એવો નથી કે જે દારૂથી નુકસાન પામતો ન હોય."

'નેશનલ ઈન્સ્ટીસ્યુટ ઓફ ફ્રાન્સે' ઈ.સ. ૧૯૫૫ માં જાહેર કર્યું હતું કે, "ફ્રાન્સમાં દારૂના સેવનથી રોગગ્રસ્ત થઈને ૧૭૦૦૦ માણસો મૃત્યુ પામ્યા હતા. ત્યાર પછી દર વર્ષે આ સંખ્યામાં સતત વધારો થતો ગયો છે.

"ડૉ. ઓલ્સરે વિધાન કર્યું છે કે, "દારૂ પીવાથી ફાયદો થાય છે. તે વાતમાં તથ્ય નથી. પરંતુ મિત્રો તેનાથી જે તારાજી થાય છે. તે તમારી નજર સામે છે. માટે કોઈ દારૂને અડશો પણ નહિ.

આટલો નુકશાન કારક હોવા છતા પણ લોકો દારૂ શા કારણથી પીવે છે. એ વિચાર માટે ન્યુયોર્કમાં ખ્યાતનામ વૈજ્ઞાનિકો એ ભેગા થઈ તારણ કાઢ્યું કે લગભગ આ આઠ કારણોસર માણસ દારૂની લતે ચડી જતો હોય છે.

(૧) દુઃખ ભૂલવા માટે : જ્યારે કોઈ વ્યક્તિને જીવનમાં અણધાર્યું દુઃખ આવી ચડે છે. અને એ દુઃખ દૂર કરવાના પ્રયત્નો કરવા છતા પણ જ્યારે દુઃખ દૂર થતું નથી. અને જ્યારે તેને દુઃખ દૂર કરવાનો કોઈ રસ્તો દેખાતો નથી ત્યારે તે ટેન્શનમાં ને ટેન્શનમાં પોતાનું દુઃખ ભૂલવા માટે વ્યક્તિ દારૂની લતે ચડી જતો હોય છે. અને ક્યારેક વધુ પડતી મહેનતને કારણે શરીરમાં આવતા તણાવને દૂર કરવા પણ શરાબ પીતો હોય છે. પણ આમ શરાબ પીવાથી કાંઈ મનનું કે તનનું દુઃખ દૂર થતું નથી. ઉપરથી વધે છે. પોતે દુઃખ ભૂલવા શરાબ પીવે પણ જ્યારે સમાજને ખબર પડે ત્યારે સમાજમાં રહેલી એની આબરૂ પણ ઓછી થઈ જાય છે. અને ઉપરથી પોતાને

અને પોતાના પરિવારજનોને પણ દુઃખ વધી જતું હોય છે. માટે એક કવિએ સુંદર કહ્યું છે.

''जो खुदाकी लीला नही जानते, वो ही नशे में जीते है।
जो गम पीना नही जानते, वो ही शराब पीते है ॥

(૨) બેકારીથી : માણસ પૈસા કમાવવા માટે, પોતાના પરિવારજનોનું પાલન પોષણ કરવા માટે આમથી તેમવલખા મારે છે. પણ જ્યારે પોતે પુરતા પૈસા કમાઈ શકતો નથી ને ગરીબાઈથી લપેટાઈ જાય છે ત્યારે એવી બેકારીના કારણે કોઈક વ્યક્તિ દારૂની લતે ચડી જતા હોય છે. પણ આમ કરવાથી ગરીબી મટતી નથી ઉપરથી જે થોડા પૈસા કમાય છે. તે પણ દારૂમાં વેડફાઈ જાય છે.

(૩) વ્યવસાય નિમિત્તે : ઘણા લોકો પોતાના વ્યવસાયને કારણે દારૂ પીતા થઈ જતા હોય છે. જેમ કે રાત્રી દરમ્યાન ડ્રાઈવીંગ કરતા ટ્રક ચાલકો, આખી રાત જાગવાનું હોવાથી દારૂનો આશરો લેતા હોય છે. એવી જ રીતે રાત પાળી કરતા મજુરો, રાત્રી દરમ્યાન થતા ડાયરાના ઘણા ખરા કલાકારો, કલબો ચલાવતા લોકો, આ સર્વે પણ જાણતા અજાણતા દારૂના વ્યસનનો શિકાર બની જતા હોય છે.

(૪) દવા તરીકે : બિમારીમાં દારૂ મિશ્રિત દવાઓ દ્વારા પેટમાં અમુક અંશે દારૂ જતો હોય છે. બીજુ ઘણા અણસમજણ વાળા વ્યક્તિઓ ઠંડીથી રક્ષણ મેળવવા દારૂ પીતા હોય છે. એ લોકો એમ માનતા હોય છે કે દારૂના કારણે શરીરમાં ગરમી આવી જાય છે. પણ વાસ્તવમાં વૈજ્ઞાનિક દૃષ્ટિએ સમજીએ તો જ્યારે વ્યક્તિ દારૂ પીવે છે. ત્યારે દારૂ પીવાની થોડી જ ક્ષણોમાં લોહીમાં ઉપાળ આવે છે. પરિણામે રક્તવાહિનીઓ ફૂલી જાય છે. અને પહોળી થઈ જાય છે. જેના કારણે લોહી વધુ વહેવા માંડે છે. પરિણામે હૃદય વધુ ઝડપથી ધબકવા માંડે છે. અને રુધિરાભિસણ તંત્ર સતેજ થતા શરીરમાં રહેલી ગરમી ચામડી ઉપર આવે છે જેથી તેમને એમ લાગે છે આપણે દારૂ પીવાથી ગરમ થયા. પરંતુ દારૂ પીવાથી શરીરમાં ચાલતી વ્યવસ્થા બગડી જાય છે. જેના કારણે અનેક રોગો થતા હોય છે.

(૫) સંગને કારણે : ઘણીવાર ખરાબ મિત્ર વર્ગનો સંગ થતા તેમની સાથે સાથે ધીરે ધીરે પોતે પણ શરાબ પીતા થઈ જતા હોય છે.

(૬) કુટુંબના કુસંસ્કારને કારણે : કોઈક પરિવારમાં પતિ-પત્નિ બંને શરાબ પીતા હોય, ફ્રીજમાં જ દારૂની બોટલો પડી રહેતી હોય પછી તેના બાળકો પણ પીતા થાય છતાં પણ રોકટોક ન થાય એવા કુટુંબીક કુસંસ્કારને કારણે પણ દારૂ પીવાતો હોય છે.

(૭) મનોરંજન માટે : ઘણા અમીરો પાર્ટીઓમાં ગયા હોય અથવા પોતાને ઘેર પાર્ટી હોય અથવા તો ક્યાંક કલબોમાં ગયા હોય ત્યાં કેવળ મનોરંજન માટે પણ દારૂ પીવાતો હોય છે.

(૮) જીજ્ઞાસાથી : લાવ ને જોવું તો ખરો આ બધા પીવે છે. તો લાગે છે કેવો ? એવી જીજ્ઞાસાથી પણ દારૂ પીતા હોય છે.

આમ આઠ પ્રકારે વ્યક્તિ દારૂ પીવે છે. આપણે પીતા તો નથી પણ જીવનમાં સચેત રહેવાનું કે કદાચ આવો કોઈપણ સંજોગ જીવનમાં આવી જાય તો પણ આપણે દારૂની લતે ન ચડીએ. કારણ કે આજ સુધી દારૂ પીને ફાયદો થયો હોય એવો લગભગ પ્રસંગ બન્યો નથી. દારૂ પીવાથી તન પણ રોગીષ્ટ બને છે. મન પણ મલીન બને છે. ધન પણ નાશ પામે છે. યશ અને કીર્તિ પણ નાશ થઈ જાય છે. જે આપણે સમાજમાં જોઈએ જ છીએ.

''અગ્નિ બાળે કોઈકને, ઝેર ચડે તે જાય,
દારૂ પીવે એક તો, કુટુંબ કાસળ જાય. ''

નીચેના મહામંદિરોમાં નિત્ય દર્શન માટે

જેતલપુર : www.jetalpurdarshan.com
મહેસાણા : www.mahesanadarshan.com
છપૈયા : www.chhapaiya.com
ટોરડા : www.gopallalji.com

શ્રાવણી પૂર્ણિમા

- સાધુ ઘનશ્યામપ્રકાશદાસ, જમીયતપુરા (મહંત સ્વામી માણસા)

પૂર્ણિમા એ પૂર્ણતાનું પ્રતિબિંબ છે. સોળે કળાએ ખીલેલા શશીએ ચોમેર પાથરેલા શીતળને શાંત તેજપુંજથી સમગ્ર ગગન શોભી ઉઠે છે. પૃથ્વી સહિતની સર્વે દિશાઓ ચમકી ઉઠે છે ને સર્વે વનસ્પતિઓ ખીલી ઉઠે છે. પૂર્ણતા પામવી સહેલી નથી છતાં અશક્ય પણ નથી તેથી કોઈક પૂર્ણતા હાંસલ કરે પણ ખરા. પરંતુ પૂર્ણતા પામ્યા પછી તે પૂર્ણતાને ચોમેર પ્રસરાવવી એ અતિ દુષ્કર અને દુર્લભ છે. માટે જ ભગવાન સ્વામિનારાયણે કહ્યું છે કે, "જે ભક્ત બધામાંથી કેવળ ગુણ જ ગ્રહણ કરે અને અવગુણનો ત્યાગ કરી દે તે પૂનમના ચંદ્ર જેમ વધતો જાય છે." સાધનાના પહેલા જ સોપાનથી જે ગુણ ગ્રાહક દ્રષ્ટિ અને વૃત્તિ કેળવી લે તે બધા વધતા વધતા અંતે પૂર્ણતા પ્રાપ્ત કરી લે છે. આમ છતાં સોળે કળાએ ખીલેલા કમળની માફક સૌંદર્યનું પ્રતિક બની એક સરોવરની શોભા બની બેસી રહેવાનું ઉચિત નથી પણ પૂનમના ચાંદ માફક ચહુ દિશે રોશની ફેલાવી સૌને ઓજસ્વિતા બક્ષી પૂર્ણતા તરફ પ્રેરવા એ આદર્શ છે.

મહિને-મહિને ચાંદ ખીલે છે ને ચાંદની ફેલાય છે. પણ શ્રાવણ મહિનાની રોશની ભીનાશના ભારથી ભીની ભીની લાગે છે. ભક્તિનાં ભાવ નીતરતીને તપસાના તેજ ઉભરતી, દાનેશ્વરીઓના છૂટા હાથે દેવાતા દાનથી મલપતી, વળી કુમળી કિશોરીઓના વ્રત જોઈ મલકાતી ને મંદિરોના નગારા-તગારાને ઘંટનાદોથી ગગન ગજાવતી રીમઝીમ રીમઝીમ છાંટણા વર્ષાવતીને ધરતીને હરિયાળી લીલી ઓઢણી લહેરાવતી, પીપળે પાણીને શિવજી ઉપર અભિષેકથી શ્રધ્ધા વધારતી, ફુલોના ગુચ્છોની અવનવી સજાવટોથી શણગારેલા હિંડોળે વ્હાલસોયા શ્રીહરિવરને હેતથી હિચોળતી કાચા ધાગાના તાંતણે રક્ષાના બંધને બાંધતી શ્રાવણી તો શ્રાવણી નાળિયેરી પૂનમ બની દરિયાને પણ પૂજાવતી !!! પૂનમોમાં શિરમોડ અને મહા મહિમાવંતી શ્રાવણી પૂનમના - શીતળ તેજમાં આવો, તારે વિંટ્યો ચાંદ સમાં શ્રીહરિને હૈયામાં સમાવી લઈએ. જીવનમાં વધુ એક આવતા સુખના સોપાનને આત્મ સાત કરીએ.

લેખકોને વિજ્ઞપ્તિ

શ્રી સ્વામિનારાયણ માસિક માટે લેખો મોકલતી વખતે લેખકોએ આટલું ધ્યાનમાં રાખીને લેખ મોકલવા.

- લેખની કોપી જોડણી કોશ પ્રમાણે શુધ્ધ લખાણમાં મોકલવી.
- સંપ્રદાયના સિદ્ધાંત અને મર્યાદા મુજબ અને અન્ય કોઈના ઉતારો અથવા બીજે પ્રસિદ્ધ અથવા પ્રકાશિત થયેલું લખાણ ન મોકલવું. જે શરત ચૂકથી છપાશે તો સંપૂર્ણ જવાબદારી જે તે લખનાર લેખકની રહેશે.
- લેખના અક્ષરો સુવાચ્ય હોવા જોઈએ.
- અંગ્રેજી કે સંસ્કૃત શ્લોક શુદ્ધ અને વાંચી શકાય તેવા અર્થ સાથે ચોખ્ખા લખવા.
- લખાણ ટુંકુ અને મુદ્દાસર હોવું જોઈએ.

મ્યુઝિયમ એ અમારા જીવનની આખરી શુભ વાસના છે - પૂજ્ય મોટા મહારાજશ્રી

-પ્રો. સૂર્યકાન્ત ભટ્ટ (ભુજ-કચ્છ)



ગુરુ પૂર્ણિમાનું માહાત્મ્ય તમામ સંપ્રદાયોમાં છે. આ શુભ પ્રસંગે આચાર્ય મહારાજશ્રીનું વેદોક્ત મંત્ર પુષ્પોથી પૂજન, રવિવાર તા. ૨૫-૭-૨૦૧૦ના રોજ અમદાવાદ મંદિરના વિશાળ સભાગૃહમાં સંતો હરિભક્તો દ્વારા યોજવામાં આવેલું. શુભાશીર્વાદ પ્રવચન સમયે અત્યંત પ્રસન્નતાથી પૂજ્ય મોટા મહારાજશ્રી તેજેન્દ્રપ્રસાદજી મહારાજશ્રીએ અત્યંત મનનીય પ્રવચન અર્પતાં જણાવ્યું હતું કે, "આજે તો અમારે આપ સૌ પાસેથી આગામી મ્યુઝિયમ મહા મહોત્સવ નિર્વિઘ્ને અત્યંત દબદબાભરી રીતે ઉજવાય એ માટેના આશીર્વાદ માંગવા છે.

સ્વબાલ્યાવસ્થાના અમૂલ્ય પ્રસંગોની પ્રસંગોચિત વાત કરતાં તેઓશ્રીએ વર્ણવ્યું હતું કે, "અમારા બાપુજીએ અમને અમારા દાદાની ઓળખાણ કરાવી હતી ત્યારે અમે ચાર પાંચ વર્ષના હતા. ભગવાન તરીકે તો ત્યાર બાદ જીવનમાં દાદાની અપાર ચમત્કૃતિઓ નિત્ય પ્રાપ્ત થતી રહી અને અમારી શ્રધ્ધા તથા ભક્તિ વધતા ગયા. ઘણીવાર એવું બનતું કે અમારાથી સ્કૂલનું હોમવર્ક ના થયું હોય ત્યારે શિક્ષક અમને પ્રશ્ન ના પૂછે તે માટે દાદાને પ્રાર્થના કરતા અને વાસ્તવમાં અમને પ્રશ્ન ના પૂછાતો. એવી જ રીતે વર્ષાદ આવતો હોય ત્યારે સ્કૂલે જવાનું મન ન થાય અને દાદાને પ્રાર્થના કરું કે તરત જ માતુશ્રી કહેતા, "આજે વરસાદ છે, સ્કૂલે ના જતા." આવું થતાં એમ જરૂર લાગતું કે આ દાદા તો આપણી વાત સાંભળે છે, માને છે ને ખૂબજ ચમત્કારિક છે.

એક સમયે બાપુજી પાસે એક મોટા હસ્તરેખા શાસ્ત્રી અને જ્યોતિષી આવ્યા. તેમને બાપુજી કહે, "આ લાલજીનો હાથ જોઈઘો." જ્યોતિષીએ અમારો હાથ જોતાં જ કહ્યું કે, "લાલજીને અમેરિકામાં ભણવાનું થશે અને તેઓ ત્યાં જ પરણી જશે. આ સમયે અમને ઉચ્ચ અભ્યાસ માટે અમેરિકાની યુનિવર્સિટીની પરમીશન મળી ગયેલી. પરંતુ જ્યોતિષીના કથન પર વિશ્વાસ રાખી અમને અમેરિકા જવા બાપૂજીએ સંમતિ ન આપી. જ્યોતિષીએ બીજું એમ પણ જણાવ્યું કે, "તેમને બાળકો નહિ થાય અને થશે તો વૃધ્ધાવસ્થામાં થશે." પૂજ્ય આચાર્ય મહારાજશ્રી તરફ ઈશારો અને હાથનો લટકો કરી મહારાજશ્રી કહે, "એ તો તમે અત્રે જોઈ શકો છો."

મ્યુઝિયમની વાત આગળ વધારતાં મોટા મહારાજશ્રીએ લીલા ચરિત્રની વાત કરતાં કહ્યું કે,

"મહારાજે એક સમયે જેતલપુરના ગંગાબા પાસેથી મંદિર નિર્માણ અર્થે થોડા પૈસા માગેલા તે ઓરિજીનલ પત્ર અમારી પાસે વંશપરંરાગત રીતે આવેલો છે. તે અમે મ્યુઝિયમમાં રાખેલો છે. આવી તો અનેક ચીજ વસ્તુઓ જે મહારાજે ઉપયોગમાં લીધેલી હોય અને અમને વંશ પરંપરાગત પ્રાપ્ત થઈ હોય તે તમામ મ્યુઝિયમમાં મૂકવાના છીએ.

મોટા મહારાજશ્રીએ કહ્યું કે ઉજવણીનો આધાર કમિટી ઉપર રહે છે. કમિટી સારી હોય તો ઉજવણી સરળ અને સુંદર રીતે થાય છે. હાલે આ કમિટી સારીજ છે. પરંતુ દ્વિશતાબ્દીની ઉજવણી સમયે અમને કમિટીના કોઈ મેમ્બરોએ જણાવ્યું કે, " દ્વિશતાબ્દી ઉજવવા આટલો ખર્ચ શા માટે કરવો જોઈએ ? " આવા ખર્ચા કરવા કેટલા વાજબી છે? " આખરે અમે શ્રી નરનારાયણદેવને સંભારીને પ્રાર્થના કરીને, ઉજવણીનું તમામ કાર્ય અમારા શીરે લઈ લીધું. ત્યારે પાછળથી કમિટીના આ તમામ સભ્યો ઉજવણીમાં ઉત્સાહભેર સામેલ થયા.

આ માટે એક દૃષ્ટાંત અમને વાંચવા મળેલું. એક ભૂદેવ ક્યાંક જંગલમાં ભૂલા પડી અને સિંહની બખોલ પાસે ભૂલથી આવી ગયા. સિંહની કમિટીમાં સલાહકારો મેના, પોપટ, હંસ આદિ હતા. તેમણે સિંહને આ ભૂદેવને સોના, ચાંદી, માણેક જે હોય તે આપવા ભલામણ કરી તે મુજબ સિંહે ભૂદેવને રાજી કર્યા. ભૂદેવે તો આ બધું ઉપયોગમાં લઈ લીધું. ભૂદેવનો સ્વભાવ લાલચું, તેથી ફરીને એ જંગલમાં સિંહ પાસે જઈ આવી સંપત્તિ લઈ આવવા લાલચ લાગી અને એ જંગલમાં ફરીને સિંહની ગુફા પાસે ઊભા રહી ગયા. પણ એ સમયે કમિટી બદલાઈ ગયેલી - સિંહના સલાહકારો શિયાળ, રીંછ, વરૂ આ બધા હતા. તેમણે તો સિંહને સલાહ આપી કે આ બ્રાહ્મણને જેવા દેવો એ બરાબર નથી. પરંતુ સિંહ શાણો હતો. તેણે બ્રાહ્મણને ત્યાંથી ચાલ્યા જવા સૂચવ્યું. આ દૃષ્ટાંત તો અનેક ઘણું સૂચવી જાય છે.

પૂજ્ય બાળ લાલજી મહારાજ દાદાજીની વાતો અતિશય મગ્ન થઈ સાંભળતા હતા અને વચ્ચે વચ્ચે સ્મિત વેરી રહ્યા હતા તો આચાર્ય મહારાજશ્રી કોશલેન્દ્રપ્રસાદજી પ્રવચન દરમ્યાન મુગ્ધ બની ગયેલા જણાતા હતા. હજારો સંતો, હરિભક્તો, યજમાન પરિવાર અને વિદેશથી પધારેલા હરિભક્તો, મોટા મહારાજશ્રીના અત્યંત વેધક, સૂચક અને આધ્યાત્મિક, શ્રી નરનારાયણદેવના ચરણોમાં તેમની અડગ શ્રધ્ધા નિષ્ઠાને, પ્રવચન દરમ્યાન તાળીઓના ગગન ભેદી અવાજથી બિરદાવતા રહ્યા હતા. ત્યારે સભા મંડપ ગુંજી ઊઠ્યો હતો.

સંપ્રદાયનું ગૌરવ

આપણા સંપ્રદાયના પૂ.આચાર્ય મહારાજશ્રીના કૃપાપાત્ર પ.ભ. શ્રી અરવિંદભાઈ ઠક્કર-મેનેજીંગ ડાયરેક્ટર, શીતલ મોટર્સ, અમદાવાદ. કે જેઓ છેલ્લા પાંચ વર્ષથી "ઓલ ઈન્ડિયા કેરોસીન ડીલર્સ ફેડરેશન"ના પ્રમુખ તો છે જ.પરંતુ તાજેતરમાં જ તેઓશ્રીની નિમણુંક સમગ્ર ભારત દેશના ૩૮૦૦૦ પેટ્રોલપંપ ડિલર્સ નું પ્રતિનિધિત્વ કરતી "ઓલ ઈન્ડિયા પેટ્રોલિયમ ડિલર્સ કમિટી"ના કન્વિનર તરીકે થઈ છે. તે બદલ તેઓશ્રીને પ.પૂ. મહારાજશ્રીએ શુભેચ્છા પાઠવી અને તેમની પ્રગતિ માટે અંતઃપૂર્વકના શુભાશિષ પાઠવ્યા છે.

★

આપણા મૂળી શ્રી રાધાકૃષ્ણદેવ દેશના સરલા (તા. મૂળી) ગામની શ્રી સી.આર. ગાર્ડી વિદ્યા મંદિરના આચાર્ય શ્રી રમેશભાઈ પટેલની ગુજરાત રાજ્ય શ્રેષ્ઠ આચાર્ય પારિતોષક એવોર્ડ માટે પસંદગી થઈ છે. તેમની ઉત્તરોત્તર પ્રગતિ માટે પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રી આશીર્વાદ પાઠવે છે.

શ્રીહરિના અપરસ્વરૂપ તો અંતર્યામી જ હોય ને !

- ગોરધનભાઈ વી. સીતાપરા (હીરાવાડી-બાપુનગર)

સર્વાવતારી શ્રીહરિએ સ્થાપન કરેલ ધર્મવંશી આચાર્ય પરંપરાના આચાર્યશ્રીને આપણા શાસ્ત્રોમાં સ્વયં શ્રીહરિએ પોતાના અપર સ્વરૂપ કહ્યાં છે. શ્રીહરિના અપર સ્વરૂપે રહેલા આ ધર્મવંશી આચાર્યશ્રીઓની ન જાણે કેટલાય સત્સંગીજનોને તેમજ અન્ય ધાર્મિક જનોને આશ્ચર્યકારી અને અવિસ્મરણીય અનુભૂતિ ભૂતકાળમાં થઈ ગઈ હશે અને હાલમાં પણ થતી રહેતી હશે. આવા પ્રસંગો ઘણા છે. પરંતુ તે પૈકી અત્રે એક પ્રસંગ લખ્યા વિના રહેવાતું નથી. આ પ્રસંગ પ.પૂ. મોટા મહારાજશ્રી જ્યારે ગાદી પર હતા ત્યારનો છે અને જેમને અનુભૂતિ થઈ છે તે અમદાવાદના સરસપુર વિસ્તારના રહીશ છે અને હવેલી પુષ્ટિ સંપ્રદાયના વૈષ્ણવ છે. નામ તેઓનું શ્રી કિરીટભાઈ ભલાભાઈ ભાવસાર અને વ્યવસાયે ફોટોગ્રાફર. તેઓએ તેમને થયેલી અનુભૂતિની સમગ્ર ઘટના મારી સમક્ષ વર્ણવી. મેં તેઓને કહ્યું કે તમારી આ અનુભૂતિ અમારા શ્રી સ્વામિનારાયણ માસિકમાં પ્રકાશિત થાય તો તમોને વાંધો ખરો ? ત્યારે તેઓ કહે, "માસિકમાં આ પ્રસંગ પ્રકાશિત થાય તો મને બહુ આનંદ થશે."

તો હવે આ પ્રસંગ તેઓના જ શબ્દોમાં વર્ણવીએ. તેઓ કહે, ફોટોગ્રાફી નિમિત્તે મને ઘણીવાર તમારા (સંપ્રદાયના) પ્રસંગોનો લાભ મળી જાય. ઘણા વર્ષો પહેલાની વાત છે. નિકોલ ગામ શ્રી સ્વામિનારાયણ મંદિરની પ્રતિષ્ઠાની સભા હતી. લગભગ ઈ.સ. ૧૯૭૫ ની સાલ હશે. સભામાં પ.પૂ. તેજેન્દ્રપ્રસાદજી મહારાજશ્રી બિરાજમાન હતા. હું તેઓથી લગભગ ૧૦-૧૨ ફૂટ દૂરથી તેઓશ્રીના ફોટા પાડી રહ્યો હતો. મેં જોયું કે જ્યારે જ્યારે હું તેઓશ્રીનો ફોટો પાડવા નજીક જાઉં ત્યારે ત્યારે તેઓશ્રીના મુખ પર અણગમો આવી જતો હતો. ભાવ બદલી જતો હતો. મને એવું લાગ્યું કે મારે કોઈ વ્યસન તો નથી. પરંતુ આજે જ મેં શરદી-કફના હિસાબે ડુંગળી-લસણ ખાધું છે. તેની દુર્ગંધ તો મહારાજશ્રીને નહી આવતી હોય ને ! સભામાં બેઠો, વિચાર કરવા લાગ્યો કે અમારા સંપ્રદાયમાં પણ ડુંગળી-લસણ ખાવાની તો ના જ છે. મને ડુંગળી લસણ ખાવાનો શોખ નથી. પરંતુ મારે શરદી કફની કાયમી તકલીફના હિસાબે ડુંગળી-લસણ ખાવું પડે છે. પછી મેં સભામાં બેઠા બેઠા મનોમન પ્રાર્થના કરી કે, હે મહારાજશ્રી ! મને આશીર્વાદ આપો કે ડુંગળી-લસણના ઉપયોગ વિના જ મને શરદી કફ કાયમ માટે મટી જાય. જો મને શરદી મટી જતી હોય તો મારે ડુંગળી-લસણ આજથી જ નથી ખાવું.

સભાના અંતમાં પ.પૂ. મહારાજશ્રીએ આશીર્વચન આપવાનું શરૂ કર્યું. અંતર્યામી પણે મારા મનનો સંકલ્પ તથા પ્રાર્થના તેઓશ્રી જાણી ગયા હોય તેમ તેઓશ્રીએ આશીર્વચનની શરૂઆત જ ત્યાંથી કરી કે, ઘણાં લોકોને એમ લાગતું હોય કે ડુંગળી-લસણ ખાઈએ તો જ શરદી કન્ટ્રોલમાં રહે ! હકીકતમાં એવું નથી. તેના માટે એક સારો પ્રયોગ છે. તમે જમીને ઉઠો એટલે તુરત જ વધારે પાણી નહીં પીવાનું મુખ શુદ્ધિ માટે ફક્ત એકાદ બે ઘૂંટડા પાણી પીવાનું ત્યાર પછી અડધી કલાકે વધારે પાણી પી શકાય. શરદી મટી જશે ! આ વાત સાંભળી ને મને અતિ આશ્ચર્ય થયું અને એવું લાગ્યુ કે મહારાજશ્રીએ ફક્ત મારા હિત માટે જ આ વાત કરી છે. એજ દિવસથી મેં ડુંગળી-લસણ છોડી દીધું. આજે ૬૪ વર્ષની મારી ઉંમર થઈ છે. પરંતુ આજ સુધી મને ક્યારેય શરદી થઈ નથી, શરદી-કફ માટે ક્યારેય દવા લેવી પડી નથી.

શ્રીહરિ કહે છે કે, ધર્મવંશી આચારજ માય રે, સદા રહ્યો છું મારી ઈચ્છાયે ॥ પ.પૂ. મોટા મહારાજશ્રીએ કહેલો આ પ્રયોગ બધાને લાગુ પડે કે નહીં તે ખબર નથી. પરંતુ કિરીટભાઈને તો બરોબર લાગુ પડી ગયો ! અન્યજન આ લેખ વાંચીને પ્રયોગ કરે તો તેમાં નુકશાન તો નથી જ. મોટા પુરુષોના વચનની કિંમત હોય છે. શ્રીજી મહારાજના એકાંતિક ભક્તો તો શરદી-કફની તકલીફમાં પણ ક્યારેય ડુંગળી-લસણ જેવી અભક્ષ વસ્તુનો આહાર કરતા નથી.

ચેરીહીલ ન્યુજર્સી શ્રી સ્વામિનારાયણ મંદિરમાં બહેનોની સત્સંગ શિબિર



૩ ઓગસ્ટ ને મંગળવારના સુંદર પ્રભાતે અલૌકિક દિવ્ય વાતાવરણમાં આપણા શ્રી સ્વામિનારાયણ મંદિર ચેરીહિલ ખાતે અમેરિકા આઈ.એસ.એસ.ઓ. ચેપ્ટરોના તેમજ દેશ વિદેશથી વિશાળ સંખ્યામાં પધારેલા બહેનોની સત્સંગ શિબિર પ.પૂ. મોટા ગાદીવાળાશ્રીની શુભ નિશ્રામાં સંપન્ન થઈ.

"સુખની સીમા રે ચેરીહીલની શિબિર માણે"

આ ભૌતિકવાદી દેશમાં કોઈને કોઈની સાથે વાત કરવાનો પણ સમય નથી પણ આજ ભૌતિક વાદી દેશના ચેરીહીલની શિબિરમાં આવેલા દરેકને મોક્ષનો ખપ છે. અહીં કોઈ ફંડ ફાળો કે અન્ય વસ્તુ માટેની વાત નથી. અહીં તો જગતની આધિ, વ્યાધિ અને ઉપાધિ ભરેલા આ સંસારમાં બહેનોએ જીવન કેવી રીતે જીવવું ? તેની સફળતા પૂર્વકનો માર્ગ પ.પૂ.અ.સૌ. મોટા ગાદીવાળાશ્રીએ સુંદર સરળ અને સચોટ ભાષામાં સૌને બતાવ્યો. વ્યવહાર અને પરમાર્થના બે રસ્તાને જોડીને વ્યવહારમાં જ પરમાર્થ જોડી દીધો. શ્રી સ્વામિનારાયણ મહામંત્રના નામથી આખો હોલ ગાજી ઉઠ્યો હતો. સ.ગુ. બ્રહ્માનંદ સ્વામીએ પોતાના કીર્તનમાં સરસ ગાયુ છે

સર્વે ઘરનો તે ધંધો વિસરી
હરિને મળવા આતુર થઈ સુંદરી રે
ધન્ય ધન્ય છે આજની ઘડી રે.

આજની અલૌકિક ઘડી બહેનો માટે જેમ નદી સાગરને મળવા કેવી ઉતાવળી થાય છે તેમ આપણા સર્વે બહેનો આજે ઘરના કામકાજ પડતા મૂકીને વહેલા વહેલા મંદિરમાં આવીને પ.પૂ. મોટા ગાદીવાળાબાની અમૃતવાણીનો લાભ લેવા જીવનને ધન્ય ધન્ય બનાવવા આતુર થયા હતા.

પ.પૂ. મોટા ગાદીવાળાશ્રી પધારતા જ બહેનોએ સ્વામિનારાયણ ભગવાનના જય નાદોથી ભવ્ય સ્વાગત કર્યું. જેમના દર્શન થતા જ જીવન પાવન થઈ જાય છે ! જેમના મુખ કમળના દર્શનથી તમામ થાક ઉતરી જાય છે ! અને જેમની અમિદૃષ્ટિથી શાંતિની અનુભૂતિ થાય છે ! તેમના આગમનથી દિવ્યતા પ્રસરી ગઈ ! જેને જોઈએ તે આવો મોક્ષ માગવા રે લોલ આજ ધર્મવંશીને દ્વાર નરનારી..... જેને.....

આરતી અને દર્શનની વિધિ પૂર્ણ થતા જ પૂ. મોટાગાદીવાળાશ્રીની અમૃતમય નિર્મળ વાણી સાંભળવામાં સૌ બહેનો મગ્ન બની ગયા હતા. સદાચાર એજ સાચો ધર્મ છે તેનું યથાર્થ રહસ્ય સમજાવ્યું હતું.

આ શિબિરમાં સત્સંગના મહત્વના પાંચ અંગો ધર્મ, જ્ઞાન, વૈરાગ્ય અને મહિમા સહિત ભક્તિની સરસ સમજ આપી. અને પૂ. મોટા ગાદીવાળાશ્રીએ જનમંગલ નામાવલિનું અર્થપૂર્ણ સાથે તેનો ભાવાર્થ સમજાવ્યો હતો.

જે બહેનો ને સૌ પ્રથમવાર જ જાણવા મળ્યું અને બહેનોને શ્લોકની પણ જાણકારી અને મહિમા સમજાયો. સાથે સાથે બહેનોને એ પણ સમજાવ્યું કે સહન શીલતા, ધીરજ અને જતું કરવાની ભાવના રાખો તો ક્યારેય ઘરમાં કલેશ નહીં થાય. અને જેથી ભગવાનનું ખૂબજ ભજન થશે અને આપણા ઉપર ભગવાન ખૂબજ રાજી થશે.

અષાઢ વદ-૧૦ ને તા. ૫-૮-૧૦ ને ગુરુવારના આપણા ભાવિ આચાર્ય પ.પૂ. ૧૦૮ શ્રી વ્રજેન્દ્રપ્રસાદજી મહારાજશ્રીનો ૧૩ મો પ્રાકટ્યોત્સવ પ.પૂ. મોટા ગાદીવાળાશ્રીની નિશ્રામાં અને બહેનોની વિશાળ હાજરીમાં શ્રી સુવ્રતકુમાર અને શ્રી સૌમ્યકુમારે ટવિનકલ ટવિનકલ લીટર સ્ટાર, લાલજી મહારાજનો જયજયકાર ૧,૨,૩,૪ લાલજી મહારાજશ્રીનો જય જય કાર આજનો દિવસ કેવો છે સોના કરતા મોંઘો છે. આવા સુંદર ગીતો ગાઈને સુંદર બર્થડે કેક કાપીને અને સૌને ગુલાબ જાંબુનો પ્રસાદ જમાડીને તૃપ્ત કરીને સૌ બહેનો આનંદના અતિરેકમાં ખૂબજ નાચવા લાગ્યા ! પોતાના પ્રાણ પ્યારા લાલજી મહારાજ માટે આખી સભામાં આનંદ આનંદ છવાઈ ગયો.

આ સમગ્ર શિબિરમાં આયોજકોની સેવા શ્રધ્ધા અને કુશળતાને દાદ દેવી પડે તેવું આયોજન કર્યું હતું. સવારથી લઈ પૂર્ણતાના સમય સુધી બસ સતત પ્રવૃતિમાં જ રચ્યા પચ્યા, સવારે યોગાથી પ્રારંભ થઈ રાત્રે સાંસ્કૃતિક કાર્યક્રમ સાથે સભા પુરી થતી. આયોજકો બહેનોને લેવા મૂકવા જવાની, ન્હાવા ધોવાની, સવારે દૂધ, કોફી, નાસ્તો બપોરે જમવાનું અને ફરી સાંજે નાસ્તો અને રાત્રે જમવાની એવી સુંદર વ્યવસ્થા કરતા કે સૌ જોતા જ રહી જાય.

શિબિરમાં બહેનો નવા જે આશ્રિત થયા હોય તેને સંપ્રદાયની સુંદર માહિતી પુરી પાડતા. સાથે સાથે શ્રી નરનારાયણદેવનો મહિમા, શ્રી ધર્મકુળનો મહિમા, આપણા સૌના ગુરુ ધર્મવંશી આચાર્ય મહારાજશ્રી ભાઈઓના ગુરુ અને પ.પૂ.અ.સૌ. લક્ષ્મીસ્વરૂપ ગાદીવાળાશ્રી બહેનોના ગુરુ છે એ રીતે સૌને સમજાય તેવી સરળ ભાષામાં સમજાવતા. તદ્‌પરાંત શરીર સ્વાસ્થય માટે ડાયેટીશીયન દ્વારા પૌષ્ટિક આહાર. ડેન્ટીસ દ્વારા દાંતની સંભાળ. ડાયાબિટીસ અને કેન્સર જેવા અસાધ્ય રોગો માટે સાવધાની રાખી તેની પુરેપુરી કાળજી રાખવા મહિલા ડોકટર દ્વારા વિશેષ તબીબી સેવા અને માહિતી પુરી પાડવામાં આવી હતી. જેનાથી બહેનો પોતાના સ્વાસ્થય માટે સજાગ બની હતી. સ્વાસ્થય સારું હશે તો વિશેષ ભજન થશે તેવું સૌ બહેનો વિચારતા.

પ.પૂ. મોટા ગાદીવાળાશ્રીની નિશ્રામાં બહેનોએ નીચે મુજબના કાર્યક્રમ કર્યા હતા.

બહેનોમાં સાડી સ્પર્ધા, જે ભારતીય સંસ્કૃતિની પરંપરાનું દર્શન કરાવે છે. સાથે સાથે સંપ્રદાયની મર્યાદના પણ તેમાં દર્શન થાય છે. ગૌ-મુખી ગૂંથણ અને તલના હાર વગેરે પ્રવૃતિમાં બહેનોએ શ્રદ્ધા ભાવનાથી ભાગ લીધો. શ્રીજી મહારાજની મૂર્તિ અને ચરણારવિંદ ૧૬ ચિન્હો સાથેના ચિત્રકામમાં નાના બાળકોએ ભાગ લીધો હતો. આ ઉપરાંત ભારત નાટ્યમ, નૃત્ય નાટિકા, સંગીત ડ્રામા અને ભજન કીર્તન સંધ્યા જેવા વિવિધ સાંસ્કૃતિક કાર્યક્રમો નિહાળીને બહેનોનો દિવસ ભરનો થાક ઉતરી ગયો અને સૌ આનંદમાં મસ્ત બની ગયા.

અહીં આપણા દેશ કરતા પણ વિશેષ રસોડામાં સેવા કરતા બહેનોએ રોજ ૪ પ્રકારની નવીન વાનગી તેમજ વિવિધ ફરસાણ આદિ અનેક વાનગીઓ બનાવી ભગવાનને થાળ કરી સૌને જમાડતા તે પણ વિશેષતા હતી.

ઘણા ભાઈઓ અને બહેનો જે રોજે જોબ કરતા હોય તેઓની રજા મંજુર ન થાય તો કપાત પગારે સતત હાજર રહી ખડે પગે સેવા બજાવી અને જે ન આવી શક્યા તેમણે પોતાની સેવા મોકલીને ધન્યતા અનુભવી.

આપણા આઈ.એસ.એસ.ઓ.ના દરેક ચેપ્ટરોમાંથી શિબિર માટે વિવિધ પ્રકારની સેવા હરિભક્તોએ કરી હતી. યુ.કે. અને કેનેડાથી કુલ ૨૫ જેટલા બહેનો શિબિરનો લાભ લેવા આવ્યા હતા. સતત પાંચ દિવસ સુધી એક વરસનું ભાથું શિબિરમાં મળ્યું અને ધર્મવંશી મોટા ગાદીવાળાશ્રીએ જે અવિરત સુખ આપ્યું તે આ લોકના સુખ તો તેના આગળ તૃણ જેવા લાગે. બહેનો ઉપર અઢળક ઢળ્યા અને અઢળક આશીર્વાદની અમીવર્ષા કરી. કોઈને વિદાય ગમતી ન હતી. જવું ગમતું ન હતું બસ આવુંજ સુખ આમને આમ મળ્યા કરે એવું બહેનોને થયા કરતું. આજ તો આવી શિબિરની સાર્થકતા અને આવશ્યકતા છે.

આનંદની હેલી

ધરમપુરનું અથાણું

- શાસ્ત્રી હરિજીવન સ્વામી (હિંમતનગર મહંતશ્રી)

શ્રીજી મહારાજ ગઢપુરમાં બિરાજતા હતા. સંતો-હરિભક્તોની વિશાળ સભા હતી. પ્રાગજી પુરાણી કથા વાંચે, સભામાં એક માણસ આવ્યો. એના હાથમાં એક ડબો હતો. સભામાં મહારાજ આગળ મૂક્યો. મહારાજે પૂછ્યું શું લાવ્યા છો? પેલા માણસે કહ્યું પ્રભુ! ધરમપુરથી કુશળકુંવરબાઈએ અથાણાનો ડબો મોકલ્યો છે. તે સ્વીકારો. તરત જ સભામાં જ ડબો ખોલ્યો. એમાં પ્રેમથી બનાવીને મોકલેલું સુગંધીદાર કેરીનું અથાણું હતું. ધરમપુર વાંસદા વિસ્તારમાં કેરીઓ બહુ સારી થાય. એટલે પ્રેમથી અથાણું બનાવીને ભગવાન માટે મોકલાવ્યું હતું.

અથાણું સુંદર ! ભાવ પણ સુંદર ! પરંતુ એમાં હીંગ નાંખેલી. ડબો ખોલ્યો એટલે એમાંથી હીંગની ગંધ આવી. બાજુમાં બેઠેલાને એ ગંધ આવી. મહારાજ બોલ્યા કે કુશળકુંવરબાને ખબર ન હોય એટલે અથાણામાં હીંગ નાખી છે. પણ આપણને આ અથાણું કામમાં ન આવે એમનો ભાવ પહોંચ્યો. હવે આ ડબો ઉપાડો અને ઉકરડામાં પધરાવી દો. કેમકે આ અથાણું અમને સંતોને કે ભક્તોને કોઈને કામ ન લાગે.

સભામાં પ્રાગજી પુરાણી નજીકમાં જ બેઠેલા. એમના મોંઢામાં પાણી આવ્યું. એમને થયું કે અથાણું બહુ સરસ છે. સુગંધ કેટલી સરસ છે. પણ હમણાં જ આ બધું ઉકરડા ભેગું થઈ જશે. ન રહેવાયું એટલે કહ્યું, મહારાજ! જો આપ રાજી હો તો આ અથાણું હું ઘેર લઈ જાઉં અને ધોઈને વાપરું તો ? ભગવાન બધું જ જાણે છે, અંતર્યામી છે. બિચારા કથાકારને બેસી બેસીને ગેસ થાય એટલે ભલે વાપરશે. જવા દો.

પછી તો અથાણાનો આખો ડબો પ્રાગજી પુરાણી ઘેર લઈ ગયા. પણ અથાણાના ખરા મહિમાવાળા ભક્ત રહી ગયા. એટલે એમણે સભામાં થોડું નાટક કર્યું. આ ભક્ત હતા સુરાખાચર. સાંજની સભામાં કથા ચાલુ થઈ એટલે સુરા ખાચરે પોતાના ખેસનો છેડો નાકે ધર્યો. મહારાજે પૂછ્યું, બાપુ! આ નાકે કપડું કેમ ધર્યું છે ? સુરા બાપુ કહે મહારાજ ! સભામાં કંઈક ખરાબ ગંધ આવે છે. શાની ગંધ આવે છે ? અમને તો કોઈને આવતી નથી.''

સુરાખાચર કહે, કહો ન કહો સભામાં આજે કોઈક હીંગ ખાઈને આવ્યો લાગે છે. ''કોણ હીંગ વાપરે છે ?'' મહારાજે પૂછ્યું.

પછી સુરાબાપુ ઉભા થઈને બે-ચાર જણ પાસે ખાલી ખાલી જઈને મોંઢા સુંઘી આવ્યા. પછી ધીરે રહીને કથાના પાટલા પાસે ગયા. મહારાજ ! આ કથાનાં પાટલા પાસેથી જ વાસ આવે છે. સાંભળીને કથાકાર પુરાણી શરમિંદા થઈ ગયા. મહારાજ કહે પુરાણીજી, તમે તો અથાણું ધોઈને વાપરવાનું કહેતા હતા ને ! પછી મહારાજ, વધુ કોઈ બોલ્યા નહિ, તપાસ પણ ન કરી. પણ સુરાખાચરને અથાણાંની સુગંધ અંદર ભરાઈ ગયેલી. સભા પછી પહોંચ્યા પ્રાગજી પુરાણીને ઘેર, અરે પુરાણી ! આમ કાંઈ બ્રાહ્મણવેડા ન કરાય. બધો માલ એકલા ખાઈ જવાનો છે ! થોડો પ્રસાદ લાવો, નહિ તો કાલે સભામાં બીજું નાટક ભજવીશ.

સુરાબાપુએ છેવટે અથાણાનો પ્રસાદ લીધો. અને અથાણાનું નાટક ભજવીને સભામાં સૌને રાજી કરી

આપણા આગામી ઉત્સવો

ભાદરવા સુદ-૧૨ :

તા. ૧૯-૯-૨૦૧૦ રવિવારના જલઝીલણી એકાદશી શ્રી ગણપતીજીનો વરઘોડો અમદાવાદ, મૂળી, જેતલપુર, ગઢપુર, વડતાલ, ભુજ.

આસો સુદ-૨ :

તા. ૯-૧૦-૨૦૧૦ શનિવારના બદ્રિનાથધામમંદિરનો પાટોત્સવ.

આસો સુદ-૧૦ :

વિજયા દશમી દશેરા તા. ૧૭-૧૦-૨૦૧૦ રવિવારના શ્રી નરનારાયણદેવ પીઠાધિપતિ પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીનો પ્રાકટ્યોત્સવ ઈડરમાં ઉજવાશે.

સત્સંગ સુરભિ

મને કહોને પરમેશ્વર કેવા હશે ?

અતુલ ભાનુપ્રસાદ પોથીવાલા (મેમનગર-અમદાવાદ)

જૂના બાળગીતોમાં એક સુંદર બાળગીત હતું. "મને કહોને પરમેશ્વર કેવા હશે ?" એ શિર્ષક હેઠળ એમાં કવિએ બાળકના મનમાં ઉદ્‌ભવતા પ્રશ્નોની સરસ રજુઆત કરી છે. માતા બાળકને રોજ પરમેશ્વરની વાર્તા કરીને રાત્રે સુવાડે છે. બાળકનું મન પરમેશ્વરની વાતોમાં ગૂંથાઈ જાય છે અને પછી બાળક સ્વપ્નમાં વિચારે છે. એ પરમેશ્વર, કેવા હશે ને ક્યાં રહેતા હશે ?

ગગનની ઓઢણીમાં ચાંદા-સૂરજને
તારાને ગૂંથનાર કેવા હશે ?
આંબાની ઊંચી ડાળે ચડીને,
કેરીને મૂકનાર કેવા હશે ?
ઊંડા એ સાગરનાં મોજાં ઉછાળી,
ઘૂ ઘૂ ગજાવનાર કેવા હશે ?
અને છેલ્લે
મનેય મારી માડીના ખોળે સુવાડી,
હેતે હુલાવનાર કેવા હશે ?

પાંચ વર્ષનો નાનકડો ધ્રુવ અપરમાતા સુરુચિના કટાક્ષથી અને સ્વમાતા સુનીતિના કહેણથી એકલો જ તપશ્ચર્યા કરવા અને પરમેશ્વરને મેળવવા માટે વનની વાટ પકડે છે. નગર વટાવતાં જ નારદજી જેવા સદ્‌ગુરુ સંતનો ભેટો થાય છે. પરમેશ્વરને સાચા હૃદયથી શોધવાની તાલાવેલી અને તલપ જો હશે તો સદ્‌ગુરુ સામે ચાલીને શોધતા આવે છે !

છેવટે પ્રભુ સ્વયં નાનકડા ધ્રુવની તપશ્ચર્યાથી પ્રસન્ન થઈ ચતુર્ભૂજ-સ્વરૂપે દર્શન આપી પોતાના સ્વરૂપનું યથાર્થ જ્ઞાન આપે છે.

એવો જ નાનકડો પ્રહલાદ અસુર પિતાના આસુરી ત્રાસથી અકળાતો નથી અને દઢ પણે પરમેશ્વરની સર્વવ્યાપકતાને વળગી રહે છે. છેવટે ધગધગતા લોખંડના થાંભલામાં પણ મારો પરમેશ્વર વસે જ છે." એવા દઢ નિશ્ચય સાથે જ થાંભલાને ભેટે છે અને નૃસિંહ ભગવાન તત્કાળ પ્રગટ થઈ બાળકની રક્ષા કરે છે, અસુર પિતાનો નાશ કરે છે. ભગવાન, પ્રહલાદને ખોળામાં લઈને, માતા બાળકને જેમ વહાલ કરે તેમ વહાલ કરે છે અને વરદાન માંગવાનું કહે છે. ત્યારે પ્રહલાદ કેટલું સરસ માંગે છે. "હે પ્રભો ! તમે મારા અસુરમતિ પિતાથી મારી રક્ષા કરી એને હું રક્ષા નથી માનતો પરંતુ જો કામ, ક્રોધ, લોભ આદિક અંતઃશત્રુઓ થકી મારી રક્ષા કરશો એને જ હું મારી રક્ષા માનીશ."

અને એવો જ નાનકડો નચિકેતા અપાર હિંમત અને દઢ નિષ્ઠાથી પિતાને યમદ્વારેથી પાછા લાવે છે !

આ સર્વે બાળ દૃષ્ટાંતોમાં પરમેશ્વરને જ પામવાની ને પરમેશ્વરનાં સ્વરૂપને જ ઓળખવાની અપાર ધગશ અને અદ્‌ભુત તાલાવેલી જો હતી તો પરમેશ્વર કેવા છે, શું કરે છે, ક્યાં રહે છે - પરમેશ્વર સંબંધી સકલ જ્ઞાનને અને એમનાં યથાર્થ સ્વરૂપને તે પ્રાપ્ત કરે છે.

આ જીવરૂપી બાળકને પણ એ પ્રશ્ન કાયમ સતાવે છે - મને કહોને પરમેશ્વર કેવા હશે ?

જગત સૃષ્ટા બ્રહ્મા પણ પચાસ પચાસ વરસોથી (આ બ્રહ્માનું વરસ છે !) પ્રાર્થના કરી કરીને થાક્યા કે "હે પરમેશ્વર ! હે પ્રભો ! હવે તો અમારા બ્રહ્માંડમાં પધારી અમારાં બાળકોને હરહંમેશ સતાવતો રહેતો આ પ્રશ્ન મને કહોને પરમેશ્વર કેવા હશે ? એનો ઉત્તર આપ સ્વયં આપીને કરશો તો જ આ જીવો આપને ઓળખી શકશે !"

(વધુ આવતાં અંકે)

નવા વ્રત ઉત્સવના નિર્ણયમાં સુધારા વધારા મોકલવા અંગે

શ્રી નરનારાયણદેવ દેશના અમદાવાદ, મૂળી અને ભુજ મંદિર તાબના તથા વિદેશના આપણા મંદિરોના ગત વર્ષના વ્રત ઉત્સવના નિર્ણયમાં પાટોત્સવ તિથિ અથવા ફોન નંબરમાં કોઈ ફેરફાર થયા હોય તો આગામી નવા નિર્ણયમાં આપના મંદિરના પાટોત્સવ ફોન નંબર વગેરે સુધારા "શ્રી સ્વામિનારાયણ માસિક કાર્યાલય" શ્રી સ્વામિનારાયણ મંદિર, કાલુપુરના નામથી વહેલાસર મોકલી આપવા વિનંતી છે.

સત્સંગ બાલવાટિકા

સંપાદક : શાસ્ત્રી હરિકેશવદાસજી (ગાંધીનગર)

ઘરમાં રહેતાં શીખો

- શાસ્ત્રી હરિપ્રિયદાસજી (ગાંધીનગર)

માણસ દુનિયા ફરીને પણ જ્યારે પોતાના ઘરમાં આવે ત્યારે હાશકારો થાય, શાંતિ થાય, આનંદ થાય "सानन्दम सदनम्" ગૃહસ્થનું ઘર કેવું હોવું જોઈએ ? બહારથી હેરાન થઈને, થાકીને કંટાળીને ઉદ્વિગ્ન ચિત્તે ઘેર આવ્યો હોય ત્યારે ઘરમાં આનંદપૂર્ણ વાતાવરણ જોઈએ. **ઘરના બધા સાથે બેસીને જમો. બે વખત ન ફાવતું હોય તો દિવસમાં એકવાર પણ સાથે બેસીને જમો. એથી ઘરમાં સંપ, સદ્‌ભાવ, આત્મીયતા કેળવાય.** ઘર કુટુંબમાં રહેનારે કઈ રીતે રહેવું જોઈએ તેની કોઈ નિયમાવલી આજ સુધીમાં કુટુંબના કોઈ વડીલે બહાર પાડી નથી. કારણ કુટુંબમાં ચલણ લાગણીનું છે. સ્નેહનું છે. ત્યાં અંગત દ્રષ્ટિબિંદુ ને બદલે આત્મીય દૃષ્ટિબિંદુ રજુ થતું હોય છે. સોનાના પ્યાલાને સાવ હલકો પથ્થર તોડી જ નાંખે છે. સોના જેવા સુંદર આત્મીય સંબંધોને હલકા પથ્થર જેવો તુચ્છ સ્વાર્થ, આવેશભર્યા શબ્દો અને ઉકળાટ ભર્યો વર્તાવ રફેદફે કરી નાંખતા હોય છે.

ઘરમાં સંપ હોય એ ઠાકોરજીને બહુ ગમે છે. જ્યાં કુસંપ હોય ત્યાં ભગવાન ઊભા ન રહે, ચાલતા થઈ જાય. મુળજી બ્રહ્મચારીની જન્મભૂમિનું ગામ મછિયાવ, ત્યાં સ્વામિનારાયણ ભગવાન પાંચસો પરમહંસો સાથે સુરસિંહજીને ઘેર પધાર્યા. એમના ઘરમાં સાસુ અને વહુ વચ્ચે મતભેદ થયો. મતભેદ બહુ આગળ વધ્યો, એમાં વહુને પિયર મોકલી દીધાં. વિશાળ ચોગાનમાં સંતો રસોઈ બનાવવા લાગ્યા. એ સમયે સ્વામિનારાયણ ભગવાને સાસુને સમજાવવા પ્રયત્ન કર્યો. સાસુ કહે, "પ્રભુ ! હું બધી જ વાત માનીશ પણ એ વહુ મારા ઘરમાં નહીં." ત્યારે સ્વામિનારાયણ ભગવાને કહ્યું, "તમે અમને કેવા જાણો છો ?" મહારાજ તમે ભગવાન સાચા પણ આ વાત નહીં મનાય અને સ્વામિનારાયણ ભગવાને હાથ ઊંચો કરી સંતોને કહ્યું ચાલો સંતો. રાંધેલું અનાજ પડી રહ્યું અને પ્રભુ સાથે પાંચસો સંતો ભૂખ્યા એમના ઘરમાંથી ચાલી નીકળ્યા. પરંતુ ફોઈબાના કાળમીંઢ કાળજામાં જરાય ફેરફાર ન થયો. ભગવાનને જવા દીધા પણ મનની આંટી મુકાઈ નહિ.

આજે પણ ઘરમાં સાસુ વહુ વચ્ચે મતભેદ હોય, કુસંપ હોય અને સિંહાસનમાં મહારાજની મૂર્તિ આગળ રોટલી શાકની થાળી મૂકી હોય એ થાળ ઠાકોરજી જમતા હશે ? કોઈ દિવસ ન જમે. ઘણાના ઘર (કુટુંબ) એવાં હોય છે કે ઘરમાં આવે એટલે ઉદ્વેગ થાય ! દરરોજ ત્રણ વખત મહાભારત ભજવાતું હોય ! વારંવાર કરવામાં આવતી દલીલો, ખુલાસાઓ પ્રતિ ખુલાસાઓ ઘરની સ્થિરતા, શાંતિને ડહોળી નાંખે છે. આનંદભર્યું વાતાવરણ હોવું જોઈએ એ કોને આભારી છે ? દિવાલોને ? કલરને ? આરસને ? કિંમતી ફર્નિચરને ? એ ઘરના બધા સભ્યોને આભારી હોય છે. આ બાબતમાં કોઈ એકના ઉપર દોષનો ટોપલો ઢોળશો નહિ.

મિત્રો, સારું ઘર બાંધવામાં સફળતા મળવી એ જુદી વાત છે. પણ એ ઘરમાં સારી રીતે રહેવામાં સફળતા મેળવવા તો મનને સતત સમાધાન માટે તૈયાર રાખવું પડે છે. લોકપ્રિય બનતાં પહેલાં પરિવાર પ્રિય બનવું જરૂરી છે. આપણા મુક્તાનંદ સ્વામીએ પ્રભુની આરતીમાં પણ કુટુંબને (ઘરને) ગુંથી લીધું છે.

"પુરૂષોત્તમપ્રગટનું જે દર્શન કરશે,
કાળકર્મથી છુટી કુટુંબ સહિત તરશે."

સુખી ઘર કુટુંબ તો પરસ્પર સદ્‌ભાવથી બને છે. અને આ જણાવ્યા પ્રમાણે જે ઘરમાં કાયમ માટે સંપ, સદ્‌ભાવ, સત્સંગ રહેતો હોય તે કુટુંબ ઉપર કરુણાનિધિ સ્વામિનારાયણ ભગવાનની કરૂણા, કૃપા અખંડ વરસે છે અને એવા કુટુંબો માટે મોક્ષનો માર્ગ સરળ બની રહે છે તે મુક્તાનંદ સ્વામીએ કહ્યું છે.

"આ અવસર કરૂણાનિધિ કરૂણા બહુ કીધી,
મુક્તાનંદ કહે મુક્તિ સુગમ કરી સીધી."

●

ભગવાન ભક્તના ભાવને વશ થાય છે

- સાધુ શ્રીરંગદાસ (ગાંધીનગર)

ભકતવત્સલ ભગવાન ભક્તજનોની ભાવનાઓ પૂરી કરવા ગામો ગામવિચરણ કરે છે. ભગવાનનું પ્રગટ થવાનું નિમિત્ત જ આ હોય છે. પોતાના ભક્તોના મનોરથો પૂરા થાય. પોતાના ધામમાંથી પ્રભુ ધારે તેમ કરી શકે છે. પણ જ્યારે ભક્તોના મનોરથો પૂરા કરવાના હોય ત્યારે તેમને જરૂરથી ધરતી પર આવવું જ પડે છે.

સ્વામિનારાયણ ભગવાન ભાલ વિસ્તારમાં વિચરણ કરી રહ્યા હતા. ભગવાનની સાથે સમર્પિત ભક્તો હતા. સુરાભક્ત, સોમલાભક્ત, ઉકાભક્ત, જીવાભક્ત વગેરે. શ્રીજી મહારાજની મરજી એ જ એમનું જીવન, ઘર તથા ગરાસની ચિંતા મૂકી મહારાજની સાથે ફરતા હતા. શ્રીજી મહારાજ તથા હરિભક્તો ફરતા ફરતા પૂજાભાઈને ઘેર પધાર્યા. પૂજાભાઈનો ભાવ શ્રીજી મહારાજને તેના ઘર સુધી ખેંચી લાવ્યો. આજ શ્રીજી મહારાજ તેમના ઘેર પધાર્યા છે. પૂજાભાઈના પત્ની અંજુબહેન બહુ જ ભાવિક છે. જેના ઘરમાં ધર્મભાવના વાળી ગૃહીણી હોય તે શ્રેષ્ઠ ગૃહસ્થાશ્રમી કહેવાય. અંજુબહેન સૌ ભક્તોની તથા મહારાજની સેવા ચાકરી કરવા લાગ્યા. સહુ ભક્તજનો માટે જમવાની વ્યવસ્થા કરી અને પ્રભુ માટે બહુ ભાવથી મેંદાની સેવો બનાવી. જ્યાં પ્રેમ હોય ત્યાં પરમાત્મા જમવા તૈયાર હોય છે. "પ્રેમીજનને વશ પાતળીયો" પણ પ્રેમીની ક્રિયામાં ભાવ વધુને ભૂલો પણ વધુ હોય છે. પ્રેમમાં ને પ્રેમમાં સાકરને બદલે મીઠું નાખીને ઉપર ઘી રેડી થાળ પીરસીને પ્રભુને જમવા બેસાર્યા. પ્રભુતો જાણે મનપંસદ વસ્તુ મળી હોય તેમ આરોગવા માંડ્યા. મહારાજ જમતા જાય છે. પણ આજ વખાણ નથી કરતા કારણ શું જાણો છો ? ફક્ત મહારાજ માટે જ મેંદાની સેવો બનાવેલી પાછું તેમાં સાકરને બદલે મીઠું ને હરિભક્તો માટે બીજી વ્યવસ્થા કરી હતી. માટે મીઠું નાખેલી સેવો મહારાજ રાજી થઈને એકલા જમતા હતા.

ત્યાં સુરાબાપુ સામે જ બેઠેલા. તેમને થયું કે મહારાજ એકલા એકલા કાંઈક સારૂં જમતા લાગે છે. એટલે અજાણ્યા થઈને પૂછ્યું, "પ્રભુ ! આ લાંબુ લાંબુ શું જમો છો ?" મીઠાના બદલે સાકર હોત તો પ્રભુ પ્રસાદ રૂપે જરૂર આપત કેમકે એમનો સ્વભાવ હતો કે -

જણસ સ્વાદુ રે, જણાય જમતાં જમતાં,
પાસે હરિજન રે, બેઠા હોય મન ગમતાં,
તેમને આપી રે, પછી પોતે જમે.'

પોતે જમતા હોય ત્યારે બાજુમાં પ્રિય ભક્તો બેઠા હોય તેમને પ્રસાદ આપીને જમતા. પણ આ પ્રસાદ આપવી કેમ? આ તો ભગવાન સિવાય કોઈને ભાવે તેવી નહોતી એટલે પ્રભુ કહે છે સુરાબાપુ આ તમારાથી ખાધી જાય તેમ નથી. આ સાંભળીને અંજુબહેન બોલ્યા કે મહારાજ તો બીજી વધારે સાકર લાવું ? પ્રભુ કહે છે ના આટલી બહુ છે. થાળ જમી પ્રભુ ઉભા થયા પછી પેલાં બહેને પ્રસાદી લીધી તો ખબર પડી કે આ તો પ્રભુને સાકરને બદલે મીઠું નાખેલી સેવો જમાડી, ખૂબ પસ્તાવો થવા લાગ્યો. પ્રભુ પાસે જઈને માફી માગી ગદ્‌ગદ્ થઈ ગયાં. ત્યારે પ્રભુ બોલ્યા કે, "હવે તમે સારૂં બનાવી બનાવીને સો વાર જમાડશો તો પણ એવો સ્વાદ નહિ આવે. એ તો પ્રેમનો સ્વાદ હતો.

પ્રેમનો સ્વાદ ચાખવા પ્રભુ વારંવાર ધરતી પર પધારે છે. માટે જ તો શબરીનાં બોર આરોગવા દોડી ગયા હતા. એટલે જ તો સુદામાના પૌઆ આરોગીને ખુશખુશાલ બની ગયા હતા. એટલે જ તો વિદૂરજીના પત્નીએ આપેલી મોળી ભાજી ભરપેટ આરોગેલી. એટલે જ તો જીવણભક્તનો મઠનો રોટલો હોંશેહોંશે સ્વીકારેલો. જ્યાં જ્યાં ભાવ ભળ્યો ત્યાં ત્યાં ભરપેટ જમ્યા તેના જે જે મનોરથો હતા તે પૂરા કર્યા.

માટે સજ્જનો ! ભગવાનને ઘરે બોલાવવા માટે ભાવથી ભક્તિ કરવી. વચનામૃતમાં શ્રીજી મહારાજે કહ્યું છે કે, "શ્રધ્ધાએ સહિત અને ઈર્ષાએ રહિત ભગવાનની ભક્તિ કરવી. આવી ભક્તિથી ભગવાન વશ થાય છે.

ભક્તિસુધા

જેતલપુરમાં બહેનોની સભામાં પ.પૂ.અ.સૌ. ગાદીવાળાશ્રીના આશીર્વચન મનુષ્ય દેહની મહત્તા !

(સાંખ્યયોગી નર્મદાબા (જેતલપુર હવેલી)

તમે બહુ ભાગ્યશાળી છો ! બહુ પુણ્યશાળી આત્મા હોય તેને આવો લાભ મળે છે. આ સંસારનું સુખ-સુવિધા એક ભ્રમણા માત્ર છે. સંસાર ક્ષણભંગુર છે. આ સુખ કાલે નહોતું અને આવતી કાલે ખબર નહી હોય કે ન હોય. માટે મનુષ્ય દેહની મહત્તાને સાર્થક કરી લેવી. સમયની રાહ નહીં જોવાની, કેમ કે કાલ કોને જોઈ છે. ઈશ્વરની કૃપા આપણા ઉપર કાયમ વરસતી જ હોય છે. સૂર્યનો પ્રકાશ ધરતી ઉપર પડતો હોય પણ જો ઘરના બારી બારણા કે પડદો બંધ હોય તો સૂર્યનો પ્રકાશ દેખાય ? ન દેખાય. માટે ઈશ્વર કૃપા સમજવા માટે અંતઃકરણમાં ડુબકી મારવી પડે છે. પરમાત્મા આપણા અંદર જ છે.

એક ભિખારી બેઠો હતો ત્યાંથી સંત પસાર થયા. સંતે દિવ્ય દ્રષ્ટિથી જોઈ લીધું કે ભિખારી જ્યાં બેઠો છે ત્યાં સોનાનો ખજાનો છે. પણ તેને ખબર નથી. સંતે ભિખારીને જઈને કહ્યું કે તું કેમ ભીખ માગે છે ? તું તો ખૂબજ શ્રીમંત છે. આ પથ્થર ઉખાડીને ખાડો ખોદ એટલે તેમાંથી ચરૂ નીકળશે. એટલે ભિખારીએ ખાડો ખોધ્યો તો ચરૂ નીકળ્યો. તેમ પરમાત્મા આપણી અંદરજ છે. પણ આપણે જોઈ શકતા નથી. માટે સંસાર અને આ શરીર ક્ષણભંગુર છે એમ માનીને ભગવાનને ઓળખી ભક્તિ કરવી. આ જગતની માયા કપુર છે. અને ભગવાનની મૂર્તિ આરતી સ્વરૂપ છે. એટલે સત્યએ મૂર્તિ જેવું છે. માયા કપુર જેવી છે. પણ માણસ સમજી શકતો નથી. આપણે મિથ્યા જગતને સત્ય સમજીને બેસી ગયા છીએ. જેમ રેતી ઉપર નામ લખ્યું હોય ને પાણી આવે કે પવન આવે તો ભૂંસાઈ જાય. તેમમાયા ક્ષણભંગુર છે. માટે સત્યની મહત્તાને સમજી ભક્તિ કરી લેવી. સુખમાં છલકાઈ ન જવું ને દુઃખમાં દુઃખી ન થવું. જ્યારે સુખ આવે ત્યારે દુઃખની મહત્તા સમજાય છે. અને જ્યારે દુઃખ આવે ત્યારે સુખની મહત્તા સમજાય છે.

એક ગરીબ માણસ હતો. ત્યાં એક શેઠ લાડુંના પડીકા આપવા માટે લઈ આવ્યાં. ત્યાં એક ઝાડ નીચે એક ભિખારણ તેના બે દીકરા લઈને બેઠી હતી. પેલા શેઠે ત્યાં આવીને ભિખારણને ત્રણ પડીકા આપીને ચાલતા થયા. તો પેલી ભિખારણ શેઠની પાછળ દોડી અને એક પડીકું પાછું આપ્યું. તો પેલા શેઠે કહ્યું કે તમે તો ત્રણ જણા છો. તો ભિખારણે કહ્યું કે મારો એક દીકરો પાંચ મહિનાનો છે. તેથી તેને દાંત નથી. તો શેઠે કહ્યું કે રાખી દે તને સાંજે કામ આવશે. પેલી ભિખારણે કહ્યું કે મારૂં સવારનું જમવાનું નક્કી નહોતું તો ભગવાનને ચિંતા થઈ, તેમ સાંજનું પણ અમારું પેટ ભગવાન ભરશે. જેને ભગવાનના નામઉપર શ્રધ્ધા હોય તેનું કામ ભગવાન જરૂર કરે છે. અને આપણે તો લાડવા ખાઈને ભજન કરવાનું છે. જ્યારે પૂર્ણ પુરૂષોત્તમ ભગવાન આપણને મળ્યા છે તો તમે બધા કથામાં આવજો અને આવો લાભ ભાગ્યશાળીને જ મળે છે. ખૂબ શ્રધ્ધા પૂર્વક ભજન ભક્તિ કરજો. ને ઘરમાં સંસ્કાર હોય છે તે સ્ત્રી ઉપર હોય છે. ઘરને સ્વર્ગ બનાવવું કે નર્ક બનાવવું તે સ્ત્રી ઉપર હોય છે. અમુક જગ્યાએ જોવા મળે છે કે ઘરમાં બે-ચાર ભાઈ બહેનો હોય તો લગ્ન પહેલા પ્રેમથી રહેતા હોય છે અને લગ્ન કર્યા પછી એક બીજાના સામું પણ જોવા માંગતા નથી. ઘરમાં બાળક જેવું દેખે છે તેવું કરે છે. એક પિતા, પુત્ર અને પુત્રવધુ ત્રણે સાથે રહેતા હતા. બાપા સાથે રહે તે પેલી સ્ત્રીને ગમે નહી. કેમ કે ઘરડાં બાપા જમવા બેસે ત્યારે હાથ ધ્રૂજે અને હાથમાંથી કાચની વાટકી કે ગ્લાસ પડે એટલે તુટી જાય અને વહુ ખિજાઈને કહે કે જેમ તેમ વાસણ તોડી નાંખે છે. એટલે એક લાકડાનું વાસણ લઈ આવ્યા ને તેમાં જમવા આપે. પેલા બાપા જે આપે તે જમી લે. એક વખત તેનો નાનોછોકરો લાકડીઓ લઈને રમતો હતો. પેલી સ્ત્રીએ પૂછ્યું કે તું શું કરે છે ? તો પેલો છોકરો કહે કે હું વાટકો બનાવું છું. તમે મોટા થાવ ત્યારે મને કામ લાગે ને ! માટે સંસ્કાર આપવા તે સ્ત્રીનું જ કામ છે.

અંતમાં પ.પૂ. ગાદીવાળાશ્રીએ કહ્યું હતું કે તમે જેતલપુરના ભક્તો બહુ ભાગ્યશાળી છો. અહીં પૂનમના દિવસે તમે જોતા હશો કે દૂર-દૂરથી કેટલાય ભક્તો દર્શન કરવા આવે તેને ભીડમાં ભગવાનની ઝાંખી પણ નહી થતી હોય અને તમે આ સ્થાનમાં બબ્બે કલાક સુધી બેસીને ભજન ભક્તિ કરી શકો છો. તમોને અહી સત્સંગ સમજાવવા વાળા ત્યાગી બહેનો પણ મળ્યા છે. તો નિત્ય સત્સંગમાં આવશો અને કાંઈક જાણશો તો જીવનમાં સુખી થશો અને બીજાને પણ સુખી કરી શકશો. તમારો સત્સંગ દિન-પ્રતિદિન ખૂબ ખૂબ આગળ વધતો રહે અને ખૂબ સુખીયા થાવ એજ.

●

આપણા શ્રી નરનારાયણદેવ

- પ્રિયા પટેલ (લંડન)

ભરતખંડ એ દેવોની તેમજ ઋષિ-મુનિઓ અને સાધુ સંતોની પવિત્ર જન્મ ભૂમિછે. ભરતખંડમાં મનુષ્ય તરીકે જન્મ લેવા માટે ૧૦૦ જન્મોનાં પુણ્ય જોઈએ. ઈન્દ્રાદિ દેવતાઓ પણ એવું ઈચ્છતા હોય છે કે તેઓ આ પુણ્ય ભૂમિ ઉપર જન્મ લે અને મોક્ષ પ્રાપ્ત કરે.

આ ભરતખંડના અધિષ્ઠાતા એના રાજા કોણ છે ? તે છે

આપણા પોતાના શ્રી નરનારાયણદેવ ! ઘણાં લોકોને એની જાણ નથી કે શ્રી નરનારાયણદેવનો પ્રાદુર્ભાવ કેવી રીતે થયો. જ્યારે આ સૃષ્ટિમાં શ્રી પુરૂષોત્તમનારાયણ (શ્રીજી મહારાજ) સિવાય બીજા કોઈનું અસ્તિત્વ ન હતું તે સમયે મહારાજે જગત સર્જન કરવાનું નક્કી કર્યું. વૈશ્વિક ઉત્ક્રાંતિના સમયે શ્રીજી મહારાજે અક્ષર પુરૂષ તરફ દૃષ્ટિ કરી અને તેના પરિણામે અક્ષર પુરૂષના હૃદયકમળમાંથી બ્રહ્મા ઉત્પન્ન થયા અને બ્રહ્માજીએ આજ્ઞા પ્રમાણે જગત ઉત્પન્ન કર્યું, સૌ પ્રથમ માનસપુત્રો ઉત્પન્ન કર્યા, તેમાં ધર્મ અને ભક્તિનું જોડકું ઉત્પન્ન કર્યું, શ્રીજી મહારાજે શ્રી ધર્મદેવને તેમજ તેમના ધર્મપત્નિને અનંત વિશ્વમાં રહેવાની આજ્ઞા કરી જેથી કરીને જે કોઈ ધર્મનું આચરણ કરે તેને અનંત સુખ પ્રાપ્ત થાય. સ્વાભાવિક રીતે જ શ્રી ધર્મદેવ પ્રભુની પાસે રહેવા ઈચ્છતા હતા અને તેમની પાસેથી દૂર ખસવા ઈચ્છતા ન હતા. આ સાંભળીને શ્રીજી મહારાજે કહ્યું, "આપ બન્ને જ્યાં હશો ત્યાં હું રહીશ. અત્યારે આપ આપના ધામ વિષ્ણુપુર અને વિશ્વમાં વિચરણ કરો. પછીથી હું પોતે આપને ત્યાં આપના પુત્ર તરીકે અવતરીશ."

આમ ઘણા કલ્પો વીતી ગયા અને ધર્મદેવ ભગવાનના દર્શન માટે આતુર બન્યા. બન્ને પતિ અને પત્ની પૃથ્વી ઉપર આવ્યા અને દેવ નદી (સાબરમતી)ના પાવન તીરે ઉગ્ર તપશ્ચર્યા કરી. જે હાલના અમદાવાદ શહેરના નારાયણઘાટ તરીકે જાણીતું છે. ઈશ્વરને સમર્પિત હોવાને કારણે તેમનું તપ ક્ષણે-ક્ષણે વધુ ને વધુ તીવ્ર અને ઉગ્ર બનતું ગયું. તેમણે ઘણી શારીરિક, માનસિક યાતનાઓ સહન કરી પરંતુ તેઓ તેમના ધ્યેય ભગવાનના દિવ્ય દર્શનથી જરાય પણ ચલિત ન થયા. આમ, ઘણાં યુગો વીતી ગયા. એક દિવસ ધર્મદેવને તેમના હૃદયમાં શ્રીજી મહારાજનાં દિવ્ય દર્શન થયા અને સર્વત્ર તેજપુંજ છવાઈ ગયો. તરત જ બધા દેવી-દેવતાઓ ત્યાં હાજર થયા. કારણ કે તેમને અહેસાસ થયો કે સર્વશક્તિમાન ભગવાનનું પૃથ્વી ઉપર અવતરણ થયું છે. શ્રીજી મહારાજે ચાર સ્વરૂપ ધારણ કર્યા છે. હરિ, કૃષ્ણ, નર અને નારાયણ. આ પ્રસંગે પૃથ્વી ઉપર સૌ પ્રથમ વખતે પ્રણવનાદ થયો અને જે સ્થળે ઈશ્વરનું નિવાસ હતું તે પવિત્ર નદીના કિનારે દિવ્ય મંડપની રચના કરવામાં આવી અને અગણિત દિવ્ય આત્માઓએ દિવ્ય-દર્શન અને પૂજન કર્યું. દેવતાઓ બાદ દેવીઓ અને અપ્સરાઓ પૂજન-અર્ચન માટે આવી. પરંતુ નર દેવે વિનંતી કરી કે તેઓ હરિ અને કૃષ્ણનું જ પૂજન કરે કારણ કે નર અને નારાયણ બંન્ને દેવ બ્રહ્મચર્યના વ્રતનું પાલન કરવા ઈચ્છતા હતા. બન્ને દેવોએ બદ્રિકાશ્રમજવાની ઈચ્છા વ્યક્ત કરી જ્યાં તેઓશ્રી તપશ્ચર્યા કરવાના હતા.

પછી નર અને નારાયણદેવે બદ્રીકાશ્રમમાં બદ્રિ (બોરડી)ના વૃક્ષ નીચે તપશ્ચર્યા કરી. બન્ને એ પૃથ્વીને રાક્ષસોથી મુક્ત કરવા માટે અનેક સ્વરૂપમાં અવતાર લીધો છે. સત્તયુગમાં ઉત્તર ફાલ્ગુન નક્ષત્ર દરમ્યાન ભગવાન શ્રી નરનારાયણદેવનો અવતાર થયો. બન્ને દેવો નાના બાળક તરીકે નહીં પરંતુ બટુક બ્રહ્મચારી તરીકે અવતર્યા. ૩૩ કરોડ દેવતાઓએ તેમના અવતારને ઉત્સવ તરીકે મનાવ્યો અને શ્રી ધર્મદેવની ઈચ્છાનુસાર દિવ્ય સુગંધીત ફૂલોથી હિંડોળા બનાવ્યા.

કળિયુગમાં દુર્વાસા ઋષિના શાપને કારણે નર નારાયણદેવ જ સર્વોપરિ ભગવાન શ્રી સ્વામિનારાયણ સ્વરૂપે અવતરણ થયું. વચનામૃતમાં ઘણાં પ્રકરણોમાં જેમઉલ્લેખ છે. ભગવાન શ્રી સ્વામિનારાયણે શ્રી નરનારાયણદેવનું સ્થાન આગવી રીતે અને પ્રધાનપણે પ્રસ્થાપિત કર્યું છે : "મને ધ્યાનથી સાંભળો, હું જે છે એ કહું છું : ઈશ્વરની ભક્તિથી વિશેષ કશું જ નથી. કારણ કે ઈશ્વર જ સર્વેનો કર્તા છે. અને ઈશ્વરની કૃપાથી હું મારી ઈચ્છાનુસાર કંઈપણ કરી શકું છું. કારણ કે હું નરનારાયણ ઋષિ છું. (વચ.)

અક્ષરધામના અધિપતિ શ્રી પુરૂષોત્તમધર્મદેવ અને ભક્તિદેવી થકી આ પૃથ્વી ઉપર શ્રી નરનારાયણ ઋષિ તરીકે અવતર્યા અને પછી બદ્રીકાશ્રમમાં તપશ્ચર્યા કરી. શ્રી નરનારાયણદેવે કળિયુગમાં પૃથ્વી ઉપર અધર્મનો નાશ કરવા માટે, રાક્ષસી તત્વોનો સંહાર કરવા માટે તેમજ ધર્મનું સ્થાપન કરવા માટે અવતાર લીધો છે અને ભક્તિ, ધર્મ, જ્ઞાન અને વૈરાગ્યનો પક્ષ રાખ્યો છે.

વારંવાર હું મારા વચનોમાં શ્રી નરનારાયણદેવની મહત્તા વિશે વાત કરું છું. કારણ કે આ સભામાં દરરોજ અક્ષરાધિપતિ શ્રી કૃષ્ણ પુરૂષોત્તમબિરાજે છે અને તે મારા સ્વરૂપમાં બિરાજે છે.

અવાર-નવાર પૂછાતાં પ્રશ્નો અને તેના ઉત્તરો !!

આપણે સૌ જાણીએ છીએ કે યુવાનો અવાર-નવાર શ્રી નરનારાયણદેવ અને દેશ-વિભાગ વિશે પ્રશ્ન પૂછતાં હોય છે. અહીં આપણા સત્સંગના અનુભવના આધારે આ પ્રશ્નોના ઉત્તર આપવાનો નમ્ર પ્રયાસ કર્યો છે.

પ્રશ્ન -૧. આપણી નિત્ય પૂજામાં શ્રી નરનારાયણદેવની મૂર્તિ-પ્રતિમા રાખવાનું શા માટે ફરજીયાત છે ?

ઉત્તર-૧. 'વચનામૃત'માં સર્વોપરિ ભગવાન શ્રી સ્વામિનારાયણે કહ્યું છે કે અમદાવાદ મંદિરમાં શ્રી નરનારાયણદેવની મૂર્તિની સ્થાપના તેમણે બાથમાં લઈ સ્વહસ્તે કરી છે તે પોતાનું જ સ્વરૂપ છે અને બંન્ને વચ્ચે કોઈજ તફાવત નથી. ગઢડા પ્રથમ પ્રકરણ ૪૮ માં શ્રીજી મહારાજે આજ્ઞા કરી છે કે દરેક હરિભક્તે તેમની પૂજામાં શ્રી નરનારાયણદેવની મૂર્તિ રાખવી. અને જે હરિભક્ત આ આજ્ઞાનું પાલન કરશે તો શ્રી નરનારાયણદેવ તે મૂર્તિમાં નિત્ય નિવાસ કરશે. કારણ કે સર્વોપરિ ભગવાન અને શ્રી નરનારાયણદેવ બન્ને એક જ છે. અને એટલે જ પૂજા વગર

એકપણ દિવસ જવો ન જોઈએ. એ નોંધવું જોઈએ કે આ આજ્ઞા અમદાવાદ અને વડતાલ એમબંન્ને ગાદીના તમામહરિભક્તોને લાગુ પડે છે. શ્રી નરનારાયણદેવની મૂર્તિ વગરની નિત્ય પૂજા એ સંપૂર્ણ ગણાતી નથી.

શ્રી નરનારાયણદેવ થકી ભગવાન શ્રી સ્વામિનારાયણ આપણા સત્સંગમાં સદાય હાજર જ છે. અને તેઓ તેમના દરેક ભક્તને સર્વ રીતે સહાય કરે છે પછી તે બાબત ધંધા-રોજગારની હોય, સ્વાસ્થ્યની હોય કે અન્ય કોઈપણ સાંસારિક બાબત હોય. આપણે બધા જાણીએ છીએ કે કાલુપુર મંદિર અમદાવાદમાં વિરાજમાન શ્રી નરનારાયણદેવ હરિભક્તોની ઈચ્છાઓ હંમેશા પૂર્ણ કરે છે. તાજેતરના સમયમાં બનેલ ત્રણ ચમત્કારિક દિવ્ય ઘટનાઓ સિધ્ધપુર મંદિરમાં શ્રીજી મહારાજના પગલા, મહેસાણામાં કશળીબાઈના ઘરમાં પ્રસાદીના પગલાં તેમજ કાલુપુર મંદિરમાં આપણા પોતાના બાલસ્વરૂપ શ્રી ઘનશ્યામમહારાજના પ્રસ્વેદ બિંદુઓ એ સત્ય હકીકતનું સમર્થન અને પુષ્ટિ કરે છે કે શ્રી નરનારાયણદેવ દ્વારા શ્રીજી મહારાજ આપણા સત્સંગમાં આજે પણ હાજરા હજુર છે. આજ દિન સુધી અને આપણાં સૌનાં કલ્યાણ માટે શ્રી નરનારાયણદેવ બદ્રિકાશ્રમમાં તપશ્ચર્યા કરી રહ્યાં છે. આપણે સૌ ખૂબજ ભાગ્યશાળી છીએ કે આપણને તેમની સેવા કરવાનો અમૂલ્ય લ્હાવો મળ્યો છે. અને આજીવન પણ તેમનો ઉપકાર માનીએ તો પણ તે અપૂરતું ગણાય.

પ્રશ્ન-૨. શ્રી નરનારાયણદેવ પ્રત્યે આપણી શી ફરજ છે?

ઉત્તર-૨. શ્રીજી મહારાજે એવું પણ કહ્યું છે કે આપણે સૌ શ્રી નરનારાયણદેવના સેવકો છીએ અને તેથી તેમને રાજી રાખે તેમાં આપણે સૌએ રાજી રહેવું જોઈએ. સત્સંગ વધવો કે ઘટવો એ તેમની ઈચ્છાનુસાર જ હોય છે. આ પ્રસંગે શ્રીજી મહારાજ એક હાથી અને એક ગધેડાનું સ્થાન અને તેનું મહત્વ સમજાવે છે અને દરેક પરિસ્થિતિમાં સારી કે ખરાબ - આપણને સંતુષ્ટ રહેવાનું કહે છે. સર્વેએ શ્રી નરનારાયણદેવ પ્રત્યે અપાર સ્નેહ નિષ્ઠા રાખવી જોઈએ અને તેમના ચરણકમળની હૃદયપૂર્વક પૂજા-અર્ચા કરવી જોઈએ.

પ્રશ્ન-૩. શ્રી નરનારાયણદેવ બે સ્વરૂપોમાં શા માટે દેખાય છે?

ઉત્તર-૩. પ્રથમદૃષ્ટિએ તો શ્રી નરનારાયણદેવ બે સ્વરૂપમાં દેખાય છે. પરંતુ અંતઃચક્ષુ અને દિવ્ય દૃષ્ટિથી જોતાં બન્ને એકબીજાથી અલગ નથી પરંતુ એક જ છે. 'ભક્તચિંતામણી'માં આ જાદુઈ રહસ્ય વિશે શ્રી નિષ્કુળાનંદ સ્વામી કહે છે : "છો તો એક ને દિસો છો દોય." તેમણે કહ્યું છે કે, "તમે ભલે એક છો. પરંતુ તમે બે સ્વરૂપમાં દર્શન આપો છો." અને બહુજ થોડાં લોકો આ ભેદ પામી શકે છે. ધર્મદેવ અને મૂર્તિદેવી થકી ભગવાને ચાર સ્વરૂપમાં અવતાર લીધો. પરંતુ આ ચારેય એક જ સ્વરૂપ છે. ભક્તની ઈચ્છા મુજબ ભગવાન જુદા-જુદા સ્વરૂપ ધારણ કરે છે અને તેથી એક સમયે એવું લાગે છે કે ભગવાન એક સમયે એક સ્વરૂપમાં છે અને બીજા સમયે બીજા સ્વરૂપમાં. અને તેથી જો શ્રી નરનારાયણદેવ બે સ્વરૂપમાં દેખાય છે તે પણ પોતાની ઈચ્છાનુસાર જ છે. આ પૃથ્વી ઉપર શ્રી નરનારાયણ ભગવાને અનેક વખત-અવતાર લીધો છે. નર એટલે 'અર્જુન' એ એક અર્થમાં જ સત્ય છે. (શિક્ષાપત્રી શ્લોક-૧૧૦) શાસ્ત્રોના એ કથનને સમજવું અગત્યનું છે કે જ્યારે ભગવાને શ્રીકૃષ્ણ તરીકે જન્મ લીધો ત્યારે તેમની ઈચ્છા મુજબ જ નર ભગવાને અર્જુનમાં નિવાસ કર્યો. કૃષ્ણ ભગવાનના નિજધામગમન બાદ નારાયણ ભગવાને પણ અર્જુનનો દેહ છોડી દીધો અને તે એક સામાન્ય માનવી બની ગયાં.

પ્રશ્ન-૪. શ્રી નરનારાયણદેવ ભગવાન શ્રી સ્વામિનારાયણને અતિ પ્રિય કેમ છે? અને જ્યાં તેઓ હાજરા હાજુર છે તેવા પવિત્ર સ્થાન બદ્રિકાશ્રમની યાત્રા-કરવી શું ફરજીયાત છે?

ઉત્તર-૪. શ્રી નરનારાયણદેવ એ ભગવાન શ્રી સ્વામિનારાયણના અવતારોમાંના એક છે. તેમના બધા જ અવતારોમાં શ્રી નરનારાયણદેવનો અવતાર તેમને સૌથી વધુ પ્રિય છે અને તેમના હૃદયનો સૌથી નજીકનો છે અને તેથી જ શ્રીજી મહારાજે સૌ પ્રથમ મંદિર અમદાવાદમાં નિર્માણ કરાવ્યું અને તેમણે પોતે સ્વહસ્તે જ શ્રી નરનારાયણદેવની મૂર્તિની સ્થાપના નિજ મંદિરમાં કરી. એ સમયે ભગવાને કહ્યું, "અમે બંન્ને એક જ છીએ અને હરિભક્તોએ તેમાં કોઈ ભેદ ન જાણવો." તેમણે એમ પણ કહ્યું કે શ્રી નરનારાયણદેવ બ્રહ્મધામમાં નિવાસ કરે છે. શ્રીજી મહારાજને આ મંદિર અતિ પ્રિય છે. શ્રીજી મહારાજે જ શ્રી નરનારાયણદેવને આપણા ઈષ્ટદેવ કહ્યાં છે અને તેઓ આ સભામાં શ્રી નરનારાયણદેવ થકી પ્રત્યક્ષ બિરાજે છે. નિષ્કુળાનંદ સ્વામીએ કહ્યું છે કે શ્રી નરનારાયણદેવ જ્યાં હાજરા હજૂર છે તેવા પવિત્ર સ્થાન શ્રી બદ્રિકાશ્રમ સુધી પહોંચવું બહુજ કઠીન છે અને એટલે જ હરિભક્તો અમદાવાદ મંદિરમાં શ્રી નરનારાયણદેવના દર્શન કરવા આવે છે અને શ્રી નરનારાયણદેવના દર્શન કરે છે તેમને બદ્રિકાશ્રમની યાત્રા-દર્શન કર્યાં જેટલું જ પુણ્ય પ્રાપ્ત થાય છે.

પ્રશ્ન-૫. આપણે શ્રી નરનારાયણદેવને શું અર્પણ કરી શકીએ?

ઉત્તર-૫. શ્રી નરનારાયણદેવની દિવ્ય મૂર્તિ એકદમ દૈદિપ્યમાન અને પ્રશાંત-શક્તિમય છે. તે અહંકાર અને ક્રોધથી પર છે અને તેથી તેના આશ્રિત તરીકે આપણે પણ અહંકાર અને ક્રોધથી મુક્ત થવું જોઈએ. મુક્ત રહેવું જોઈએ અને તેમને રાજી રાખીને સતત તેમના સાનિધ્યમાં રહેવું જોઈએ.

"સંત એ અવનિનું અમૃત છે"

સાંખ્યયોગી કોકીલાબા (સુરેન્દ્રનગર)

ભક્ત થયા પછી કોનો સંગ કરવો ? કોનો ન કરવો ? કોની વાત માનવી ? કોની પાસે બેસવું ? તો ભગવાનનો ભેટો થાય. આ વિવેક બહુ જરૂરી છે. આવો સુક્ષ્મવિવેક શ્રીજી મહારાજે નારાયણ ગીતામાં કહ્યો છે. શ્રીજી મહારાજ કહે છે હે ભક્તો ! સંતોના સમાગમથી ધર્મ જ્ઞાન-વૈરાગ્ય યુક્ત ભક્તિ જીવનમાં આવે છે. સંતોના સમાગમથી ભગવાનનો મહિમા સમજાય છે. પૃથ્વીમાં રહેલા તીર્થોનું માહાત્મ્ય પણ સંતોના સમાગમથી જ જાણવા મળે છે. સંતોના સમાગમથી જન્મ-મરણનું દુઃખ ટળી જાય છે ને ભગવાનનું અવિનાશી ધામમળી જાય છે. સંતો તમામ જીવ પ્રાણીનું હિત કરનારા છે. મોક્ષનો સાચો માર્ગ બતાવનારા અને પ્રભુની સાક્ષાત્ પ્રાપ્તિ કરાવનારા સંતો જ છે.

સંત એ અવનિનું અમૃત છે. ભૂલોકની ભાગીરથીને વસુંધરાનો વૈભવ છે. સંત એક એવું માન સરોવર છે કે જેમાં કંસ જેવી વ્યક્તિ ડુબકી લગાવે તો હંસ બને છે. અને પછી પરમહંસ બને છે. મુક્તાનંદ સ્વામી પણ કહે છે જે ને પરમાત્માના ધામને પામવાની ઈચ્છા હોય તો સંતોનો સમાગમ કરો. સંતો તમામ જીવ પ્રાણીમાત્રનું હિત કરનારા છે. મોક્ષનો સાચો રાહ બતાવનારા અને પ્રભુની સાક્ષાત્ પ્રાપ્તિ કરાવનારા સંતો જ છે. તેઓને અંગત સ્વાર્થ કોઈ હોતો નથી.

સંત એ ખુદ અત્તરની દુકાન છે. અત્તરની દુકાન પર બેસો એટલે જુદા જુદા અત્તરની સુગંધ આવશે જ. તેમ સંત પાસે બેસવાથી જુદી જુદી બધીય સમસ્યાઓ દૂર થઈ જવાની. ને પામરને પતિત જીવો પણ પ્રભુનું ભજન કરતા થઈ જશે. "સંતોની એવી સઘળી ક્રિયાય, કુસંગી દેખી સત્સંગી થાય." બ્રહ્મા જેવો બુદ્ધિમાન હોય છતાં સત્સંગ ન થાય ત્યાં સુધી ભગવાનનું સ્વરૂપ ન સમજાય. કરોડ વર્ષના જપ, તપ અને ધ્યાનથી જે ફળ થાય તેથી પણ વિશેષ ફળ એક દિવસના સત્સંગથી થાય છે. સત્સંગ વિના વિષયનો ત્યાગ થઈ શકે નહિ. અને ધર્મ પાળવાનું બળ પણ આવે નહિ. માટે ઈર્ષા અને માનને મૂકીને સત્સંગ કરવો. ભીમનાથના રાંકાની પેઠે ગરજુ થઈને સત્સંગ કરવો.

ભીમનાથમાં પહેલા સદાવ્રત અપાતું. તેથી દુષ્કાળના સમયે અનેક ભિખારીઓ થુલુ માગવા આવતા. અને પડાપડી કરે. તેથી સદાવ્રત આપનારા ધક્કો મારે, તેથી પડી જાય ને દડતા દડતા નિલકા નદીમાં જાય, તો પણ ઉભા થઈને થુલુ માંગવા આવતા. આમ ભીમનાથના ભિખારીને થુલાની ગરજ હતી. તેવી આપણે સત્સંગની ગરજ હોય તો ક્યારેય સત્સંગમાંથી પડાય નહિ. જેનો સંગ કરવાથી બ્રહ્મચર્ય આદિક પંચ વર્તમાનના નિયમો મજબુત થતા હોય. ભગવાનમાં અતિ પ્રેમ-ભક્તિ વધતી હોય, જ્ઞાન અને વૈરાગ્યની વૃધ્ધિ થતી હોય એવા સંત પુરૂષનો સમાગમ ક્યારેય કોઈની વાતે કરીને કે અપમાનની બીકે પણ છોડશો નહિ. ધર્મ-જ્ઞાન વૈરાગ્ય અને ભક્તિને વૃધ્ધિ કરાવે એવા સંતોને શીર સાટે પકડી રાખજો. તો જ તમારું કલ્યાણ થશે. સમાધિનિષ્ટ પુરૂષ હોય, તપ-ત્યાગાદિકે યુક્ત હોય, ધર્મ-ભક્તિ પરાયણ હોય, એવા સાચા સંતનો ત્યાગ કરે તો તે પુરૂષ, કામ, ક્રોધ આદિક અંતઃશત્રુથી પરાભવ પામી ચોક્કસ ભ્રષ્ટ થાય છે. એમાં કોઈ સંશય નથી. માટે ભગવાનમાં પ્રેમ વધારે એવા સંતોને ક્યારેય છોડતા નહિ. તેમાં જ આપણું રૂડું છે. આ લોકમાં આવા સાચા સંતોના સમાગમ કરતાં કોઈ દુષ્ટ લોકો આપણી નિંદા કરે, આબરૂ ઓછી કરે તો સહન કરીને પણ સાચા સંતના સમાગમનો ત્યાગ કરવો નહિ. રસોઈ શીખવામાં વિજ્ઞાન-ગણિત શીખવામાં, ગાડી શીખવામાં, શીખવાડનારની જરૂર પડે. તો શું બ્રહ્મવિદ્યા અને ભગવદ્ પ્રાપ્તિ કરવામાં અને ભગવાનની પ્રસન્નતા મેળવવી એ સદ્‌ગુરૂ વિના શક્ય છે ?

મોટા મોટા ઋષિ, મહર્ષિઓ જેવા કે વિશ્વામિત્ર, સૌભરી પરાશર, ચ્યવન, બૃહસ્પતિ વિગેરે કેટલાય "ગુરૂ ગમ વિના" મોક્ષ માર્ગથી ચલિત થયા છે. ભરતજી ગુરૂ વિના ગોવિંદ પામવા ગયા તો રાજ્યનો ત્યાગ કર્યો હોવા છતાંય મૃગમાં બંધાયા અને ઉર્ધ્વગતિને બદલે અધોગતિને પામ્યા. પછી ત્રીજે જન્મે જડભરત થયા. ને રહુગણ ને કહે છે, હે રાજા ! ગમે તેટલા જપ, તપ, યજ્ઞ, યાગથી પ્રભુ પમાતા નથી. પણ સત્સંગથી જ મોક્ષના દ્વાર ખૂલે છે. માટે મનમુખી નહિ પણ સંત મુખી જીવન જીવો. સંત સેવા એ પ્રભુ પ્રાપ્તિનું અમોઘ સાધન છે. જેનાથી જીવન આનંદમય બની જાય છે. ને શાશ્વત સુખના દ્વાર ખૂલે છે.

રામકૃષ્ણ પરમહંસના ગુરૂનું નામલોલાપુરી હતું. તે સિધ્ધ પુરૂષ અને વચન સિધ્ધ હતા. તેના સંગમાં આવતાં અનેકના જીવન પલટાયા હતા. અરે ! ઘણાને તો ભગવાનના દર્શન પણ થતા ! છતાં ગુરૂદેવ નિત્યે નિયમિત સમયે ધ્યાન તથા શાસ્ત્રનો અભ્યાસ અને સત્સંગ કરતા. એક સમયે વિનયપૂર્વક રામકૃષ્ણે પૂછ્યું, ગુરૂ મહારાજ ! આપ જેવા સિધ્ધ પુરૂષને નિયમિત ધ્યાન-ભજન અને સત્સંગ કરવાની જરૂર ખરી ? ગુરૂદેવે નિજ છટામાં જવાબ આપતા કહ્યું, "આ સામે પડેલો લોટો જો. કેવો ઉજ્જવળ અને ચળકે છે. તેનું કારણ તું જાણે છે ? તે દરરોજ માંજવામાં આવે છે. તેમ ભગવાનનું ધ્યાન અને સત્સંગ દ્વારા આત્મારૂપી લોટાને દરરોજ ન માંજવામાં આવે તો આત્માને માયારૂપી ધૂળ ચડતા વાર લાગે નહિ. જે કૂવામાં પાણી હોય, તે ખેતર લીલું રહે, તેમ જે નિત્યે સત્સંગ કરશે તેનું જીવન ઉજ્જવળ રહેશે. માટે જીવને સુખીયો કરવો હોય તો શીર સાટે સત્સંગ કરવો. ધર્મકુળને આશ્રિત અને ધર્મકુળની આજ્ઞામાં જે વર્તતા હોય તેવા સંતોનો સમાગમ મોક્ષ અને કલ્યાણ અપાવે છે. તેનું ખાસ ધ્યાન રાખવું. બીજા ફાવે તેમ બોલે પણ સત્સંગ છોડવો નહિ. અને મનમાં ક્ષોભ પણ પામવો નહિ. સદા આનંદમાં રહી સત્સંગ કરવો.

પ્રશ્નપેટી

સાધુ ભક્તિનંદનદાસ ગુરુ શા.સ્વા. પુરુષોત્તમપ્રકાશદાસજી (શ્રી સ્વામિનારાયણ મંદિર, જેતલપુર)

પ્ર. : ૧ "એની શાપિત બુદ્ધિ છે તે કેમ સારી થાય? - ક્યા વનચામૃતમાં આ પ્રશ્ન કોણે પૂછેલ છે?

પ્ર. : ૨ જેતલપુરના લાલદાસ પટેલે પ્રભુ પાસે શું માગ્યું?

પ્ર. : ૩ નીલકંઠવર્ણી વેષે પ્રભુ જ્યારે સિરપુરના રાજા સિધ્ધવલ્લભને મળ્યા ત્યારે રાજાના મગજમાં કેવો અવિવેક અને કેવી માન્યતા હતી?

પ્ર. : ૪ "જીવ જો સાચો થઈને ભજન કરવા માંડે તો ભગવાન જરૂર સહાય કરે" - આ ઉક્તિ વાક્ય કોણ બોલ્યું છે?

પ્ર. : ૫ નિયમ, નિશ્ચિય અને પક્ષ એ ત્રણ વાના જેમાં હોય તેને પાકો સત્સંગી જાણવો. - શ્રીજી મહારાજે આ વાત ક્યા વચનામૃતમાં કરી છે?

પ્ર. : ૬ કૃપાળુ શ્રીહરિ વિચરણ કરતાં ઓળા પધાર્યા રતનબા નામે એક બહેન ઓળાના બહુ સારા સત્સંગી હતા. સ્વામિનારાયણ ભગવાન જ્યારે પધાર્યા ત્યારે ભગવાનનું સ્વાગત કંઈક જુદી રીતે થયું એમણે મહારાજનું સ્વાગત કઈ રીતે કર્યું?

પ્ર. : ૭ "માણીગર મોરલીવાળો, છબીલો, છેલ છોગાળો ખાંતે ખાંતે નિત રંગ ભેર ખેલે રે." - આ કીર્તનના રચયિતા કોણ છે?

ઓગસ્ટ-૨૦૧૦ માસના પ્રશ્નપેટીના સાચા ઉત્તરો અને ઉત્તરો આપનારના નામ

(૧) વૈશાખ માસની અવધિ આપીને સમજાવ્યા હતા? (૨) દિક્ષિત નામગોપાળાનંદ સ્વામી પૂર્વાશ્રમનું નામ ખુશાલ ભટ્ટ વતન ટોડલા, દિક્ષિત નામ બ્રહ્માનંદ સ્વામી પૂર્વાશ્રમનું નામ લાડુદાન ગઢવી વતન ખાણગામ, દિક્ષિત નામમુક્તાનંદ સ્વામી પૂર્વાશ્રમનું નામ મુકુન્દદાસ વતન અમરાપુર, દિક્ષિત નામનિત્યાનંદ સ્વામી પૂર્વાશ્રમનું નામ દીનમણી શર્મા વતન દતિયા (૩) ભગવાનની કથા સાંભળવી, સત્શાસ્ત્ર વાંચવા, ભગવાનના ગુણ કીર્તન કરવા, મહાપૂજા કરવી, મંત્રજાપ કરવો, સ્તોત્રનો પાઠ કરવો, પ્રદક્ષિણા કરવી અને દંડવત પ્રણામ કરવા. (૪) જ્યાં સ્નાન કરવાનું પવિત્ર સ્થળ હોય, દેવ દર્શન કરવા માટે પવિત્ર મંદિર હોય તેને સ્થાવર તીર્થ કહેવાય. (૫) હાડકા, માંસ, નાડી, ત્વચા અને રોમ. (૬) બ્રહ્મરૂપે કરીને ભગવાનની સેવા કરવી તે મુક્તિ તેના ચાર પ્રકાર (૧) સાલોક્ય (૨) સાર્ષ્ટિ (૩) સામીપ્ય (૪) સારૂપ્ય (૭) "મહારાજ જીવાત્માને શાંતિ શેમાંથી મળે છે?"

૧. સાં.યો. ચંદ્રિકાબા - લીંબડી
૨. પટેલ કંચનબેન બાબુભાઈ - રતનપર
૩. સાં.યો. શિલ્પાબા તથા શિતલબા - હવેલી
૪. સાં.યો. કોકીલાબા, ઉષાબા - સુરેન્દ્રનગર
૫. સોની દક્ષાબેન ઘનશ્યામભાઈ - અમદાવાદ
૬. પટેલ વિષ્ણુભાઈ જીવાભાઈ - સીતાપુર
૭. ભાવસાર કલાવતીબેન નંદલાલ - વિસનગર
૮. ભાવસાર સુમિત્રાબેન નરેશભાઈ - વિસનગર
૯. મોદી રંજનબેન રમેશભાઈ - વિસનગર
૧૦. સીતાપરા ગોરધનભાઈ વી. - બાપુનગર
૧૧. સુહાગીયા હર્ષાબેન - બાપુનગર
૧૨. સુહાગીયા ઘનશ્યામભાઈ - બાપુનગર
૧૩. પટેલ સાકરબેન નટવરભાઈ - નાંદોલ
૧૪. પટેલ શારદાબેન કાંતિભાઈ - નાંદોલ
૧૫. પટેલ કૈલાશબેન વિષ્ણુભાઈ - નાંદોલ
૧૬. સાંખ્યયોગી બાઈઓ - સ્વા. મંદિર મોરબી (જુનું)
૧૭. પટેલ માણેકબેન મણીલાલ - દહેગામ
૧૮. ખંધડિયા ભાવનાબેન કમલેશકુમાર - મોરબી
૧૯. પટેલ ગંગાબેન ભક્તિભાઈ - ઝુલાસણ
૨૦. પટેલ ભક્તિભાઈ - રાણીપ
૨૧. પટેલ જ્યોત્સનાબેન રાજુભાઈ - આનંદપુરા
૨૨. પટેલ મેઘાબેન કમલેશભાઈ - કુહા
૨૩. કેરાઈ પ્રેમીલાબેન જાદવા - રામપર (વેકરા)
૨૪. કડીયા દિના જયસુખભાઈ - ઈન્દૌર (મ.પ્ર.)
૨૫. ચંદ્રિકાબેન-જ્યોત્સનાબેન - જીરાગઢ
૨૬. પરમાર નંદલાલ એમ. - ભક્તિનગર (હળવદ)
૨૭. પટેલ ગોરધનભાઈ શંકરદાસ - સોજા
૨૮. મોદી અમૃતલાલ ક. - સોજા
૨૯. વિઠ્ઠલાપરા અમરશીભાઈ - નવસારી
૩૦. સુહીગીયા જયમીન કે. - હીરાવાડી
૩૧. ટાંક પ્રગતિબેન - જીરાગઢ

સત્સંગ સમાચાર

અમદાવાદ મંદિરમાં પ.પૂ. લાલજી મહારાજશ્રીનો ૧૩ મો પ્રાકટ્યોત્સવ ઉજવાયો

સર્વાવતારી શ્રીહરિના જ સ્વરૂપ પરમકૃપાળુ શ્રી નરનારાયણદેવના શુભ સાનિધ્યમાં અષાઢ વદ-૧૦ ના દિવસે ભાવિ આચાર્ય ૧૦૮ પ.પૂ. લાલજી મહારાજશ્રી વ્રજેન્દ્રપ્રસાદજી મહારાજશ્રીનો ૧૩ મો પ્રાકટ્યોત્સવ હર્ષોલ્લાસ સાથે ઉજવાયો.

વિશાળ સંખ્યામાં ઉપસ્થિત ધર્મકુળ પ્રેમી સંત-હરિભક્તોએ પ.પૂ. લાલજી મહારાજશ્રી, પ.પૂ. મહારાજશ્રી અને પ.પૂ. મોટા મહારાજશ્રી એમશ્રીહરિના ત્રણેય અપર સ્વરૂપોનું સવારના ૭-૪૫ કલાકે ઢોલ શરણાઈના સુમધુર વાજીંત્ર તથા ફટાકડાની આતશબાજી સાથે સ્વાગત સામૈયુ કર્યું. શ્રી નરનારાયણદેવની શણગાર આરતી ઉતારીને શ્રીહરિના ત્રણેય અપર સ્વરૂપો પ્રસાદીના સભામંડપમાં બિરાજ્યા. પછી દર વર્ષની પરંપરા મુજબ મંદિરના ભૂદેવો-પંડિતો દ્વારા વેદ પરંપરા ગત સ્વસ્તિવાંચન, અર્ચન-પૂજન, પછી અનુક્રમે સ્કીમકમિટીના સભ્યો, સંતો, અગ્રગણ્ય હરિભક્તો દ્વારા ફુલહાર તથા આરતીથી પ.પૂ. લાલજી મહારાજશ્રીનું અર્ચન-પૂજન થયું હતું. અમદાવાદ મંદિરમાં દેવો માટે નિત્ય ફૂલહાર બનાવવાની સેવા કરતા સંત-હરિભક્તોની ફૂલ મંડળીએ પ.પૂ. લાલજી મહારાજશ્રીને ૧૩ ફૂટ લાંબો ગુલાબનો હાર, મોરબીના પ.ભ. નવીનભાઈ માંડલીયાએ શ્રીહરિના ત્રણેય અપર સ્વરૂપોને અંજીરના ૧૩ ફૂટ લાંબા હાર તથા ઝુલાસણ ગામના શ્રી નરનારાયણદેવ યુવક મંડળે ૧૩ ફૂટ લાંબો પુષ્પનો હાર પહેરાવીને તથા મ્યુઝિયમમાં પોતાનું આર્થિક યોગદાન આપીને ધર્મકુળ પ્રત્યે પોતાની શ્રધ્ધા ભાવના વ્યક્ત કરી હતી.

ત્યારપછી સર્વે સંતોના પ્રતિનિધિ સ્વરૂપે અમદાવાદ મંદિરના મહંત સ.ગુ. શા.સ્વા. હરિકૃષ્ણદાસજીએ પ.પૂ. લાલજી મહારાજશ્રીના દીર્ઘાયુષ તથા શુભેચ્છા પ્રાર્થના વ્યક્ત કરી હતી. પછી હાલમાં નાના ગણાતા પરંતુ ભવિષ્યના મોટા સંતોએ પોતાની વાણી દ્વારા શુભ ભાવના વ્યક્ત કરી હતી. પ.પૂ. લાલજી મહારાજશ્રીએ આશીર્વચનમાં જ્યારે જ્યારે જન્મ દિવસ આવે ત્યારે ત્યારે આપણા આયુષ્યમાંથી એક એક વર્ષ ઓછું થતું હોવાથી વધારેને વધારે ભગવાનનું ભજન કરવા ભાર મૂક્યો હતો. અંતમાં પ.પૂ. મોટા મહારાજશ્રીએ પ.પૂ. લાલજી મહારાજશ્રીના જીવનના બે સુંદર પ્રસંગો કહીને તેઓના જન્મજાત સદ્‌ગુણોનું સંસ્મરણ કરાવ્યું હતું. આ પ્રસંગે ધામોધામથી સંતો મહંતો પધાર્યા હતા. સભા સંચાલન કોટેશ્વર ગુરુકુળના શા.સ્વા. ચૈતન્યસ્વરૂપદાસજીએ સુંદર રીતે સંભાળ્યું હતું. પ.પૂ. મહારાજશ્રીની અનુમતિથી મહંત સ્વામીએ કરેલ જાહેરાત મુજબ પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીનો આગામી જન્મોત્સવ (દશેરા) ઈડર મંદિરમાં ઉજવાશે. આ પ્રાકટ્યોત્સવ પ્રસંગનું સુંદર આયોજન કોઠારી પાર્ષદશ્રી દિગંબર ભગતના માર્ગદર્શનથી બળદેવ સ્વામી, જે.કે. સ્વામી, મુનિ સ્વામી, શા.દિવ્યપ્રકાશદાસજી, કોઠાર સ્ટાફ આદિ સંત પાર્ષદ મંડળે ખૂબજ પ્રેરણાત્મક સેવા બજાવી હતી. (શા.સ્વા. નારાયણમુનિદાસ)

અમદાવાદ શ્રી સ્વામિનારાયણ મંદિરમાં અલૌકિક હિંડોળા દર્શન

પવિત્ર શ્રાવણ માસમાં ભરત ખંડના અધિષ્ઠાતા રાજાધિરાજ શ્રી નરનારાયણદેવ સમક્ષ નિત્યે અવનવા કલાગારી યુક્ત બેનમૂન અદ્‌ભુત હિંડોળા દર્શન કરાવવામાં આવ્યા હતા. જેમાં સૂકામેવા, ફુલોના, ચોકલેટ, અનાજ, ચલણી નોટો એમ વિવિધ પ્રકારના સુંદર હિંડોળા બનાવીને રોજે હજારો હરિભક્તોએ દર્શનનો દિવ્ય લાભ લીધો હતો. પ.પૂ.ધ.ધુ. આચાર્ય ૧૦૦૮ શ્રી કોશલેન્દ્રપ્રસાદજી મહારાજશ્રી, પ.પૂ. લાલજી મહારાજશ્રી, પ.પૂ.અ.સૌ. ગાદીવાળાશ્રી હિંડોળાના દર્શન કરી ખૂબજ રાજી થયા હતા. અમદાવાદ મંદિરના મહંત શાસ્ત્રી સ્વામી હરિકૃષ્ણદાસજી તથા કોઠારી પાર્ષદ દિગંબર ભગતના માર્ગદર્શન અને પ્રેરણાથી અનેક ભાવિક હરિભક્તોએ હિંડોળાના યજમાન બનીને આવો અલૌકિક લ્હાવો લીધો હતો. હિંડોળાની અન્ય સેવામાં બળદેવ સ્વામી (બાપૂ) જે.કે. સ્વામી, શા. મુનિ સ્વામી, શા. દિવ્યપ્રકાશદાસ, ભૂષણ ભગત, ચેતન ભગત, ઉર્મિક, તપનભાઈ, હાર્દિક, વૈભવ એમ નાના-મોટા દરેક ભાવિક સંત-પાર્ષદ અને હરિભક્તોએ સુંદર સેવા કરી હતી. સાંજના સમયે હિંડોળાના દર્શન કરવા શહેરની ધાર્મિક પ્રજા મોટી સંખ્યામાં આવતી હતી. હિંડોળામાં ભગવાનને નાના બ્રહ્મચારી પૂજારી સંતો ઝુલાવતા હોય તેવા દર્શન કરી સૌ ધન્ય ધન્ય બનતા હતા. (શા. દિવ્યપ્રકાશદાસ)

અમદાવાદ શ્રી સ્વામિ. મંદિરમાં ચાતુર્માસની વિશેષ કથા

શ્રી નરનારાયણદેવના સાનિધ્યમાં ચાતુર્માસમાં પ્રસાદીના દિવ્ય સભામંડપમાં સવારે ૭-૩૦ થી ૮-૦૦ શ્રીમદ્‌ સત્સંગિજીવન અને સાંજે ૬-૩૦ થી ૭-૦૦ શ્રીમદ્‌ ભાગવત દશમસ્કંધ કથા શાસ્ત્રી સ્વામી દિવ્યપ્રકાશદાસજી ગુરુ મહંત શાસ્ત્રી સ્વામી હરિકૃષ્ણદાસજીના વક્તાપદે થાય છે. આવા ચાતુર્માસમાં કથા-શ્રવણનો અલૌકિક લ્હાવો લેવો એ પણ પુણ્યશાળી અને ભાગ્યશાળી જ મળે. માટે વ્હાલા ભક્તો આવી સુંદર તક મળી છે તો શહેરમાં વસતા ભક્તજનોએ જરૂર કથા નો લાભ લેવો. (ચેતન ભગત)

ગુરુ પૂર્ણિમા પ્રસંગે સુંદર સેવા

ગુરુપૂર્ણિમાના શુભ દિને પૂ. જે.કે. સ્વામીની પ્રેરણાથી આકરૂંદ (તા. ધનસુરા) ગામના પ.ભ. ધરણીબેન ચંદ્રેશકુમાર પટેલ અને શિરાલીબેન ચંદ્રેશકુમાર પટેલ પરિવારે પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીના સિંહાસન માટે સુંદર ગાલીચા અને ચટાઈની સેવા કરી છે. ધન્ય છે તેમની સેવાને.

ન્યુ દિલ્હી શ્રી સ્વામિનારાયણ મંદિર પાટોત્સવ

પ.પૂ.ધ.ધુ. આચાર્ય ૧૦૦૮ શ્રી કોશલેન્દ્રપ્રસાદજી મહારાજશ્રીની આજ્ઞાથી તથા નાથદ્વારા મંદિરના મહંત સ.ગુ. સ્વામી ધર્મસ્વરૂપદાસજીની પ્રેરણાથી અમદાવાદના પ.ભ. બાબુભાઈ વાઘજીભાઈ પટેલ તથા અ.સૌ. વસંતીબેન બાબુભાઈ પટેલ તરફથી આપણા ન્યુ દિલ્હી શ્રી સ્વામિનારાયણ મંદિરમાં વિરાજમાન બાલસ્વરૂપ શ્રી ઘનશ્યામમહારાજનો ૧૭ મો વાર્ષિક પાટોત્સવ ધામધૂમથી ઉજવાયો. આ પ્રસંગે શા.સ્વામી અખિલેશ્વદાસજી (પૂર્વ મહંતશ્રી, મથુરા) એ મહાપૂજા અને ઠાકોરજીનો મહાભિષેક વેદ વિધિસર કરાવ્યો હતો.

મહંત સ્વામી, પૂજારીશ્રી, નરેન્દ્રભગત, બિરજુ ભગત અને ચંદુ ભગતે અન્નકૂટ વગેરેની સેવા કરી હતી. અહીંના પ.ભ. બિપીનભાઈ આદિક અનેક હરિભક્તોએ દર્શન અને મહાપૂજા અને સંતોની પ્રેરક વાણીનો લાભ લીધો હતો.

(પ્રવિણભાઈ કાંચા, નાથદ્વારા)

શ્રી સ્વામિનારાયણ મંદિર પ્રાંતિજનો ૧૨૩ મો પાટોત્સવ ઉજવાયો

શ્રી નરનારાયણદેવ પીઠાધિપતિ પ.પૂ.ધ.ધુ. આચાર્ય ૧૦૦૮ શ્રી કોશલેન્દ્રપ્રસાદજી મહારાજશ્રીની આજ્ઞાથી પ.પૂ. મોટા મહારાજશ્રીના આશીર્વાદથી તથા પ.પૂ. લાલજી મહારાજ ૧૦૮ શ્રી વ્રજેન્દ્રપ્રસાદજી મહારાજશ્રીના રાજીપાથી તથા અ.નિ. ગવૈયા સ્વામી કેશવજીવનદાસજીની દિવ્ય પ્રેરણાથી તથા તેમના શિષ્ય મહંત સ્વામી માધવપ્રસાદદાસજીની પ્રેરણાથી ઠાકોરજીનો ૧૨૩ મો પાટોત્સવ પ.ભ. બચુભાઈ પ્રભુદાસ દરજી પરિવાર તરફથી જેઠ સુદ-૨ના રોજ પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીના વરદ્ હસ્તે ષોડશોપચાર મહાભિષેક વેદવિધિસર ધામધૂમથી સંપન્ન થયો હતો.

પ્રાસંગિક સભામાં અમદાવાદ, જેતલપુરના પૂ.પી.પી. સ્વામી, હિંમતનગર, સાપાવાડા, ઈડર, ટોરડા અને લાલોડા આદિ ધામોના સંતોએ પોતાની પ્રેરક વાણીનો લાભ આપેલ. છેલ્લે પ.પૂ. મહારાજશ્રીએ રૂડા આશીર્વાદ પાઠવ્યા હતા. સભા સંચાલન શા. ઘનશ્યામસ્વામી (માણસા મહંત)એ શોભાવ્યું હતું. પ.પૂ. આચાર્ય મહારાજશ્રી અન્નકૂટની આરતી ઉતારીને યજમાનના ઘરે પધાર્યા હતા. (કોઠારી હરિભાઈ)

બાલાસિનોરશ્રી સ્વામિનારાયણ મંદિર

સમસ્ત ધર્મવંશી પરિવારના આશીર્વાદથી તથા શા.સ્વા. વિશ્વસ્વરૂપદાજીની પ્રેરણાથી અત્રે શ્રી સ્વામિનારાયણ મંદિર ખાતે ગુરુ પૂર્ણિમા પ્રસંગે પ્રથમ ઠાકોરજીની આરતી પૂજન કરીને (બત્રે મંદિરમાં) હરિભક્તોએ પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીની તસવીરનું પૂજન અર્ચન કરી દિવ્ય લાભ લીધો હતો. શ્રાવણ માસમાં અવનવા હિંડોળામાં ઠાકોરજીને ઝુલાવવામાં આવતા હતા.

શા.સ્વા. વિશ્વસ્વરૂપદાસજી અને સ્વા. બ્રહ્મસ્વરૂપદાસજીએ ભક્ત ચિંતામણી પરચા પ્રકરણની કથા કરીને હરિભક્તોને સારો લાભ આપ્યો હતો. શ્રી નરનારાયણદેવ યુવક મંડળની સેવા પ્રેરણારૂપ હતી.

(કોઠારીશ્રી)

શ્રી સ્વામિનારાયણ મંદિર વિસનગર

પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીની આજ્ઞા-આશીર્વાદથી વિસનગર શ્રી નરનારાયણદેવ યુવક મંડળ તથા સહજાનંદ કિશોર મંડળના સંયુક્ત ઉપક્રમે પ્રસાદીભૂત શ્રી ભીમનાથ મહાદેવ જ્યાં પથ્થરના હાથીને લાડુ ખવડાવી અચેતન ને ચેતન બનાવી પોતાનું સર્વોપરિ ઐશ્વર્ય પ્રગટ કરેલ તે દિવ્ય સ્થાનમાં ૧૫ ઓગસ્ટના રવિવારે સત્સંગ સભા યોજવામાં આવી હતી. જેમાં અમદાવાદના શા. વિશ્વસ્વરૂપદાસજી અને શ્રી ઉદયનભાઈ મહારાજાએ દેવ, આચાર્યશ્રી અને શ્રી નરનારાયણદેવનો મહિમા કહ્યો હતો. ત્યાર બાદ મહાદેવજીનો અભિષેક અને બિલ્લી પત્રથી પૂજા કરી યજમાનશ્રી તરફથી પ્રસાદ વિતરણ કર્યું હતું. સભા સંચાલન ચિંતન કંસારાએ કર્યું હતું. (શ્રી ન.ના.દેવ યુવક મંડળ)

શ્રી સ્વામિનારાયણ મંદિર કરજીસણ

અત્રે શ્રી સ્વામિનારાયણ મંદિરમાં પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીની આજ્ઞાથી તા. ૧૮-૭-૨૦૧૦ ના રોજ અ.નિ. પુરીબેન દલસુખભાઈ પટેલના સ્મરણાર્થે સત્સંગ સભા કરવામાં આવી હતી. અને તા. ૧૯-૭-૨૦૧૦ થી ૨૪-૭-૨૦૧૦ દરમ્યાન પૂજારી પા. જસુભગતે કથાનો સુંદર લાભ આપ્યો હતો. આ પ્રસંગે આર.ટી.ઓ. ઓફિસર અને તેમના પુત્ર ઘનશ્યામભાઈ, વિકલભાઈ રમણભાઈ આદિ પરિવારે લાભ લીધો હતો. (કોઠારીશ્રી)

નાંદોલ (તા. દહેગામ)

નાંદોલ શ્રી સ્વામિનારાયણ મંદિર ખાતે પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીની આજ્ઞાથી કોઠારી વિષ્ણુભાઈ તથા ભીખાભાઈ અને અંબાલાલભાઈ આદિ હરિભક્તોના સાથ સહકારથી ઠાકોરજીને વિવિધ પ્રકારના હિંડોળા બનાવીને ઝુલાવ્યા હતા. ગામના હરિભક્તોએ દર્શનનો સુંદર લાભ લીધો હતો. (કોઠારીશ્રી)

સાબરમતી રામનગર

અત્રે શ્રી સ્વામિનારાયણ મંદિરમાં પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીની આજ્ઞા-આશીર્વાદથી તથા નારાયણઘાટ મહંત શા.પી.પી. સ્વામીના માર્ગદર્શન મુજબ શ્રાવણ માસમાં ઠાકોરજીને અવનવા હિંડોળા બનાવી ઝુલાવવામાં આવ્યા હતા. તથા શ્રાવણ માસમાં વચનામૃત અધ્યન તથા ઘનશ્યામ લીલામૃતની કથાનું રસપાન પૂ. શાસ્ત્રી સ્વામી રામકૃષ્ણદાસજી તથા શાસ્ત્રી સ્વામી ચૈતન્ય સ્વરૂપદાસજી (કોટેશ્વર ગુરુકુળ)એ કરાવ્યું હતું. હરિભક્તોએ કથામૃતનું પાન અને હિંડોળા દર્શન કરી ખૂબજ ભાવવિભોર થયા હતા. (રાવજી ટી. પટેલ)

મૂળી પ્રદેશના સત્સંગ સમાચાર

શ્રી સ્વામિનારાયણ મંદિર મૂળી

અત્રે શ્રી સ્વામિનારાયણ મંદિર મૂળી ખાતે બ્રહ્માનંદ સભા મંડપમાં ગુરુ પૂર્ણિમા અષાઢ સુદ-૧૫ ના રોજ હજારો સંત-હરિભક્તોએ સવારે ૮-૦૦ કલાકે આપણા ધર્મગુરુ પ.પૂ.ધ.ધુ. આચાર્ય ૧૦૦૮ શ્રી કોશલેન્દ્રપ્રસાદજી મહારાજશ્રીની તસવીરનું પૂજન અર્ચન કરી ગુરુ ઋણ અદા કર્યું હતું. પ્રાસંગિક સભામાં મહંત શાસ્ત્રી સ્વામી નારાયણપ્રસાદદાસજીના માર્ગદર્શન મુજબ ચરાડવાના મહંત શાસ્ત્રી સ્વામી હરિપ્રકાશદાસજીએ કથા વાર્તામાં ધર્મવંશી ગુરુની મહત્તા, માહાત્મ્ય તેમના આશ્રય વિના મોક્ષ નથી અને પ.પૂ. મહારાજશ્રીની સ્વરૂપ નિષ્ઠા દૃઢ કરાવી હરિભક્તોને રસ તરબોળ કર્યા હતા. આ પ્રસંગે કોઠારી સ્વામી આત્મપ્રકાશદાસજી એ મૂળી દેશના ગામોગામના હરિભક્તોને સાથે રાખી ખૂબજ સુંદર આયોજન કર્યું હતું. શ્રી રાધાકૃષ્ણદેવ હરિકૃષ્ણ મહારાજ આદિ દેવોના શણગાર પૂજારી સ્વામી જયપ્રકાશદાસજીએ ખૂબજ સુંદર કરાવ્યા હતા.

(નવલદાન ગઢવી)

લીંબડી મંદિર

અત્રે શ્રી સ્વામિનારાયણ મંદિરમાં પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીની આજ્ઞાથી શ્રાવણ માસમાં જનમંગલ કથા, સમૂહ મહાપૂજા ઘનશ્યામમહારાજ સન્મુખ કરવામાં આવેલ ત્રણે મંદિરમાં શ્રાવણ માસમાં કથા ધૂન થઈ હતી. શા.સ્વા. વંદનપ્રકાશદાસે કથા વાચન કરેલ. મહંત સ્વામીની પ્રેરણાથી સમગ્ર આયોજન થયું હતું. (કોઠારી સ્વામી)

સુરેન્દ્રનગર મંદિરમાં ભવ્ય હિંડોળા દર્શન

અત્રે શ્રી સ્વામિનારાયણ મંદિરમાં પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીની શુભ-આજ્ઞા આશીર્વાદથી તથા મહંત સ્વામી સ.ગુ. પ્રેમજીવનદાસજી સ્વામીની પ્રેરણાથી અષાઢ વદ-૨ થી શ્રાવણ વદ-૨ સુધી દરરોજ અલગ-અલગ હિંડોળા બનાવી ભગવાન શ્રીહરિને ઝુલાવવામાં આવેલા. તદ્‌ઉપરાંત છેલ્લા સાત દિવસોમાં સભા મંડપમાં અલગ અલગ ૧૨ સુશોભીત કલાત્મક હિંડોળા પ્રદર્શન રૂપમાં બનાવેલ. જેવા કે, ચલણી નોટો, સુકો મેવો, અનાજ-કઠોળ, સ્કુલ બેગ, લખોટી વગેરેના બનાવેલા. આ સમગ્ર હિંડોળા દર્શનનું સુંદર કવરેજ વર્તમાન પેપર તેમજ ઈલેટ્રોનિક મિડીયા ઈ-ટી.વી. ગુજરાતી, ટી.વી.-૯ ગુજરાતી બ્રિજ ટીવી, સીટી ન્યુઝ વગેરેએ કવરેજ લીધેલું, મોટી સંખ્યામાં દર્શનાર્થીઓએ દર્શનનો લાભ લીધેલો. સમગ્ર આયોજન શા. સ્વામી પ્રેમવલ્લભદાસજી તથા પંકજભાઈ પરીખના માર્ગદર્શનથી શ્રી નરનારાયણદેવ યુવક મંડળે કરેલુ હતું.

(શૈલેન્દ્રસિંહ ઝાલા)

વિદેશ સત્સંગ સમાચાર

કોલોનીયા શ્રી સ્વામિનારાયણ મંદિર

અત્રે કોલોનીયા શ્રી સ્વામિનારાયણ મંદિર ખાતે ૨૨ જૂનના સંધ્યા આરતી સમયે અમદાવાદ શ્રી નરનારાયણદેવ ગાદીના દ્વિતીય આચાર્ય પ.પૂ. મોટા મહારાજશ્રી તેજેન્દ્રપ્રસાદજી મહારાજશ્રી તથા બહેનોને દર્શન આશીર્વાદ આપવા પ.પૂ. મોટા ગાદીવાળાશ્રી પૂ. બિન્દુરાજા અને સાથે શ્રી સૌમ્યકુમાર, શ્રી સુવ્રતકુમાર અને પા. વનરાજ ભગત પધાર્યા હતા. હરિભક્તોને આજે એટલો બધો આનંદ હતો કે તેની કોઈ સીમા નહતી. 'ધન્ય ઘડી આજની ધન્ય ઘડી.' હરિભક્તોએ ભાઈઓ અને બહેનો એ ધર્મવંશી પરિવારનું રૂડું અને ભવ્ય સ્વાગત સામૈયુ અને પૂજન અર્ચન કરી આશીર્વાદ મેળવ્યા. બે નાના બાળકો એ તેમની પોકેટ મનીમાંથી બચત કરેલી રકમપ.પૂ. મોટા મહારાજશ્રીને શ્રી સ્વામિનારાયણ મ્યુઝિયમ નિર્માણમાં અર્પણ કરી હતી. પ.પૂ. મોટા મહારાજશ્રી આજે અનહદ રાજી થયા હતા અને આશીર્વાદ આપતા જણાવ્યું કે આજે હું દર્શન આપવા નહીં પણ મારા હરિભક્તોના દર્શન કરવા આવ્યો છું. એકાદશીના વ્રતનું પૂ. મોટા મહારાજશ્રીએ સુંદર દ્રષ્ટાંત સાથે વ્રતનું નિયમ કરવા જણાવ્યું હતું. અત્રેના મહંત સ્વામીએ આપ્રસંગે હરિભક્તોના સાથ સહકારથી સુંદર આયોજન કર્યું હતું.

(પ્રવિણભાઈ)

ઈઝલીન મેરીલપાર્ક (અમેરિકા)માં સત્સંગ સભા

પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીની આજ્ઞાથી અત્રે ૧૧ જુલાઈ રવિવારના સત્સંગ સભાનું આયોજન કરેલ. જેમાં આઈ.એસ.એસ.ઓ. ચેપ્ટરોમાંથી ઘણા હરિભક્તો પધાર્યા હતા. ખાસ તો શ્રી સુવ્રતકુમાર અને શ્રી સૌમ્યકુમાર પા. વનરાજ ભગત સાથે ખાસ પધાર્યા હતા. સંતોમાં ચેરીહીલ મંદિરના મહંત શા.સ્વામી વિશ્વપ્રકાશદાસજી, વિહોકન મંદિરથી ગવૈયા સ્વામી ચંદ્રપ્રકાશદાસજી, એલ.એ. મંદિરથી શા. ધર્મકિશોરદાસજી, કોલોનીયાના હરિનંદન સ્વામી આદિ સંતો એ કથાવાર્તાનું સુંદર રસપાન કરાવ્યું હતું. હરિભક્તોને સુંદર સુખનો અહેસાસ થયો હતો. (પ્રવિણકુમાર)

વોશિંગ્ટન ડી.સી. આઈ.એસ.એસ.ઓ. ચેપ્ટર

૯ જુલાઈ ને શુક્રવારે સાંજે ૭-૨૦ થી ૧૦-૨૦ સુધી કેટન્સવીલની ડેઈઝ ઈનમાં સત્સંગ સભા થઈ હતી. જેમાં ધૂન

કથા વાર્તા નિત્ય નિયમ અને થાળ ઠાકોરજી સમક્ષ થયા હતા. કોલોનીયા મંદિરથી પૂ. હરિવલ્લભ સ્વામીએ સ્નેહ ગીતામાં પ્રેમલક્ષણા ભક્તિ સંબંધી કથાનો લાભ આપ્યો હતો.

૧૭ જુલાઈ શનિવારે સાંજે ૪-૩૦ થી ૯-૩૦ સુધી એક હોલમાં સુંદર સત્સંગ સભામાં કથાવાર્તા વચનામૃત (૨૭૩) વાચન, ધૂન, કીર્તન, નિત્ય નિયમ અને ઠાકોરજીને થાળ આરતી કર્યા હતા. આપણા એલ.એ. મંદિરથી શા. સ્વામી ધર્મકિશોરદાસજી પધાર્યા હતા. તેમનું સુંદર સ્વાગત કરવામાં આવ્યું હતું. સ્વામીએ સતત દોઢ કલાક સર્વોપરિ શ્રી સ્વામિનારાયણ ભગવાનનું ધ્યાન કરવા પર કથા કરીને અલૌકિક લાભ આપ્યો હતો. હરિભક્તોની બન્ને સભામાં સંખ્યા સારી હતી. પ.પૂ. મોટા મહારાજશ્રી અને પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીની કૃપાથી સત્સંગની પ્રવૃતિ ખૂબજ સુંદર ચાલે છે. (કનુભાઈ પટેલ)

શ્રી સ્વામિનારાયણ મંદિર સીડની (ઓસ્ટ્રેલીયા)

અહીં આપણા શ્રી સ્વામિનારાયણ મંદિર સીડની ખાતે પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રી અને પ.પૂ. મોટા મહારાજશ્રીની કૃપા આશીર્વાદથી સત્સંગની પ્રવૃતિ સુંદર ચાલે છે. તા. ૨૦-૬-૧૦ રવિવારના સમૂહ મહાપૂજા અને શ્રી હરિકૃષ્ણ મહારાજનો અભિષેક આદિ શ્રી રસિકભાઈ જાનીએ વિધિવત કરાવ્યા હતા. પ.ભ. રાજેશભાઈ તરફથી આ આયોજન થયું હતું.

તા. ૨૭-૬-૧૦ ના રોજ પ.ભ. ચેતનભાઈ પટેલ તરફથી સભા થઈ હતી. તા. ૪-૭-૧૦ ના રોજ નંદ સંતો રચિત કીર્તન ઉપર રાસની રમઝટ બોલાવી હતી. આ સભાના યજમાન પ.ભ. મહેન્દ્રભાઈ પિંડોરીયા રહ્યા હતા. તા. ૧૭-૭-૧૦ ના શનિવારે મંદિરમાં શ્રી હનુમાનજીનું પૂજન કરવામાં આવેલ. શ્રી રસિકભાઈ જાની (પૂજારી) એ સમગ્ર વિધિ કરાવી હતી. તા. ૧૮-૭-૧૦ ના રોજ પ.ભ. ફેનીલ પટેલ તરફથી સભા થઈ હતી. પૂજારી રસિકભાઈ જાનીની સેવાને બિરદાવવામાં આવી હતી અને તેમનું સન્માન કરવામાં આવ્યું હતું. આમ અત્રે સત્સંગની પ્રવૃતિ નિયમિત રૂપે ચાલે છે.

(તેજસ બી. પટેલ સીડની)

શિકાગો શ્રી સ્વામિનારાયણ મંદિર

પ.પૂ.ધ.ધુ. આચાર્ય ૧૦૦૮ શ્રી કોશલેન્દ્રપ્રસાદજી મહારાજશ્રીની આજ્ઞાથી તથા શિકાગોના મીડવેસ્ટ સ્વામિનારાયણ મંદિરના મહંત સ્વામી જયપ્રકાશદાસજી અને શાસ્ત્રી સ્વામી હરિપ્રસાદદાસજીની પ્રેરણાથી આપણાં નરનારાયણદેવ ગાદી સ્થાપિત ઈટાસ્કા મંદિરમાં ૧૨ મો પાટોત્સવ તા. ૨૫ જુલાઈ, ૨૦૧૦ થી ઓગસ્ટ ૧, ૨૦૧૦ દરમ્યાન ધામધૂમથી ઉજવાયો હતો.

આગળના દિવસે તા. ૨૪ મી જુલાઈએ ૧૨ કલાની અખંડ ધૂન કરી હરિભક્તોએ ઘનશ્યામમહારાજને રીઝવી દીધા હતા. બીજે દિવસે જુલાઈ ૨૫ મીએ પોથીયાત્રા પછી શ્રીમદ્ શિક્ષાપત્રી ભાષ્ય સપ્તાહ-પારાયણની શરૂઆત કરેલ. જેમાં વ્યાસપીઠ પર સુપ્રસિદ્ધ કથાકાર સદ્‌ગુરૂ શાસ્ત્રી સ્વામી શ્રીજીપ્રકાશદાસજીએ (હાથીજણ, ગુરુકુળ) વિરાજીને સુમધુર શૈલીમાં કથાનું રસપાન કરાવ્યું હતું.

આ મહોત્સવ અંતર્ગત શ્રીહરિયાગ યજ્ઞ, સમૂહમાં આદિનારાયણ મહાપૂજા, દેવોનો મહાભિષેક, મહાઅન્નકૂટ તેમજ સાંસ્કૃતિક કાર્યક્રમવગેરેનું આયોજન કરવામાં આવ્યું હતું. આ મહોત્સવમાં પ.પૂ.અ.સૌ. મોટા ગાદીવાળાશ્રી તથા દેશવિદેશથી સંતોએ પધારીને શિકાગો સત્સંગ સમાજને આશીર્વાદ અને દર્શનનો લાભ આપ્યો હતો.

પાટોત્સવના મુખ્ય યજમાન પ.ભ. શ્રી કમલેશભાઈ અને મીનાબહેન પરિવાર (રાજપૂરવાળા, શિકાગો) સહ યજમાન પ.ભ. શ્રી ઘનશ્યામભાઈ અને જશીબહેન પટેલ પરિવાર (મોખાસણવાળા) પારાયણના મુખ્ય યજમાન પ.ભ. કિરીટભાઈ અને ગીતાબહેન પટેલ પરિવાર (ડાંગરવા, સીનસીનાટી) સહ યજમાન શ્રી વિક્રમભાઈ અને પ્રવિણાબહેન પટેલ પરિવાર (અસલાલી) તથા અન્નકૂટના યજમાનશ્રીઓએ સેવાનો લાભ લીધો હતો.

કિચન કમિટી, યુવક મંડળ તથા મંદિરના નાના-મોટા હરિભક્તોએ સાથે મળી પ્રસંગને ખૂબજ શોભાવ્યો હતો.

(વસંત ત્રિવેદી, શિકાગો)

શ્રી સ્વામિનારાયણ મંદિર સાનજોશે

આ વર્ષે શ્રી સ્વામિનારાયણ મંદિર સાનજોશે દ્વારા જન્માષ્ટમી ઉત્સવ ખૂબજ મોટા પાયે ઉત્સાહભેર ઉજવવામાં આવ્યો. શાસ્ત્રી સ્વામી શ્રીજી સ્વામીનો દિવ્ય લાભ સર્વે સત્સંગીઓને મળ્યો. આ ઉપરાંત આપણાં ફ્રે-મોન્ટના હિન્દુ મંદિરમાં ત્રિદિનાત્મક શ્રીમદ્ ભાગવત દશમસ્કંધ કથાનું આયોજન થયું. જેની શરૂઆત એકાદશી ૬ ઓગસ્ટના દિને થઈ. એ દિવસે કૃષ્ણ જન્મોત્સવ પણ ઉજવવામાં આવ્યો. શ્રીજી સ્વામીની વાણીએ સૌના હૃદય જીતી લીધા. શનિવારે સર્વે હરિભક્તો ભાવપૂર્વક રાસ-ગરબા રમ્યા. જેમાં કુલ ૨૮૦ જેટલા હરિભક્તોએ દર્શન, કથા, રાસ અને મહાપ્રસાદનો લાભ લીધો. આ પ્રસંગના યજમાન તરીકે આપણા હરિભક્ત શ્રી નટુભાઈ અને કાન્તાબેને તેમના દિવંગત પિતાની યાદમાં સેવા આપી હતી. રવિવારના રોજ શ્રીજી સ્વામીના હસ્તે પૂર્ણાહુતિ થઈ હતી. (પ્રશાંત ધોળકિયા)

આં.રા. મહિલા સત્સંગ શિબિર

દિવ્ય ભાસ્કર, ન્યૂજર્સી આવૃત્તિ

અમેરિકાની ધરતી પર ઘણા ગુજરાતી પરિવારો વસે છે. તેમાં ભારતીયને ગુજરાતી સંસ્કૃતિ ટકી રહે, વિશેષ કરીને ધર્મના સંસ્કારો અવિચળ રહે ને ભગવાન સ્વામિનારાયણનો દિવ્ય સંદેશ 'સર્વ બાવહિતાવહ!'ને ઉપલક્ષમાં રાખી અમદાવાદ નરનારાયણ દેવ પીઠાધિપતિ આચાર્ય મહારાજ ૧૦૦૮ કૌશલેન્દ્ર પ્રસાદજી મહારાજના આશીર્વાદની સાથે સાથે અં.સૌ. પૂ. મોટા ગાદીવાળા બાના સાંનિધ્યમાં પંચદિનાત્મક આંતરરાષ્ટ્રીય મહિલા સત્સંગ શિબિરનું ભવ્ય આયોજન સ્વામિનારાયણ મંદિર સિનેમન્સનમાં કરવામાં આવ્યું હતું.



શિબિરમાં અમેરિકાના અલગ અલગ સ્ટેટ તેમજ લંડનથી બહેનોએ આવીને ભાગ લીધો હતો. ચારસોથી પાંચસો બહેનો આ શિબિરમાં જોડાઇ હતાં. પાંચ દિવસની આ શિબિરમાં અં.સૌ.પૂ. મોટા ગાદીવાળા બા સાથે અલગ અલગ ધર્મના વિષયો જેવા કે, ધર્મ, અર્થ, કામ અને મોક્ષ તથા આરતી, ઘંટ, શંખ વગેરે પૂજાના પ્રતીકો ઉપર ચર્ચા તેમજ વચનામૃત-શિક્ષાપત્રીની અંદર રહેલા ગહન વિષયો પ્રવચન કરી બહેનોને શાસ્ત્રોના અર્થો સમજાવ્યા હતા. શિબિરમાં યોગા, ડાયાબિટીસ, બ્લડપ્રેશર જેવા રોગોની માહિતી ડોક્ટર બહેનોએ ખૂબ સુંદર રીતે આપી હતી. યુવાન બહેનો માટે મેંદી, ચિત્રકામ જેવી રમતો ધર્મના અનુસંધાનમાં રાખવામાં આવી હતી. પૂ. ગાદીવાળા બા પાંચ દિવસ દરમિયાન ભારતીયને ગુજરાતી સંસ્કૃતિને આવરી દરેક બહેનોને આશીર્વાદ આપ્યા હતા. શિબિરની વ્યવસ્થામાં બપોરે લંચ, સાંજે ડિનર બે-ટાઇમ નાસ્તો તેમજ રહેવાની ઉત્તમ સગવડ સ્થાનિક કમિટીએ સુંદર રીતે કરી હતી. નાના બાળકોને રાખવાની ઉત્તમ સગવડ તેમજ તેમને અનુરૂપ રમતો સાથે સત્સંગનું જ્ઞાન આપવામાં આવ્યું હતું. પાંચમા દિવસે ભેટ, સ્વાગતને આભાર વિધિ દ્વારા શિબિરનું સમાપન થયું હતું.

શ્રી સ્વામિનારાયણ મંદિર લેકલેન્ડ ફ્લોરિડા પાટોત્સવ

પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીના આશીર્વાદાત્મક આજ્ઞાથી તથા પૂજારી સ્વામી વિવેકસાગરદાસજીની પ્રેરણાથી ૧૮ ઓગસ્ટથી ૨૨ ઓગસ્ટ દરમ્યાન ઠાકોરજીનો પાટોત્સવ ધામધૂમથી ઉજવાયો. પાટોત્સવના ઉપલક્ષમાં ૧૮ ઓગસ્ટથી ૨૨ ઓગસ્ટ સુધી શાસ્ત્રી સ્વામી શ્રીજીપ્રકાશદાસજીના વક્તાપદે શ્રીમદ્ સત્સંગિભૂષણ પંચાન્હ પારાયણ થઈ હતી. રોજે રાત્રે બાળકો દ્વારા સાંસ્કૃતિક કાર્યક્રમથયા હતા. છેલ્લા દિવસે પ.પૂ. મોટા મહારાજશ્રીના વરદ્ હસ્તે શ્રી ઘનશ્યામમહારાજ અને શ્રી રાધાકૃષ્ણદેવનો પાટોત્સવ અભિષેક વેદવિધિસર થયો હતો.

આ પ્રસંગે શ્રી નરનારાયણદેવના પૂજારી બ્ર. રાજુ સ્વામી, વડનગરના શાસ્ત્રી સ્વામી નારાયણવલ્લભદાસજી, ડિટ્રોઈટથી સ્વા. સર્વેશ્વરદાસજી અને કલિવલેન્ડથી સ્વા. સ્વયંપ્રકાશદાસજી એ પધારીને અમૃતમય વાણીનો લાભ આપેલ.

છેલ્લે સમસ્ત સભાને પ.પૂ. મોટા મહારાજશ્રીએ રૂડા આશીર્વાદ પાઠવ્યા હતા. શ્રી સ્વામિનારાયણ મ્યુઝિયમમાટે મોટા હરિભક્તો સાથે નાના બાળકોએ પોતાની નાની નાની બચતમાંથી સેવા કરી હતી. અહીનાં હરિભક્તોએ ખૂબજ સુંદર સેવા બજાવી હતી.

(નલીનભાઈ પટેલ)

લેસ્ટર (યુ.કે.) શ્રી સ્વામિનારાયણ મંદિરનો પાટોત્સવ

આપણા લેસ્ટર શ્રી સ્વામિનારાયણ મંદિરનો ૬ઠ્ઠો પાટોત્સવ પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીની આજ્ઞાથી તા. ૧૫-૮-૨૦૧૦ ના રોજ ધામધૂમથી ઉજવાયો. શ્રીમદ્ સત્સંગિજીવન ગ્રંથની કથા તા. ૧૫-૮-૧૦ થી ૨૨-૮-૧૦ પર્યન્ત શા.સ્વા. સત્યસંકલ્પદાસજી અને શા. સ્વા. સુવ્રતસ્વરૂપદાસજીના વક્તાપદે થઈ હતી.

આ પ્રસંગનો લાભ લેવા લંડન, બોલ્ટન અને સ્ટ્રેધામથી હરિભક્તો આવ્યા હતા. ભક્તિ મહિલા મંડળ અને શ્રી ન.ના.દેવ યુવક મંડળ, શ્રીજી સેવા મંડળની સેવા સુંદર હતી. ધર્મવંશીની કૃપા આશિષથી સત્સંગની પ્રવૃતિ સુંદર ચાલે છે.

(કિરણભાઈ વી.ભાવસાર સહમંત્રી)

શ્રી સ્વામિનારાયણ ભેટ યોજના

૧૫૫૫૧/- પટેલ કોકીલાબેન રતીલાલ ગોઠીબ-પંચમહાલ
શ્રી નરનારાયણદેવ અને ધર્મવંશી આચાર્ય મહારાજશ્રીની પ્રસન્નાર્થે
૧૦૧/- અ.નિ. શાંતાબેન કાંતિભાઈ શ્રીજી પ્રસન્નાર્થે ડેમાઈ
૧૦૧/- પટેલ સવિતાબેન મનુભાઈ શ્રીજી પ્રસન્નાર્થે ડેમાઈ
૧૦૧/- પટેલ સવિતાબેન નટુભાઈ નિવૃત થયા તે નિમિત્તે ડેમાઈ
૧૦૧/- પટેલ જયેશભાઈ ડાહ્યાભાઈ શ્રીજી પ્રસન્નાર્થે ડેમાઈ
૧૦૧/- પટેલ કમલેશભાઈ ડાહ્યાભાઈ શ્રીજી પ્રસન્નાર્થે ડેમાઈ
૧૦૦/- પટેલ દેવેન્દ્રકુમાર અમૃતભાઈ નવી બાઈક લાવ્યા તે નિમિત્તે ડેમાઈ
૨૦૧/- પટેલ નટવરલાલ કાંતિલાલ શ્રીજી પ્રસન્નાર્થે વડુ
૫૦૦/- પટેલ રમાબેન મનહરભાઈ નવું મકાન લીધું તે નિમિત્તે બાયડ
૧૦૧/- પટેલ રાજેન્દ્રકુમાર પ્રભુદાસ નવા મકાનમાં રહેવા ગયા તે નિમિત્તે ખાતુપગીના મુવાડા
૧૦૧/- રાઠોડ હિતેશ તથા પરેશ વાલજી ગુરુ પૂર્ણિમા નિમિત્તે જીરાગઢ
૧૦૧/- ગોહેલ ત્રિભોવન કાનજી ગુરુ પૂર્ણિમા નિમિત્તે પાર્લા મુંબઈ
૧૦૧/- ચૌહાણ પરેશ જયંતીલાલ શ્રીજી પ્રસન્નાર્થે અંધેરી મુંબઈ
૧૧૧/- ગજ્જર રોહિતભાઈ છનાલાલ નવી ગાડી લાવ્યા તે નિમિત્તે કલોલ
૧૫૧/- પટેલ પ્રેમીલાબેન રજનીકાન્ત ચિ. નિસાંતને વિદ્યા સહાયકની જોબ મળી તે નિમિત્તે મોડાસા
૧૦૧/- પટેલ નિશાન્ત રજનીકાન્ત નવું બાઈક લીધું તે નિમિત્તે મોડાસા
૧૦૧/- ચૌહાણ શાંતિલાલ નરસીભાઈ ચિ. કાજલની સગાઈ નિમિત્તે સુરત
૧૦૧/- વાઘેલા આનંદબા ઘનશ્યામસિંહ શ્રીજી પ્રસન્નાર્થે ગોધાવી
૧૦૧/- પટેલ શિવાનીબા શ્રેયસકુમાર અમેરિકા ગયા તે નિમિત્તે
૫૦૧/- પટેલ મીનાબેન ઘનશ્યામભાઈ શ્રીજી પ્રસન્નાર્થે મારૂસણા
૧૦૦/- ટાંક જયશ્રીબેન પ્રેમજીભાઈ સગાઈ કરી તે નિમિત્તે જીરાગઢવાળા
૧૦૧/- રાઠોડ લતાબેન નરોતમભાઈ સગાઈ નિમિત્તે અમદાવાદ
૫૦૦/- ગોવિંદભાઈ મગનભાઈ બાલવા હાઈસ્કુલમાં ૩૨ વર્ષ નોકરી કરી સુખરૂપ નિવૃત થયા તે નિમિત્તે
૫૦૧/- સોની નટવરલાલ છગનલાલ શ્રીહરિકૃપાથી બાઈક ચોરાયેલું પરત મળ્યું તે નિમિત્તે કપડવંજ
૫૦૧/- પરમાર સપના નરસીભાઈ ૧૨ સાયન્સ પાસ થયા તે નિમિત્તે બારડોલી
૫૦૧/- પરમાર ઘનશ્યામભાઈ નરસીભાઈ પુત્રીના જન્મ પ્રસંગે. બારડોલી
૧૦૦/- વરૂ માધવીબેન ઘનશ્યામભાઈ બી.બી.એ.માં એડમીશન નિમિત્તે રાજકોટ
૧૦૦/- વરૂ ભક્તિબેન ઘનશ્યામભાઈ પ્લે હાઉસમાં બેસાડી તે નિમિત્તે રાજકોટ
૧૦૧/- પટેલ ભૂમિકા સતીષભાઈ કોમ્પ્યુટરમાં એડમીશન નિમિત્તે દેવડા
૧૦૧/- જાદવ ભરતભાઈ કે. નોકરીમાં જોડાયા તે નિમિત્તે માલણપુર
૨૫૦/- સાં. રાજકુંવરબા તથા સાં. ઉષાબા ગુરુ પૂર્ણિમા નિમિત્તે મોરબી
૧૦૧/- પટેલ મણીલાલ માધવલાલ પૌત્રના જન્મદિન નિમિત્તે અમદાવાદ
૧૦૧/- રાજગોર ચેતનભાઈ શાંતિલાલ અંકના આજીવન સભ્ય થયા તે નિમિત્તે ભાયંદર
૧૫૧/- અ.નિ. મનસુખભાઈ ગોકળભાઈ મારવી પ્રથમ પુણ્યતિથિ નિમિત્તે મુંબઈ
૨૦૧/- સાપરીયા ચંદાબેન છગનભાઈ બી.એડ.માં ફર્સ્ટ ક્લાસ આવ્યો તે નિમિત્તે વલસાડ
૧૦૧/- સાપરીયા છગનભાઈ રવજીભાઈ ગુરુ પૂર્ણિમા નિમિત્તે વલસાડ
૧૫૧/- રાઠોડ નરેશભાઈ નારણભાઈ લગ્ન પ્રસંગે જીરાગઢ
૧૦૦/- ડૉ. જે. એલ. રાણપુરા ચિ. ભાવિન અને નેહાના લગ્ન પ્રસંગે સુરત
૧૦૦/- પરમાર રમેશભાઈ જગમાલભાઈ ચિ. ડોલીને ધો-૧૦માં સારા ટકા તે નિમિત્તે બળોલ-ભાલ
૧૦૧/- ચોટલીયા સંજયભાઈ અમૃતભાઈ સગાઈ થઈ તે નિમિત્તે સુરત
૧૦૧/- મોરી દજાભાઈ કરશનભાઈ શ્રીજી પ્રસન્નાર્થે કાલીયાણા
૧૦૧/- પટેલ ઘનશ્યામભાઈ ખોડીદાસ ચિ. પારૂલ એમ.એ. પાસ થઈ તે નિમિત્તે
૧૦૧/- પટેલ અમિત બાબુભાઈ નવું હિરો હોન્ડા લાવ્યા તે નિમિત્તે મરતોલી
૧૦૧/- મોરી રવિકુમાર સુખાભાઈ શ્રીજી પ્રસન્નાર્થે કાલીયાણા
૧૦૧/- પટેલ સુરેન્દ્રભાઈ વી. ચિ. રાહુલને એન્જી.માં એડમીશન નિમિત્તે રાયણીયા
૨૫૧/- સિંધવ કેશુભાઈ કાનાભાઈ ચિ. દિપકને પ્રમોશન મળ્યું તે નિમિત્તે બળોલ-ભાલ(હાંસોલ)
૨૫૧/- સિંધવ કેશુભાઈ કાનાભાઈ ચિ. ચિરાગને એમ.એડ.માં ફર્સ્ટ ક્લાસ નિમિત્તે બળોલ-ભાલ (હાંસોલ)
૧૧૦/- પટેલ મનસુખભાઈ ઉકાભાઈ ગુરુપૂર્ણિમા નિમિત્તે રતનપુર
૧૦૧/- પારેખ જસવંતભાઈ ચિ. જયદિપને ધો-૧૦ માં ૭૬ ટકા આવ્યા તે નિમિત્તે રામપુરા ભંકોડા
૧૧૧/- પારેખ વર્ષાબેન જસવંતભાઈ ચિ. પાયલ અને ચિ. મયુરીના લગ્ન નિમિત્તે રામપુરા ભંકોડા
૧૦૧/- પટેલ કૈલાસબેન સોમાભાઈ શ્રીજી પ્રસન્નાર્થે વિહાર
૧૦૧/- પટેલ રમેશભાઈ રામાભાઈ ગુરુ પૂર્ણિમા નિમિત્તે રતનપુર
૧૦૦/- પટેલ જગદીશભાઈ કેશાભાઈ નવો કૂવો કર્યો તે નિમિત્તે વક્તાપુર
૧૦૧/- પરમાર જયેન્દ્રસિંહ ચંદુભા નવું મકાન લીધું તે નિમિત્તે ઝાલાના મુવાડા
૧૦૧/- પરમાર દિગ્પાલસિંહ ચંદુભા અંબાજી કોલેજ ઈન્ટરવ્યુમાં પાસ થયા તે નિમિત્તે ઝાલના મુવાડા
૧૦૧/- પટેલ દિલીપકુમાર હરગોવનદાસ ગુરુ પૂર્ણિમા નિમિત્તે રતનપુર
૧૦૧/- પટેલ કનૈયાલાલ દેવજીભાઈ શ્રીજી પ્રસન્નાર્થે રતનપુર
૧૫૧/- ભાવસાર ઘનલક્ષ્મીબેન વિનોદભાઈ શ્રીજી પ્રસન્નાર્થે કલોલ
૧૦૦/- પરસોતમભાઈ વલ્લભભાઈ ગુરુપૂર્ણિમા નિમિત્તે સૂકાટીંબા
૧૦૧/- ટાંક સંદિપ મગનલાલ જન્મદિન નિમિત્તે અંબરનાથ
૧૦૧/- પટેલ ભગવાનભાઈ પરસોત્તમભાઈ શ્રીજી પ્રસન્નાર્થે ગોઠીબ
૧૦૧/- પટેલ ગોવિંદભાઈ કાનદાસ ચારધામયાત્રા નિમિત્તે વડુ
૨૦૧/- ટાંક બિપીનભાઈ મનસુખભાઈ ગુરુ પૂર્ણિમા પ્રસંગે કાંદીવલી
૧૦૦/- ચૌધરી ઉન્નત ચંદ્રેશકુમાર કે.જી.-૧ માં પ્રવેશ નિમિત્તે આકરૂંદ (બાયડ)
૧૦૦/- ચૌધરી વશિષ્ઠ ચિ. હરેશકુમારને બાલ મંદિરમાં પ્રવેશ નિમિત્તે બાયડ
૨૦૦/- પટેલ ઘનશ્યામભાઈ રાજુભાઈ ને ત્યાં હરિ અને કૃષ્ણના જન્મ નિમિત્તે આનંદપુરા
૧૦૫/- પટેલ રમણભાઈ ગોપાળદાસ શ્રીજી પ્રસન્નાર્થે આનંદપુરા
૧૦૧/- પટેલ ભાનુબેન તથા રેવાભાઈ નથુદાસ ચારધામયાત્રા નિમિત્તે વડુ
૧૦૧/- પટેલ રોનિકા જગદીશભાઈ ધો-૭ માં ૯૩ ટકા નિમિત્તે વડુ
૧૦૧/- પટેલ દીપ જગદીશભાઈ ધો-૫ માં પ્રથમનંબર નિમિત્તે વડુ
૧૦૧/- પટેલ સોહિલ ગીરીશભાઈ ધો-૬ માં પ્રથમનંબર નિમિત્તે ઝુલાસણ
૧૦૧/- પટેલ માસુમગીરીશભાઈ ધો-૨ માં પ્રથમનંબર નિમિત્તે ઝુલાસણ

૧૦૧/- પટેલ દિશાંતભાઈ જગદીશભાઈ શ્રીજી પ્રસન્નાર્થે નરોડા
૧૦૧/- પટેલ દેવ રાજેશકુમાર શ્રીજી પ્રસન્નાર્થે નરોડા
૧૫૧/- વાઘેલા યશપાલસિંહ તથા પૃથ્વીરાજસિંહ ગુરુ પૂર્ણિમા નિમિત્તે ગોધાવી
૧૦૧/- ટાંક મિનલ સુભાષભાઈ પાસ થયા તે નિમિત્તે મુંબઈ
૧૦૦/- સંજય ચિમનલાલ કા. પટેલ શ્રીજી પ્રસન્નાર્થે મલાડ-મુંબઈ
૧૦૧/- પટેલ નારણભાઈ છગનભાઈ શ્રીજી પ્રસન્નાર્થે ગોઠીબ
૧૦૧/- ભાવસાર રમેશચંદ્ર કાંતિલાલ નોકરીમાં બદલી થઈ તે નિમિત્તે ચાંદલોડીયા
૧૦૫/- પટેલ મીતાબેન રાજેન્દ્રકુમાર શ્રીજી પ્રસન્નાર્થે ધનસુરા
૧૦૧/- મીસ્ત્રી રમાકાંત મનહરલાલ લગ્ન નિર્વિઘ્ને પૂર્ણ થયા તે નિમિત્તે અમદાવાદ
૧૦૧/- અમીન કમલેશભાઈ નાનુભાઈ ચિ. કૃપેનને અમેરિકામાં મેનેજરની જોબ નિમિત્તે ચલોડા
૧૦૧/- ચાવડા વિજય ડાહ્યાભાઈ પુત્ર જન્મપ્રસંગે પૂના
૧૦૦/- એક હરિભક્ત બાબાને મેડીકલમાં એડમીશન મળ્યું તેનિમિત્તે મુંબઈ
૧૦૧/- પરમાર જીવરાજભાઈ અરજણભાઈ શ્રીજી પ્રસન્નાર્થે સુરત
૧૦૦/- ટાંક રીટાબેન મનોજભાઈ શ્રીજી પ્રસન્નાર્થે મીરા રોડ મુંબઈ
૧૦૧/- ટાંક ધરમશીભાઈ મનજીભાઈના સ્મરણાર્થે રોહીશાળા
૧૦૧/- પટેલ જયંતીભાઈ વાલજીભાઈ શ્રીજી પ્રસન્નાર્થે ગવાડા
૧૦૧/- પટેલ કમલેશકુમાર જયંતીભાઈ ચિ. ખુશ તથા હેતવી સારા ટકો પાસ થયા તે નિમિત્તે ગવાડા
૧૫૧/- ભાવસાર પ્રશાંત મનુભાઈ ગાડી લાવ્યા તે નિમિત્તે રાણીપ
૧૦૦/- ઠક્કર જીગર ઘનશ્યામભાઈ શ્રીજી પ્રસન્નાર્થે નાઈરોબી
૧૦૧/- સોની હિતેન્દ્રકુમાર ચિ. હાર્દિક ધો-૧૦ માં ૮૦ટકાએ પાસ થયા તે નિમિત્તે અમદાવાદ
૧૦૧/- સોરઠીયા હરેશભાઈ અરજણભાઈ ગાડી તરત પરત મળી તે નિમિત્તે અમદાવાદ
૧૦૦/- પટેલ ગૌરીબેન મગનભાઈ ઓસ્ટ્રેલીયાના વિઝા મળ્યા તે નિમિત્તે ભડાળા
૧૦૦/- શાહ ખુશાલીબેન કલ્પેશભાઈ ફીજીયોથેરેપીમાં ત્રીજા વર્ષમાં પાસ થયા તે નિમિત્તે અમદાવાદ
૧૦૧/- ભાવસાર અંજનાબેન લતેશકુમાર ધો-૧૦ માં ૯૦ટકા આવ્યા તે નિમિત્તે અમદાવાદ
૧૦૦/- ચૌહાણ બકુલાબેન વજેસિંહ પૌત્ર સારા ટકાએ પાસ થયો તે નિમિત્તે વસઈ
૧૦૦/- ભાવસાર પંકજભાઈ પ.પૂ. લાલજી મહારાજશ્રીના ૧૩ માં પ્રાક્યોત્સવ નિમિત્તે નવાવાડજ
૧૦૦/- બૂટિયા પ્રદિપકુમાર જી. પ.પૂ. લાલજી મહારાજશ્રીના ૧૩ માં પ્રાકટ્યોત્સવ નિમિત્તે કાલીયાણા
૧૦૧/- પટેલ મનીષકુમાર રમેશભાઈ નારણદાસ કેનેડાના વિઝા મળ્યા તે નિમિત્તે ડાંગરવા
૧૧૧/- મોદી દક્ષાબેન રાજેન્દ્રકુમાર શ્રીજી પ્રસન્નાર્થે અમદાવાદ
૨૫૧/- મોદી અશ્વિનકુમાર નટવરલાલ પૌત્રના જન્મદિન નિમિત્તે અમદાવાદ
૧૦૧/- પટેલ રૂદ્ર દિવ્યાંગકુમાર પુત્રના જન્મદિન નિમિત્તે મારૂસણા
૧૦૧/- પટેલ કલ્પેશભાઈ રમેશભાઈ નવું એકટીવા લાવ્યા તે નિમિત્તે નિકોલ
૧૦૧/- ઉપાધ્યાય કુમુદચંદ્ર જગન્નાથ વર્ષગાંઠ નિમિત્તે અમદાવાદ
૧૦૧/- પટેલ અશ્વિનભાઈ પાંચાભાઈ નવી ગાડી લાવ્યા તે નિમિત્તે અમદાવાદ

૧૫૧/- જોશી હેમંતકુમાર વાસુદેવભાઈ ચિ. પૂજાના પ્રથમ પગાર નિમિત્તે કોઠબાવાળા
૧૦૦/- પટેલ રમણલાલ ત્રિભોવનભાઈ નવું બાઈક લાવ્યા તે નિમિત્તે કડી
૫૦૧/- મેવાડા મોહિતભાઈ રમેશભાઈ શ્રીજી પ્રસન્નાર્થે બાપુનગર
૧૦૦/- પટેલ સુનીલ ચિનુભાઈ ચિ. પુત્ર વ્રજના જન્મ પ્રસંગે મોખાસણવાળા
૧૦૦/- પટેલ અનંતિકાબેન ચંદ્રેશકુમાર જન્મદિન નિમિત્તે આકરૂંદ બાયડ
૧૦૧/- પટેલ નરેન્દ્રકુમાર સોમાભાઈ ચિ. આકિલ એમ.બી.બી.એસ.માં એડમીશન નિમિત્તે સોજા
૫૦૧/- ભદ્રેશ અને અ.સૌ. યોગીતાના પુત્રો દેવ, દીપ અને દેવર્ષના જન્મદિન નિમિત્તે ખોખરા
૧૦૦/- પટેલ કમલેશભાઈ સતીષભાઈ ચિ. સ્વખ્નીલ બી.ફાર્મમાં પાસ થયો તે નિમિત્તે હાંસોલ
૧૦૧/- કાનાબાર રમેશભાઈ નરભેરામભાઈ શ્રીજી પ્રસન્નાર્થે ભાભર
૧૦૦/- પટેલ સોહાગ વિનુભાઈ શ્રીજી પ્રસન્નાર્થે ઓસ્ટ્રેલિયા (ગવાડા)
૧૦૦/- પટેલ નટવરલાલ ડાહ્યાલાલ ચિ. પારૂલબેનના લગ્ન પ્રસંગે વડુવાળા
૧૦૦/- પટેલ નિલેશભાઈ જે. પુત્ર જન્મપ્રસંગે ચાંદલોડીયા
૧૦૧/- પટેલ પરાગ રાવજીભાઈ નવું બાઈક લાવ્યા તે નિમિત્તે સાબરમતી
૧૦૧/- ભાવસાર દિવાન શ્રીજી પ્રસન્નાર્થે અમદાવાદ
૧૦૧/- પટેલ ધ્રુવેશકુમાર અશ્વિનભાઈ જન્મદિન નિમિત્તે વસ્ત્રાપુર
૧૦૦/- મોરી પથાભાઈ મલુભાઈ શ્રીજી પ્રસન્નાર્થે કાલીયાણા
૧૦૦/- મોરી પાર્થ અજીતભાઈ શ્રીજી પ્રસન્નાર્થે કાલીયાણા
૧૦૧/- ગૌરાંગભાઈ ને રૂદ્ર તરફથી જન્મદિન નિમિત્તે અમદાવાદ
૧૦૧/- પટેલ વ્રજકુમાર દિનેશભાઈ જન્મદિન નિમિત્તે આકરૂંદ
૧૦૧/- પટેલ ઉર્જાબેન દિનેશભાઈ જન્મદિન નિમિત્તે આકરૂંદ
૧૦૧/- પટેલ પ્રવિણભાઈ દયાળભાઈ ચિ. પુનિતભાઈને એન્જીનીયરની નોકરી મળી તે નિમિત્તે અસારવા
૩૦૧/- ગદાણી પ્રફુલ ભગવાનદાસ ચિ. ભૌમિકના તા. ૧૫-૮-૧૦ના લગ્ન પ્રસંગે જીવરાજપાર્ક
૨૦૦/- પટેલ નિલેશકુમાર વિષ્ણુભાઈ લગ્ન પ્રસંગે ડાંગરવા
૧૦૧/- પટેલ જયંતીભાઈ કાળુભાઈ બેબીને નર્સિંગમાં એડમીશન નિમિત્તે કાજળી
૧૫૧/- પટેલ વિનોદભાઈ મફતલાલ નવી ગાડી લાવ્યા તે નિમિત્તે ગાંધીનગર
૨૦૦/- પટેલ પ્રેમસુરેશભાઈ જન્મદિન નિમિત્તે વાવોલ
૨૦૦/- પટેલ વિશાલ સુરેશભાઈ આઠમી પુણ્યતિથિ નિમિત્તે વાવોલ
૪૦૦/- લીના રાજ શ્રીજી પ્રસન્નાર્થે કાંદીવલી-મુંબઈ
૧૫૧/- પટેલ મહેન્દ્રકુમાર જેઠાલાલ ચિ. રાકેશના લગ્ન પ્રસંગે રાણીપ
૧૫૧/- પંચાલ રાજેશભાઈ ખેમાભાઈ નવા કારખાના નિમિત્તે નરોડા
૧૦૧/- અમીન જતીનભાઈ ઠાકોરભાઈ નવી ગાડી લાવ્યા તે નિમિત્તે ચલોડા
૧૫૧/- પટેલ હર્ષદભાઈ ભલાભાઈ તેમના ધર્મપત્ની અ.સૌ. હંસાબેનના સ્મરણાર્થે દહેગામ
૧૦૦/- દરજી તરલીકાબેન મનોજકુમાર જન્મદિન નિમિત્તે નરોડા
૨૦૧/- પટેલ લાલજીભાઈ ભગવાનદાસ ચિ. રોનક કેનેડા ગયો તે નિમિત્તે
૧૦૦/- પરમાર પ્રણવસિંહ પ્રતાપભાઈ કું.ના ૩ વર્ષના વિઝા અને આઈ.ટી.એનાલીસ પ્રમોશન નિમિત્તે અમદાવાદ
૧૦૦૧/- પગી સજજનબેન બિજલભાઈ નોકરી મળી તે નિમિત્તે મેરાની મુવાડી
૨૦૧/- બિરલ અશોકભાઈ કેનેડાના વિઝા મળ્યા તે નિમિત્તે
૫૦૦/- પટેલ ચિંતનકુમાર ડાહ્યાભાઈ શ્રીજી પ્રસન્નાર્થે મણીયોર-બેંગ્લોર

અમદાવાદ મંદિરમાં શ્રી ઠાકોરજીને થાળ તથા સંત-વર્ણી પાર્ષદોને રસોઈ આપનારની યાદી

તિથિ	અષાઢ માસમાં રસોઈ આપનાર	ગામ
અષાઢ સુદ-૨	ઘનશ્યામટીમ્બર્સ (હ. પ.ભ. કરશનભાઈ) (ચુરમાના લાડુ)	અમદાવાદ
	પ.ભ. કાંતિભાઈ મોહનભાઈ પટેલ (ભાલજા મંડળ) (ચુરમાના લાડુ)	અમદાવાદ
અષાઢ સુદ-૮	અ.નિ. ભંડારી સ્વામી ધર્મજીવનદાસજી (હ. સ્વા. ધર્મસ્વરૂપદાસજી) (બુંદીના લાડુ)	
	અ.નિ.પ.ભ. બાબુભાઈ વાલુ (હ. ડૉ. વસંતભાઈ વાલુ, હ. બ્ર. રાજુ સ્વામી) (ચુરમાના લાડુ)	
	અ.નિ. સ્વામી ઘનશ્યામદાસજી (ગઢડા) (હ. પ.ભ. જગદીશભાઈ શાહ - સેમીટ્રોનિકસવાળા) (ચુરમાના લાડુ)	અમદાવાદ
અષાઢ સુદ-૯	પ.ભ. ભોળાભાઈ મગનદાસ પટેલ (મગસના લાડુ)	ઈટાદરા
અષાઢ સુદ-૧૨	અ.નિ.પ.ભ. કાનજીભાઈ મૂળજીભાઈ કેવડીયા (હ. દિનેશકુમાર તથા વિશ્વવલ્લભ સ્વામી ગઢડા) (મગસના લાડુ)	નાનાઝીંઝવાદર
અષાઢ સુદ-૧૩	પ.ભ. સોમાભાઈ રામાજી ચૌધરી (મગસના લાડુ)	બાલવા
	પ.ભ. ભરતભાઈ ગંગદાસભાઈ જાગાણી (મગસના લાડુ)	અમદાવાદ
અષાઢ વદ-૧	અ.નિ.પૂજારી સ્વામી કૃષ્ણજીવનદાસજી અથાણાવાળા (હ. વિષ્ણુ સ્વામી) (મોહન થાળ)	વડતાલ
	અ.નિ.પ.ભ. જશુભાઈ ઈશ્વરભાઈ પટેલ (કાજુબદામમૈસુબ)	ચલોડા
અષાઢ વદ-૨	પ.ભ. કિશોરભાઈ શીવાભાઈ પટેલ (ચુરમાના લાડુ)	
	અ.નિ. સદ્‌ગુરુ સ્વામી પતિતપાવનદાસજીની પુણ્ય સ્મૃતિમાં (ડ્રાયફ્રુટ હલવો) (હ. પ.ભ. લાલજીભાઈ કરસનભાઈ વેકરીયા - હ. સ્વામી લક્ષ્મીવલ્લભદાસજી)	
અષાઢ વદ-૩	પ.ભ. ધરમશીભાઈ મગનભાઈ શાહ (ચુરમાના લાડુ)	રોહીશાળા
અષાઢ વદ-૬	અ.નિ. પુરીબેન દલસુખદાસ (હ. પ.ભ. ઘનશ્યામભાઈ) (મોહનથાળ)	કરજીસણ
અષાઢ વદ-૮	અ.નિ.પા. હીરા ભગત (હ. નૌતમસ્વામી) (દૂધપાક પુરી માલપુવા)	વડતાલ

અક્ષરનિવાસી સંત-હરિભક્તોને ભાવભીની શ્રદ્ધાંજલિ

વડતાલધામ : શ્રી સ્વામિનારાયણ મંદિરના પાર્ષદ શ્રી હિરાભગત તા. ૧૩-૭-૨૦૧૦ના રોજ શ્રીહરિનું અખંડ સ્મરણ કરતા અક્ષરનિવાસી થયા છે.

અમદાવાદ : પ.ભ. ઝવેરભાઈ ભગવાનદાસ પટેલ (મેડા ખાખરીયાવાળા) શ્રીહરિના અનન્ય નિષ્ઠાવાન અને છેલ્લી અવસ્થા સુધી ભગવાનનું જ ભજન કરતા કરતા અષાઢ વદ-૧૨ તા. ૭-૮-૨૦૧૦ના રોજ શનિવારે અક્ષરનિવાસી થયા છે.

બળોલ-ભાલ (મૂળી દેશ) : પ.ભ. દાજીભાઈ કેહુભાઈ પરમાર તા. ૧૧-૮-૨૦૧૦ ના રોજ શ્રીહરિનું અખંડ સ્મરણ કરતા અક્ષરનિવાસી થયા છે.

ડેમાઈ (તા. બાયડ) : પ.ભ. વિરમભાઈ શામળભાઈ પટેલ તા. ૨૦-૬-૨૦૧૦ ના રોજ શ્રીજી મહારાજનું અખંડ સ્મરણ કરતા અક્ષરનિવાસી થયા છે.

દહેગામ: શ્રી સ્વામિનારાયણ મંદિર કાલુપુરના સ્ટોર કીપર શ્રી હર્ષદભાઈ ભલાભાઈ પટેલના ધર્મપત્ની અ.સૌ. હંસાબેન શ્રાવણ સુદ-૫ તા. ૧૪-૮-૨૦૧૦ને શનિવારના રોજ શ્રીજી મહારાજનું અખંડ સ્મરણ કરતા અક્ષરનિવાસી થયા છે.

ગરોડીયા (તા. સાણંદ) : પ.ભ. બળવંતસિંહ ધીરૂભા વાઘેલા તા. ૩૧-૭-૨૦૧૦ ના રોજ શ્રીજી મહારાજનું અખંડ સ્મરણ કરતા અક્ષરનિવાસી થયા છે. જેમના અક્ષરવાસથી ગામમાં એક નિષ્ઠાવાન સત્સંગીની ખોટ પડી છે.

મેતપુર (હાલ મુંબઈ) : દાનવીર નિષ્ઠાવાન પ.ભ. વસંતભાઈ મંગળદાસ મુખી તા. ૨૪-૫-૨૦૧૦ના રોજ શ્રીહરિનું અખંડ સ્મરણ કરતા અક્ષરનિવાસી થયા છે.

સંપાદક, મુદ્રક અને પ્રકાશક : મહંત શાસ્ત્રી સ્વામી હરિકૃષ્ણદાસજી દ્વારા શ્રી સ્વામિનારાયણ મંદિર કાલુપુર, અમદાવાદ માટે શ્રી સ્વામિનારાયણ પ્રિન્ટીંગ પ્રેસ, શ્રી સ્વામિનારાયણ મંદિર, કાલુપુર, અમદાવાદ. (ગુજરાત) પીન કોડ-૩૮૦૦૦૧ ખાતે છાપ્યું અને શ્રી સ્વામિનારાયણ મંદિર, કાલુપુર, અમદાવાદ (ગુજરાત) પીન કોડ-૩૮૦૦૦૧ વતી પ્રકાશિત કર્યું.




૧. લેસ્ટર યુ.કે. મંદિરમાં પાટોત્સવ પ્રસંગે અન્નકૂટ દર્શન. ૨. માણસા મંદિરમાં હિંડોળા દર્શન. ૩. જમીયતપુરા પ્રભા હનુમાનજી નૂતન મંદિરનું નિરીક્ષણ કરતાં પ.પૂ. આચાર્ય મહારાજશ્રી. ૪.કાંકરિયા મંદિરમાં પારાયણના યજમાનો પ.પૂ.આચાર્ય મહારાજશ્રીની આરતી ઉતારતા અને સભામાં આશીર્વાદ આપતાં પ.પૂ. લાલજી મહારાજશ્રી.
૫. ફ્લોરિડા મંદિરમાં વ્યાસપીઠ(વક્તા શ્રીજી સ્વામી)ની આરતી ઉતારતાં યજમાનશ્રીઓ અને સમૂહ મહાપૂજામાં લાભ લેતા હરિભક્તો.

Registered under RNI-GUJGUJ/2007/20221"Permitted to post at
Ahd PSO on 11th every month under postal REG. NO. GAMC.-003/9-11 issued SSP Ahd Valid
up to 31-12-2011 Licenced to Post without pre payment No. CPMG/GJ/01/07-08 valid up to 31/12/2011



અમેરિકાના આપણાશ્રી સ્વામિનારાયણ મંદિર ફલોરિડામાં ઠાકોરજીનો પાટોત્સવ અભિષેક કરતાં પ.પૂ.મોટા મહારાજશ્રી સાથે પૂ.બ્રહ્મચારીસ્વામી રાજેશ્વરાનંદજી



ફલોરિડા મંદિરમાં હોલનું ઉદ્‌ઘાટન કરતાં પ.પૂ.મોટા મહારાજશ્રી સાથે પૂ.શા.સ્વા.નારાયણવલ્લભદાસજી

ચાલો ઈડર ॥ શ્રી સ્વામિનારાયણો વિજયતેતરામ્ ॥ પધારો ઈડર

ઐતિહાસિક નગર ઈડરધામને આંગણે સર્વ પ્રથમ

શ્રી સ્વામિનારાયણ ભગવાનના સાતમાં વંશજ

શ્રી નરનારાયણદેવ પીઠાધિપતિ પ.પૂ.ધ.ધુ. ૧૦૦૮ આચાર્ય

શ્રી કોશલેન્દ્રપ્રસાદજી મહારાજશ્રીનો







તારીખ : ૧૭-૧૦-૨૦૧૦ રવિવાર (વિજયાદશમી)

આયોજક સ.ગુ. મંહત સ્વામી જગદીશપ્રસાદદાસજી તથા સાબરકાંઠા સત્સંગ સમાજ
શ્રી સ્વામિનારાયણ મંદિર ઈડર, દરબારગઢ પાસે, ફોન : (૦૨૭૭૮) ૨૫૦૩૬૪, મો. ૯૮૭૯૩૭૦૪૫૭

સ્થળ શ્રી સ્વામિનારાયણનગર, શ્રીજી બાયોસીડ્‌સ, જી.ઈ.બી.ની બાજુમાં, ઈડર, લાલોડા રોડ, જી. સાબરકાંઠા.

Museum Year
March 2010 - March 2011

ઈ.સ.૨૦૧૦-૧૧નું વર્ષ "મ્યુઝિયમ વર્ષ"

પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રી ૧૦૦૮શ્રી કોશલેન્દ્રપ્રસાદજી મહારાજશ્રીની આજ્ઞાથી માર્ચ ૨૦૧૧નું વર્ષ "મ્યુઝિયમ વર્ષ" તરીકે જાહેર કરવામાં આવે છે.

ઉદ્‌ઘાટન ૮મી માર્ચ ૨૦૧૧

સંવત ૨૦૬૭ ફાગણસુદ ગીજ શ્રી નરનારાયણ દેવનો પાટોત્સવ

www.swaminarayanmuseum.com/org

Praful Kharsani